વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૮

# યજુર્વેદ પરિચય

[ પુસ્તિકા : ૨ ]

26 JUN 1976

-5 NOV 1979

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

12578-63

(A.A.C) (GENERAL)
Comp. No 12578
Class No. 891.28 Cupb. No 9/2

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરા

891.20
14118

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૮

कविर्यज्ञस्य वितनोति पन्थाम् ।
કવિ યજ્ઞના માર્ગને વિસ્તૃત કરે છે.—તૈ. સં. ૩, ૫, ૫, ૬

ANAND ARTS COLLEGE LIBRARY 14118 ANAND
9-2
26 JUN 1976
-5 NOV 1979
12578-63

# યજુર્વેદ પરિચય

[પુસ્તિકા : ૨]

ANAND ARTS COLLEGE LIBRARY ANAND

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાતા હિન્દી

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Comp. No 12578 V (A.A.C)
Acc. No 12164 (GENERAL)
Class No. 891.28 Cupb. No 9//2
12578

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

પ્રકાશક :
ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
અમદાવાદ-૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ ૧૯૭૨

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો આઠમો

મૂલ્ય : રૂા. ૨-૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડયા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ-૧

ANAND ARTS COLLEGE LIBRARY

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્વજ્ઞાનનો પાયાનો ગ્રંથ એ વેદસંહિતા. વેદકાળમાં ઋષિઓએ જે અનુભવદર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી અને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. આ સંપત્તિ વિશેનો પ્રજાનો અહોભાવ ચાલુ રહ્યો પણ એના તત્વની મોજ માણવાનું શક્ય રહ્યું નહિ કારણ કે અનેક કારણોસર વેદનો પરિચય આમપ્રજામાં અને શિક્ષિતજનોમાંય ઘટતો ગયો. પ્રણાલિકાગત સંસ્કૃત શીખનારા શાસ્ત્રીઓએ મુખપાઠ ચાલુ રાખ્યો પણ આમપ્રજાને એની સમજમાં ઉતરે એ રીતે એનું દર્શન કરાવવાની તાકાત એ ગુમાવી બેઠા.

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપતિથી પરિચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે અને એટલે આમપ્રજાનું સત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ રુપિયા ૨૦,૦૦૦/-નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરુપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એના આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા લેખક તથા ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા જેવા પરામર્શક એમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

પહેલી ૭ પુસ્તિકાઓમાં ઋગ્વેદને આવરી લેવાયો છે. યજુર્વેદની પ્રથમ પુસ્તિકાને જગદ્‌ગુરુ પૂ. શંકરાચાર્યજીએ પ્રેમપૂર્વક આવકાર આપ્યો તે અમારે મન સૌભાગ્યની વાત છે. આ બીજી પુસ્તિકાનું આમુખ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી અને સાક્ષરવર્ય ઉમાશંકર જોષીએ લખી આપી છે; તે આનંદની વાત છે.

પૂ. મોટાએ આપેલી મૂડી ઋગ્વેદની પુસ્તિકાઓમાં ખરચાઈ ગઈ પણ પ્રભુકૃપાએ એ પુસ્તિકાઓના વિક્રયમાંથી જે રકમ આવી તેમાંથી યજુર્વેદનો પ્રારંભ શક્ય બન્યો છે. આ વેચાણમાં નડિયાદના સંતરામ મંદિરના પૂ. મહારાજશ્રીએ પાંચસો સેટ ખરીદી, ખેડા જિલ્લાની કેળવણીની સંસ્થાઓને ભેટ આપી વેદ પરિચયનો વિસ્તાર શક્ય બનાવ્યો તે બદલ એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને આશા રાખું છું કે અન્ય ધાર્મિક વિદ્વદ્વર્યો એવા જ ઉત્તેજનને પાત્ર અમને લેખશે.

સદ્‌વિચાર અને સદ્‌વિચાર પ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક હિસ્સો ખર્ચનાર ટાઈલ્સવાળા શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ) આ વેદ પરિચય પુસ્તિકાના પ્રચાર અર્થે રૂા. ૨૫૧)-બસો એકાવન પૂરાનું દાન આપ્યું છે તેની સાભાર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

આવી સદ્‌ભાગી શ્રેણીને વાચકગણનો પણ એવો જ ભાગ્યયુક્ત પ્રેમ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રાર્થના.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય—અમદાવાદ. ૬.

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No.
Computer Library Acc No. 12578

# દિવ્ય ઉન્માદનો દેવ

વેદનું સ્થાન માનવજાતિના જૂનામાં જૂના વાઙ્મય નમૂનાઓમાં છે. ભારતમાં યુગોથી વિકસેલાં ધર્મ અને સંસ્કૃતિના પાયામાં એ છે. પેઢાનપેઢી મૌખિક પરંપરાથી એની સારી પેઠે જાળવણી થઈ છે, તેમ છતાં એના અર્થો અને અર્થઘટનોમાં એકવાક્યતા મળતી નથી. આજની દૃષ્ટિને એમાંના કેટલાક અંશો ધાર્મિક મહત્ત્વના ન પણ લાગે, કેટલાક માનવજાતિએ બાલ્યાવસ્થામાં કરેલી પ્રાકૃતિક તત્ત્વોની સ્તુતિ જેવા લાગે, કેટલાક સાંસારિક માગણી કરતી પ્રાર્થનાઓ જેવા લાગે, તેમ છતાં કેટલાક અંશો એવા જરૂર છે જે એમાંની નરી કવિતાથી હૃદયમનને વશ કરે છે તો કેટલાક અંશો એવા પણ છે જે એમાંના આધ્યાત્મિક સંદર્ભથી ચેતનાને પ્રફુલ્લિત કરી દે. વેદના જે ઉત્તમ અંશો છે એ હંમેશાં તાજગીભર્યા લાગે છે અને સમગ્ર માનવકુળની મોંઘી સંપત છે. વેદમાં કવિત્વથી અને અધ્યાત્મથી ધબકતો શબ્દ સાંપડે છે.

આવા અંશોનું ચયન કરી, તેના શબ્દાર્થ પાશ્ચાત્ય મહાવિદ્વાનોએ કરેલા પરિશ્રમોનો લાભ લઈ સુરેખપણે રજૂ કરી, ભાષાન્તર સાથે આપવામાં આવે એ જરૂરી છે. આ સ્તુત્ય કાર્ય આપણા નવા વિદ્વાનોની રાહ જુએ છે. દરમ્યાન મારા મિત્ર શ્રી વિષ્ણુદેવ પંડિત, જેઓની વૈદિક સાહિત્યમાં અકુતોભય ગતિ છે, તેમના હાથે વેદપરિચયની પુસ્તિકાઓની શ્રેણી તૈયાર થતી આવે છે એથી વેદમાં રસ લેનારાઓ માટે એક મદદરૂપ કેડી અંકાતી આવે છે. વિષ્ણુદેવમાં કલ્પકશક્તિ પણ છે. શાસ્ત્રભાર ખંખેરી નાખી, વૈદિક સાહિત્યમાંથી રોચક અને દ્યોતક કોઇ ને કોઈ કથાતંતુ પકડી લઈ તેઓ નમૂનાઓ રજૂ કરે છે અને વાચકના માનસને શબ્દના ભાર નીચે દબાવા દેવાને બદલે વાતાવરણ જમાવીને વેદની ફોરમથી ભરી દે છે.

આ પુસ્તિકા ‘સૌમ્ય અધ્વર’—સોમયાગ અંગે છે.

વેદમાં દેવોની સ્તુતિઓ છે. સોમ એ પ્રેરણાનો—કહો કે દિવ્ય ઉન્માદનો દેવ છે. કોઇ છોડનો એ રસ હોય એમ લાગે છે. એના પ્રભાવ નીચે માણસ પોતાના ગજા કરતાં પણ કાંઇક વધુ સિદ્ધિ મેળવી બેસે છે, એનું ચિત્ત સમુદાર બને છે, દૃષ્ટિ વધુ સર્વગ્રાહી—ઊંડેરી બને છે. પણ પીણાના ઉપલક અર્થને બદલે દિવ્ય ઉન્માદક પ્રેરણાનો અર્થસંકેત એમાં ઉમેરાતો જાય છે. બધી વનસ્પતિ જીવે છે, પ્રફુલ્લિત રહે

છે રસાત્મક સોમથી. રાત્રિનો ચંદ્ર તે 'સોમ' છે. સમુદારચિત્ત, સર્વપ્રિય વ્યક્તિઓ 'સૌમ્ય' લેખાય છે. સૌમ્યતાની ખીલવણીની પ્રક્રિયા એ 'સૌમ્ય અધ્વર' સોમયજ્ઞ.

'आ इदम् अगन्म देवयजनम्'—આ આવી પહોંચ્યા આ પૃથ્વી પર, જે દેવયજન ગણાય છે.' આ પૃથ્વી પરનું જીવન એ યજ્ઞજીવન છે. સૌમ્યતાની ખિલવણીમાં પોતાની ઉપર જ મુસ્તાક રહેવાનું નથી, બીજાઓની સંસ્કાર-શ્રીનું પણ અવલંબન લેવાનું છે. વેદ કહે છે—अन्योन्यस्य श्रिया अतिष्ठमाना: (શ.બ્રા. ૩,૪,૨,૧)

પરસ્પરની શ્રીનો ટેકો ન લેનારા, એકમેકની સૌમ્ય વ્યક્તિતાની પ્રતિષ્ઠા ન કરનારા રેળાઈ જાય છે, રોળાઇ જાય છે.

સુયોગ્ય કાવ્યછંદ સોમને પકડી લાવી શકે છે એટલું જ નહીં, એથી એ સુપુષ્ટ—બલિષ્ઠ પણ બને છે. કથા છે કે કદ્રૂએ બહેન સુપર્ણીને સૌન્દર્યની હોડમાં હરાવી. એણે કહ્યું—જા, ત્રીજા દ્યુલોકમાં સોમ છે તેને લઈ આવ. પછી તું છુટ્ટી. સુપર્ણીએ પોતાનાં બાળકોને એ કામ સોંપ્યું. પહેલાં જગતી (છંદ) ગઇ. તે ફાવી નહીં, બલકે એના ચૌદ અક્ષરમાંથી બે ત્યાં રહી ગયા. પછી ત્રિષ્ટુભ્ ગઇ. તે પણ ન ફાવી. તેના તેરમાંથી બે અક્ષર ત્યાં રહી ગયા. તેઓ સાથે અનુક્રમે પશુઓ અને દીક્ષા, દક્ષિણા અને તપ, લઇ આવી એ લાભ એમને થયો. છેલ્લે ગાયત્રી ગઇ. તે સોમને લઈ આવી, અને સાથે જગતી-ત્રિષ્ટુભે ત્યાં ગુમાવેલા ચાર અક્ષરોને પણ લઈ આવી. પરિણામે ગાયત્રી ચાર અક્ષરની હતી તે આઠ અક્ષરની બની.

સોમની આવાહનની પ્રક્રિયામાં આ ત્રણ છંદમાં થયેલી કાયાપલટની કોઈક ખરેખરી ઘટના આ કથા પાછળ હોય કે ન હોય, એક વાત જરૂર સૂચવાય છે. છંદોને—કવિતાને સોમ જ્યાં હોય ત્યાંથી ઉપાડી લાવવાનો પુરુષાર્થ કર્યા વગર છૂટકો નથી.

જમાને જમાને સોમનાં—ઉન્માદક દ્રવ્યનાં સ્વરૂપ ભિન્ન ભિન્ન પણ હોય. જમાને જમાને સોમનો—દિવ્ય ઉન્માદક પ્રેરણાનો સંકેત જુદો જુદો પણ હોય. પણ 'સૌમ્ય અધ્વર' ના—સૌમ્યતાની ખીલવણીની પ્રક્રિયાના અધ્વર્યુ તો દરેકે બનવાનું રહેશે જ. વદતોવ્યાઘાત જેવું લાગે એવું છે, તેમ છતાં જોવાનું છે કે સૌમ્યતા એ દિવ્ય ઉન્માદનું વરદાન છે.

ઉમાશંકર જોશી
કુલપતિ

ગુજરાત યુનીવર્સિટી
અમદાવાદ : ૨૭-૮-૧૯૭૨

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No. ______
Computer Library Acc No. ______
12578

# પુરોવચન

સોમ નામની ઔષધિ આજે જોવાને મળતી નથી. જ્યારે સોમયાગ થતા હતા અને દેવોને પવમાન સોમ રસની આહુતિઓ અપાતી, ત્યારે પણ સોમ ઔષધિ દુર્લભ ગણાતી; તે તેના બાહ્ય સ્વરૂપને નહિ, પણ તેના દિવ્ય સ્વરૂપને ઉદ્દેશીને વેદોમાં જણાવ્યું છે.

વેદોનાં રહસ્ય ઉકેલનારા બ્રાહ્મણ ગ્રંથોમાં આ પ્રકારનાં વર્ણન આવે છેઃ સૃષ્ટિમાં જે સોમયાગ થયા કરે છે, તેની પ્રતિમા 'સૌમ્ય અધ્વર' છે. ગૃહસ્થ તે યજ્ઞ માટે દીક્ષા લે, તેણે સૌમ્ય–સોમરૂપ બનવું જોઈએ. આજે પણ શાન્ત સરળ પ્રકૃતિના ગૃહસ્થને સૌમ્ય કહીએ છીએ. આ શબ્દ ઉપનિષદોમાં વારંવાર વપરાય છે. સરળ સ્વભાવના જિજ્ઞાસુ શિષ્યને પ્રેમથી ગુરુજન 'સૌમ્ય' કહીને બોલાવે છે. સોમ શબ્દ અજાણ્યો છે. પણ સૌમ્ય શબ્દ આજેય પ્રચલિત છે. જે નેતા સૌમ્ય હોય, તે રાષ્ટ્ર અને સમાજનાં હિત સાધે; તેનાં સેવાનાં કાર્ય 'સૌમ્ય અધ્વર' ગણાય.

એ વ્યાપક અર્થમાં અહીં પાંચેક કથાનકોનાં આલેખન કરવામાં આવ્યાં છે. કેટલીક પ્રાચીન પરિભાષાઓ અને સોમયાગની પ્રક્રિયાઓ રજૂ થઈ છે, જે સામાન્ય વાચકને અઘરી લાગે; પરંતુ મૂળ સંહિતાઓ અને બ્રાહ્મણગ્રંથોને સમજવામાં તે ઉપયોગી થાય, તે હેતુ સાચવવામાં આવ્યો છે. એ રીતે યજુર્વેદની આ બીજી પુસ્તિકામાં વિષય નિરૂપણ અપરિચિત લાગે, પણ એ વિષયની મર્યાદામાં આવી જાય છે.

ડાહ્યાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ,
**અમદાવાદ–૨૨**

**વિષ્ણુદેવ પંડિત**
શ્રાવણી પૂર્ણિમા, સંસ્કૃત દિન સં. ૨૦૨૮

# અનુક્રમ

**સૌમ્ય અધ્વર –**


| | |
|---|---|
| **(૧) નવું ઘર** | **૭–૧૭** |
| **(૨) અતિથિનાં આગમન** | **૧૮–૨૬** |
| **(૩) સહકાર અને સત્કાર** | **૨૭–૩૫** |
| **(૪) મુખ્ય દિવસ** | **૩૬–૫૧** |
| **(૫) નિત્ય સવન** | **૫૨–૬૩** |
| **પરિશિષ્ટ ૧–૨** | **૬૪–૭૬** |

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No
Computer Library Acc No 12578

# ૧
# નવું ઘર

૧ 'આ આવી પહોંચ્યા હવે તો આ ભૂમિ પર, અહીં જ ધામા નાખવાના છે. દેવ બનીને દેવને પૂજવાના છે, માટે આ ભૂમિ દેવયજન ગણાય છે.

'હાશ, યાત્રા પુરી થઈ.'

'કેમ સોમદેવ, થાકી ગયા કે શું ?'

'નારે, આપ અધ્વરને જોડનાર અધ્વર્યુ. અધ્વર તો દેવયજન. આટલા લાંબા અધ્વા–માર્ગની યાત્રા કરી અહીં સુધી આવી પહોંચ્યા. હવે આગળ તો જવાનું નથી ને ?'

ધનસાધન મેળવીને જીવનની યાત્રા શરૂ કરી, સાંજે ને સવારે જાગતા રહ્યા, અગ્નિ અને સૂર્યનાં પૂજન કર્યાં. દર માસના પક્ષે પક્ષે ઈષ્ટિ કરી, ઈચ્છા પ્રમાણે જીવનને સફળ બનાવ્યું. હવે તો વર્ષની સાધના માટે બેસવાનું; તનના અને મનના સંયમ સાધવાના.

સાચી વાત છે. મારા પુરોહિત ઋષિની વાણીનાં દર્શન કરતાં જણાવતા હતા :

૨ 'માસે માસે પૂર્ણિમા અને અમાસની ઇષ્ટિ કરો, એ તો દેવોનો રથ ગણાય. જે દર્શ (અમાસ) પૂર્ણમાસની ઇષ્ટિ કરી, સોમથી યજન કરે; એ તો દેવોને ગમતા સ્થાનને મેળવીને આરામથી બેસી જાય છે. સાચેજ માસે માસે કરાતી ઈષ્ટિઓ તો વર્ષને જોડનાર સંધિનાં સ્થાન; અંગ અને ઉપાંગ માની લો ને. આ રહસ્યને જે જાણે છે, તે વર્ષનાં અંગોને જોડે છે. માસે માસે

---

૧. વા. સં. ૪, ૧ તૈ. સં. ૧, ૨, ૩, ૧૧ મૈ. સં. ૨, ૪, ૨૧  ૨. તૈ. સં. ૨, ૫, ૬

કરાતી દર્શ–પૂર્ણમાસની ઈષ્ટિઓ તો વર્ષની દૃષ્ટિ છે, જેથી દેવોનાં સ્થાન–સુવગ લોકનાં દર્શન થાય છે. સાચેજ આ ઇષ્ટિઓ તો ક્રાન્તિનાં પગલાં છે; જે દિવ્ય સ્થાન મેળવી આપે છે. આ દેવયાનનો માર્ગ છે. માસે માસે ઇષ્ટિઓ થાય છે, એ તો દેવોના બે હરિ–ઘોડાની જેમ આગળ ગતિ કરાવે છે.

'સાચે જ, જે દર્શપૂર્ણમાસની ઈષ્ટિઓ કરે છે, એ તો દેવોનાં હવિ–ભેટ પુજા ધારણ કરે છે. આને કારણે તો યજમાન સાંજે ને સવારે અગ્નિહોત્ર કરે છે. માસે માસે ઈષ્ટિઓ કરે છે; તે તો વર્ષના સોમયાગ કરવાનો અધિકારી બને છે.'

સાચું છે; સાંજે ને સવારે અગ્નિહોત્ર કરો; એ તો જીવનની શરુઆત, માસે માસે ઇષ્ટિઓ કરો; એ તો પ્રગતિ; પરંતુ માનવે તો ક્રાંતિ કરવાની છે. કાયાને પલટવાની છે, નવું ઘર વસાવવાનું છે. સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાની છે. અગ્નિ અને સૂર્ય માનવને ઉષ્મા–ગરમી આપે છે; જે જીવનને રોજના ઉપયોગમાં આવે છે. માસે માસે ઈષ્ટિઓ કરો, તેનો દેવ ઇન્દ્ર, એ વીર્ય અને સામર્થ્યનો દેવ. તેના વિના પ્રગતિ સધાયજ નહિ. દરેક માનવની પ્રગતિમાં ઉષ્મા અને વીર્ય જરૂરી છે, પણ તેનું કેન્દ્ર વ્યક્તિ પુરતું મર્યાદિત છે. બધાં જ પ્રાણીઓ ઉષ્મા અને વીર્ય મેળવીને જીવન ગાળી રહ્યાં છે. માનવે તેથી આગળ વધવાનું છે, માટે તેણે ક્રાન્તિ કરવાની છે. તેણે સોમનાં યજન કરવાનાં છે. સોમ શાન્તિનો દેવ છે. સોમનાં પૂજન કરવા માનવે સોમ બનવું પડે છે. જે માનવ સૌમ્ય બને, તે સમાજને ગમે, જે સૌમ્ય હોય; તેજ રાષ્ટ્રની સેવા કરી શકે છે.

સોમદેવ, તમે સૂર્ય અને અગ્નિને પૂજ્યા ને તમારી જીવન યાત્રા શરુ થઈ, તમે માસે માસે ઇષ્ટિઓ કરી ને તમારો દેવરથ આગળ વધતો રહ્યો. હવે તમે આ દેવયજન પાસે આવી પહોંચ્યા. તમારે અહીં બેસવાનું છે; તેથી તમારી પ્રવૃત્તિ અટકવાની નથી. સમુદ્ર શાન્ત ગંભીર છે, પણ તેની અંદર મોટી ક્રાંતિ થઈ રહી છે. હિમાલય એક ઠેકાણે સ્થિર છે, પણ ત્યાં ઘણાં ઘણાં પરિવર્તન થઈ રહ્યાં છે. એ બંને સૌમ્ય છે, સ્થિર છે. છતાં બંને ગતિશીલ છે.

જે માનવ સોમને પૂજવા ઇચ્છે, તે સૌમ્ય બને. તેની બહારની પ્રવૃત્તિ અટકી જાય છે, પણ મનની વૃત્તિઓ શમાવવા તેને પ્રયત્ન કરવો પડે છે. આ પરિવર્તન માટે તમે તૈયાર છો ને?

અધ્વર્યુ મહારાજ, આપની દોરવણી પ્રમાણે ચાલવા યત્ન કરૂં છું. આપ સોમનાં પૂજન કરવાને રચેલા સૌમ્ય અધ્વરના અનુભવી છો. 'હાં, મારે સોમયાગ કરવો છે,' એ સંકલ્પ કરીને આ દૂતને મેં મોકલી આપ્યો, માટે તેને સોમ પ્રવાક

નામ આપ્યું. તેણે ઋત્વિજોને ઘેર જઇ, મારા તરફથી સોમયાગનાં આમંત્રણ આપ્યાં; તે રીતે મારે આંગણે તમો બધા આવી પહોંચ્યા.

હું ગૃહસ્થ કુટુંબીજન છું. મારા ગૃહપતિ અગ્નિ; જેનાં સાંજ–સવારે, માસે માસે હું પૂજન કરું; તેમની મારે આજ્ઞા લેવાની. તે તો ઘરના દેવ, તેમને સાથે લેવાય નહિ; તેમણે બે અરણિનાં લાકડાં તપાવીને આપ્યાં. સોળ ઋત્વિજોની સાથે મેં ઘરનાં આંગણાં છોડયાં અને ગામની બહાર આ શાંત પ્રદેશમાં આવી પહોંચ્યા, એટલે હાશ તો થાય ને?

તમારી વાત સાચી છે. હોમ અને ઇષ્ટિનાં કાર્ય તો તમે એકલા કરતા હતા. હવે તમારાં કાર્યમાં અમારા સાથ સહકાર મળશે. જુઓને, આપણે દેવયજન ભૂમિ શોધી કાઢી. સૌથી પહેલાં અહીં અગ્નિશાળા બનાવવી છે. તમે જે અરણિ લાવ્યા છો, તે ઘસીને અગ્નિ સળગાવવાનો છે; એમાં રોજે રોજના હોમ તો થશે. સાથે કેટલીક ઇષ્ટિઓ પણ કરવાની છે. એ સાથે તમારે દીક્ષા લેવાની; એમ માનો ને કે અગ્નિ માટે નવી શાળા બનાવીએ, એ રીતે તમારા દેહને પણ ઘડવાનો અને તેને નવો બનાવવાનો છે. આમ નવું ઘર બનાવવાનો આ એક પ્રયોગ છે.

'અધ્વર્યુ મહારાજ, અગ્નિશાળાની રચના શી રીતે થાય?'

'એ વિષે બ્રહ્મવાદી જણાવે છે:

[1] 'આ લોકો દેવયજન માટે ભૂમિ પસંદ કરે છે. તેમણે એવો પ્રદેશ જોવો જોઈએ, જે ઊંચો હોય; આજુબાજુમાં તેથી બીજો પ્રદેશ ઊંચો ન હોય. એ ઊંચો પ્રદેશ શોધવાનું કારણ એ છે કે, ત્યાંથી દેવો દ્યુલોકમાં ચઢી જઇ શકે. હવે જે યજમાન દીક્ષા લે છે, તે સાચેજ દેવોની સાથે ઉંચે ચઢે છે.

'એ પ્રદેશ ઊંચો હોય; તે સાથે સમતલ પણ હોય. ભૂમિ કઠણ હોય અને તેનો ઢોળાવ પૂર્વ તરફ હોય; કારણ કે પૂર્વની દિશા દેવોની ગણાય છે; અથવા તો ઉત્તર તરફ હોય, જે દિશા માનવોની ગણાય છે, દક્ષિણ તરફનો પ્રદેશ જરાક ઊંચો હોવો જોઈએ, કારણ કે એ દિશા પિતરોની ગણાય છે. એ તરફ પ્રદેશ ઊંચો હોય, તો યજમાન લાંબુ જીવે છે.

'દેવયજનનું માપ પૂર્વ તરફ વધવું ન જોઇએ, તેથી તો શત્રુને લાભ થાય. હાં, દક્ષિણે કે ઉત્તરે વધે, તો સારુ, પશ્ચિમે વધે, તો પણ સારું, કારણ કે દેવનાં યજન ઉત્તરે હોય; તે ઊંચાં ગણાય.

આ વિષે યાજ્ઞવલ્કય વિચારણા કરે છે: વાષ્ણર્ય નામના યજમાનને દેવયજન કરવાં છે. ચાલો, તેને માટે આપણે ભૂમિ પસંદ કરીએ.' તેના ઉત્તરમાં સાત્યયજ્ઞે જણાવ્યું: આખીય આ પૃથ્વી દિવ્ય સ્થાન છે; અર્થાત્ દેવયજન માટે સારી ગણાય.

---

૧. શ. બ્રા. ૩, ૧, ૧

સાચે જ, અધ્વર્યુ વગેરે ઋત્વિજો તો દેવયજનને લાયક ભૂમિ બનાવે છે. સાચે જ, જે ઋત્વિજો બ્રહ્મવાદી છે, વેદની ઋચાઓના જાણકાર વિદ્વાનો છે, તે લોકો જ્યાં યજન કરે, ત્યાં નિષ્ફળતા ન હોય; તે સ્થાન યોગ્ય ગણાય.

એ અગ્નિશાળા લાંબી, ચતુરસ્ર અને સરખા પરિમાણની બને; જેનો મુખ્ય વાંસ પૂર્વથી પશ્ચિમ તરફ હોય. તેને કારણે તો શાળાને પ્રાચીનવંશ કહે છે. પૂર્વ દિશા દેવોની છે અને તે પશ્ચિમ તરફના માનવોને મળવા આવે છે. તે કારણે તો માનવ પૂર્વ તરફ મુખ રાખીને તેમજ ઉભા રહીને આહુતિ આપે છે.

આને કારણે માનવ પશ્ચિમ તરફ માથું રાખીને સુવે નહિ; કારણ કે તેથી તો પૂર્વ દિશામાં રહેલા દેવો તરફ પગ આવે. દક્ષિણ દિશા પિતરોની છે, પશ્ચિમ સર્પોની અને ઉત્તર દિશા માનવોની છે.

એ શાળાને ચારે બાજુથી ઢાંકી દે. નહિ તો યજમાન પર વરસાદના છાંટા પડે, તે બરાબર નહિ. જેણે દીક્ષા લીધી છે, તે તો દેવોમાંનો એક ગણાય છે. દેવોની પાસે રહે છે.

આજ રચનાને ઋષિની વાણીમાં રજૂ કરી છે:

૧ 'તે પ્રાચીન વંશ (અગ્નિશાળા)ની રચના કરે છે. દેવોએ અને મનુષ્યોએ દિશાઓ વહેંચી લીધી: દેવોને ભાગે પૂર્વ, પિતરોને દક્ષિણ, માનવોને પશ્ચિમ અને રુદ્રગણને ઉત્તર દિશા ભાગમાં આવી. જેનો મુખ્યવંશ (મોભ) પૂર્વથી પશ્ચિમ તરફ રહેલ છે, એ પ્રાચીન વંશની રચના કરે છે, તેથી યજમાન દેવલોકને મેળવે છે.

તે અગ્નિશાળાને ઢાંકી દે છે; તેનું કારણ આ છે. મનુષ્ય લોકની નજરથી તો દેવલોક ઢંકાએલ છે. આને કારણે બ્રહ્મવાદીઓ કહે છે: 'આ લોકથી બહાર જવું, એ સહેલું નથી. આ લોકથી નીકળીને તે પરલોક ગયો કે નહિ, તેને તો કોણ જાણે'?

સોળ ઋત્વિજોની સાથે યજમાન અગ્નિશાળા પાસે આવી પહોંચે છે. ઘરના અગ્નિથી તપાએલ બે અરણિ–લાકડીઓને ઘસીને, તે નવી શાળામાં અગ્નિની સ્થાપના કરવાની છે. ઘરનો અગ્નિ અને આ નવો પ્રગટાવેલ અગ્નિ એક જ ગણાય છે, તે ગાર્હપત્ય અગ્નિ છે. અગ્નિ શાળા પાસે જઈને યજમાન હાથમાં અરણિ લઈને ઉભો રહે છે અને અધ્વર્યુ મંત્ર ભણે છે:

૨ 'પૃથ્વી પર રહેલ આ દેવયજન પાસે આપણે આવી પહોંચ્યા. અહીં સઘળા દેવો રાજી થઈને રહેલા છે. સોમયાગ તો સમુદ્રની જેમ ગંભીર છે, તે તરવા માટે તો ઋચાઓ, સામનાં ગાન અને યજુઓના મંત્રો કામ આવે. અમે ધનનાં પોષણ મેળવી; ઈચ્છા પ્રમાણેનાં અન્ન મેળવી આનંદ કરીએ'

૧. તૈ. સં. ૬, ૧, ૧

આ મંત્રની વ્યાખ્યા બ્રહ્મવાદી કરે છે:

[1] 'સૌથી પહેલાં તો, હાથમાં બે અરણિઓ લઈને, યજમાન અગ્નિશાળાનો નિર્ણય કરે છે. જમણી બાજુએ રહેલ મુખ્ય થાંભલાનો આધાર લઈ, તે ઉભો રહે છે અને યજુનો મંત્ર ભણે છે: જ્યાં બધા દેવો પ્રસન્ન છે; તે આ દેવયજન પાસે આવી પહોંચ્યા. આ મંત્ર ભણવાથી એ સ્થાન વિશ્વેદેવોથી સેવેલું ગણાય છે; તે ઉપરાંત જે ઋત્વિજ બ્રાહ્મણો વિદ્વાન છે, વેદપાઠ ભણવામાં કુશળ છે; તેઓ યજમાનને પોતાની અમીભરી નજરથી નીહાળે છે; તે તેમની સંમતિ સૂચવે છે.

'ઋચા, સામ અને યજુઓથી તરી જઈએ' એ કથનથી યજમાન સોમ-યાગની સમાપ્તિ સુધી પહોંચી જાય છે; અર્થાત્ તે સમાપ્તિ સુધી પહોંચવાની સંમતિ લે છે.

'ધનથી પોષણ અને અન્નથી આનંદ કરીએ:' અર્થાત્ ધન સાધનનો વધારો; એ તો સાક્ષાત્ લક્ષ્મીનો લાભ અને અન્નની પૂર્ણતા મેળવે છે, તેને લોકો કહે છે: તેણે ઇચ્છા પ્રમાણે આનંદ મેળવી લીધો છે.'

ગાર્હપત્ય અગ્નિની સ્થાપના થયા બાદ યજમાને દીક્ષા લેવાની છે. તેણે સોમ-યાગ માટે સૌમ્ય બનવાનું છે. તે સેવાની ઇચ્છા કરે છે, તેને માટે તે દક્ષ—કુશળ બને છે; તે પોતાની જાતનું પરિવર્તન કરે છે. તેણે અગ્નિ માટે નવું ઘર કર્યું; એજ રીતે તેણે કાયાને બદલી નવો દેહ ધારણ કરવાનો છે. જ્ઞાનરૂપી અગ્નિનો નિવાસ તો ઘડાએલા દેહની અંદર થાય; એ માટેના સંસ્કારનું નામ દીક્ષા છે.

હવે યજમાન હજામત કરાવી સ્નાન કરે છે. કપડાં નવાં પહેરી દર્ભ પર ઉભા રહી માખણ ચોળે, આંખમાં કાજળ આંજે, દર્ભવડે શરીર ઘસે, આંગળાં વાળી, મૂઠી વાળી અગ્નિશાળામાં પ્રવેશ કરે. દીક્ષા લીધી, તે માટે તેણે પહેલી દીક્ષણીયા ઈષ્ટિ કરવાની છે. આ યાગ કરી લીધા પછી યજમાન કાળું મૃગચર્મ પાથરી, તે પર બેસે છે. દર્ભ અને શણની બનાવેલી મેખલા પહેરે, માથા પર પાઘડી મૂકે. કેડે બાંધેલા કપડામાં હરણનું શીંગડું રાખે, હાથમાં ઉમરડાનો દંડ લે. યજમાનની પત્નીએ પણ આ રીતે દીક્ષા લેવાની છે, તે માથા પર પાઘડીને બદલે માંડ મુકે છે.

આ દીક્ષાથી યજમાનનો નવો જન્મ થાય છે. અગ્નિશાળા તે તો માતા છે, ત્યાં તે ગર્ભરૂપે રહે છે. યજ્ઞ પૂરો થતાં નવો જન્મ મળે છે; તેને નવજીવન મળે છે, તે પૂર્ણ બનીને રાષ્ટ્રની સેવા કરવા તૈયાર થાય છે.

[2] એક એક ક્રિયાની સાથે અધ્વર્યુ વગેરે ઋત્વિજો મંત્રો ભણે છે. એથી ક્રિયામાં તેજ આવે છે, દિવ્ય ભાવ જાગે છે. તે રહસ્ય બ્રહ્મવાદીઓ જણાવે છે:

---

૧. શ. બ્રા. ૩, ૧, ૧
૨. વા. સં. ૪, તૈ. સં. ૧, ૨, ૨, કા. સં. ૨, ૨, ૫ મૈ. સં. ૧, ૨, ૨, ૧૧

[1] 'તે યજમાન કેશ અને દાઢીમૂછ મુંડાવે છે. આંગળીઓના નખ કાપે છે. તેનું કારણ આ છે: કેશ નખ વગેરે તો મરેલાં છે, એટલે તે અમેધ્ય–અપવિત્ર ગણાય; તેને દૂર કરી યજમાન યજ્ઞને યોગ્ય બની મેધ–પવિત્રતા મેળવે છે.

'વસ્ત્રની રેશમી કોરના દેવ અગ્નિ છે, પાલવની લહરના દેવ વાયુ, ગાંઠના દેવ પિતરો છે. દંડથી ગડી વાળી પ્રહાર કરવો, તેના દેવ ઓષધિઓ, તંતુને લાંબા કરી વણવા, તે પ્રાચીનતાનના દેવ આદિત્યો, તાણાવાણાના દેવ વિશ્વેદેવો, છિદ્રોના દેવ નક્ષત્રો છે. આમ વસ્ત્રની સાથે બધા દેવોનો સંબંધ છે. વસ્ત્ર દ્વારા તે દીક્ષા લે છે, તેનો અર્થ જ એ છે કે, એ બધા દેવોને માટે દીક્ષા લે છે.'

તે યજમાન પોતાના શરીરે નવનીત–માખણ કે ઘી લગાડે છે; તેનું રહસ્ય આ છે:

'દહીં વલોવી માખણ તૈયાર કરો; તેની ત્રણ દશા છે. તેમાં ઘી તે દેવોને, મઠો તે પિતરોને, પકાવેલું માખણ તે મનુષ્યોને કામ આવે છે. નવનીત માખણ તો બધા દેવોના કામમાં આવે છે. આમ તે શરીરે માખણ લગાડે; તો તે બધાજ દેવોને ખુશ કરે છે. જેણે દીક્ષા લીધી છે, તે આ લોકથી તો છૂટી ગયો; પણ દેવલોક સુધી પહોંચ્યો નથી. હવે માખણ તો વચલી દશા ગણાય; કારણ કે પહેલાં દહીંનો મઠો અને પછી ઘી, એટલે તે માખણ શરીરે લગાડે છે.

હવે તે દર્ભની સળીઓથી જલ છાંટી, શરીરને પવિત્ર કરે છે; તેનું રહસ્ય આ છે:

'પહેલાં ઈંદ્રે વૃત્રને માર્યો; તેનું શરીર પાણી પર વહેવા લાગ્યું; તે વખતે જે પાણીને તે શરીર અડક્યું ન હતું, તે પાણી બહાર વહી ગયાં; તેના સીંચાવાથી કીનારા પર દર્ભ નામનું ઘાસ થયું. આ પાણી મેધ્ય, યજ્ઞિય અને દૈવતવાળું હતું; તેથી દર્ભ પણ મેધ્ય, યજ્ઞિય અને દૈવતવાળા થયા. તે યજમાન એ દર્ભ લઈ, પાણી છાંટે છે, કારણ કે દિવસ અને રાત બે છે. ત્રણથી પવિત્ર કરે છે; લોક ત્રણ છે. પાંચથી પવિત્ર કરે છે, પંક્તિ છંદમાં પાંચ પદ છે. છથી પવિત્ર કરે છે, ઋતુઓ છ હોય છે. સાતથી પવિત્ર કરે છે, પુરુષમાં નવ પ્રાણ છે. એકવીસથી પવિત્ર કરે છે, દશ હાથની અને દશ પગની આંગળીઓ છે. પુરુષ પોતે એકવીસમો છે. આમ તે યજમાન પુરુષને પુરી રીતે પવિત્ર કરે છે.'

[2] અહીં સંખ્યાની ગણના સાથે પુરુષનાં સાધનોની સરખામણી કરી છે. આ તુલના કરતાં, ઋષિઓ અને બ્રહ્મવાદીઓ જુદાં જુદાં મંતવ્યો ધરાવે છે, તાત્પર્ય એકજ છે. અહીં શુદ્ધ કરનાર દર્ભને 'પવિત્ર' નામ આપ્યું છે. મંત્રનો ભાવ આ પ્રમાણે છે:

---

૧. તૈ. સં. ૬, ૧, ૧.

૨. કા. સં. ૨, ૧, ૪, મૈ. સં. ૧, ૨, ૧, ૮–૯; શ. બ્રા. ૩, ૧, ૩, ૧૯

૧ 'મારા વિચારોના પતિ ચિત્પતિ છે, તે મને પવિત્ર કરો. વાણીના પતિ વાક્‌પતિ મને પવિત્ર કરો. છિદ્ર રહિત પવિત્રતાથી અને સૂર્યનાં કિરણોથી, સવિતા દેવ મને શુદ્ધ કરો. હે પવિત્રપતિ, તમારા પવિત્રથી શુદ્ધ થએલ મારા આ સોમ-યાગમાં જે જે કામના સેવું, તે કરવાની શક્તિ આપો.'

અધ્વર્યુ વગેરે ઋત્વિજોની સાથે યજમાન ગાર્હપત્ય અગ્નિની પાસે જઈને, યજ્ઞમાં વસેલા દેવોની સ્તુતિ કરે છે. પોતાના હાથની આંગળીઓ બીડીને, મુઠ્ઠી વાળી વાણીનો સંયમ રાખી; તેણે બધાં કાર્યો કરવાનાં છે.

૨ 'હે દેવો, અમે અધ્વર–સોમયાગની શરુઆત કરીએ છીએ; ત્યારે આપની પાસેથી અમે યજ્ઞના ઉત્તમ ફળની આશા રાખીએ છીએ. અમને આ યજ્ઞની સાથે સંબંધ ધરાવતાં શુભાશિષ મળે, એ માટે આપને બોલાવીએ છીએ.'

'મારા મનની સાથે આ યજ્ઞને સ્વાહા, વિશાળ અંતરિક્ષથી સ્વાહા, આકાશ અને પૃથ્વીથી સ્વાહા, વાયુથી સ્વાહા, આ વાયુની ગતિથી અમે યજ્ઞ શરુ કરીએ છીએ.' યજમાન મંત્ર ભણીને હાથની આંગળીઓ વાળે છે; તેનું તાત્પર્ય બ્રહ્મવાદી જણાવે છે:

૩ 'પહેલાં બે આંગળીઓ વાળે છે, પછી બે મુઠીઓ વાળે છે. તેનું તાત્પર્ય આ છે: હાથમાં દંડો હોય કે વસ્ત્ર હોય; તે તો બધાને દેખાય; પણ હાથમાં યજ્ઞ આવ્યો છે; યજ્ઞનો પ્રારંભ કર્યો છે, તે તો દેખાય નહિ. જેમ દેવો નજરોનજર દેખાતા નથી; એમજ યજ્ઞ નજરોનજર દેખાતો નથી. તે પોતાના મનથી યજ્ઞને ગ્રહણ કરે છે; અંતરિક્ષ, પૃથ્વી અને આકાશ એટલે કે સઘળા વિશ્વમાંથી તે યજ્ઞને લઇ, શરુઆત કરે છે. વાયુ તો યજ્ઞનું પ્રત્યક્ષ રૂપ છે, તેથી તે વાયુદ્વારા શરુઆત કરે છે. તે 'સ્વાહા સ્વાહા' બોલે છે. યજ્ઞ તો સ્વાહાનું રૂપ છે. તેથી તે યજ્ઞને પોતીકો બનાવે છે, સ્વાધીન કરે છે.

હવે તે યજમાન અગ્નિશાળામાં પ્રવેશ કરે છે. અંદર પ્રવેશ કરતી વખતે આહવનીય અગ્નિની પાછળ થઈ, ગાર્હપત્યની આગળ ચાલે છે. સોમરસ તૈયાર કરવાનો મુખ્ય (પાંચમો) દિવસ આવે, ત્યાં સુધી તેણે આ માર્ગે આવવાનું છે. તેનું તાત્પર્ય આ છે: અગ્નિ એ તો યજ્ઞની યોનિ છે અને જેણે દીક્ષા લીધી છે, તે યજમાન તો યજ્ઞનો ગર્ભ છે. માતાના ઉદરમાં દર્ભ સંચાર કરે, એ રીતે અગ્નિની વચમાં યજમાન સંચાર કરે છે.

---

૧. વા. સં. ૪, ૫; તૈ. સં. ૧, ૨, ૧

૨. વા. સં. ૪, ૬, તૈ. સં. ૧, ૨, ૨. ૩, કા. સં. ૨, ૪, ૧૩; મૈ. સં. ૧, ૩, ૨૩

૩. શ. બ્રા. ૩, ૧, ૩

[1] અગ્નિમાં આહુતિ આપે; તે દીક્ષાની શરુઆત છે; એ રીતે પહેલાં ઘીની પાંચ આહુતિઓ આપવાની છે; તેના પાંચ મંત્રો છે. અગ્નિ મુખ્ય દેવ છે; તેની સાથે મનનો યોગ કરવાનો છે. મનનો સંકલ્પ આકૂતિ, તેને પહેલા મંત્રમાં જોડે છે; તેની સાથે મેધાને જોડે છે. ત્રીજા મંત્રમાં તપ અને દીક્ષા, ચોથામાં વાણી–સરસ્વતીને જોડી, પાંચમામાં આપોદેવી–જલતન્માત્રાઓને જોડી દીધા છે. આનું તાત્પર્ય બ્રહ્મવાદી વેદની વિચારણામાં રજૂ કરે છે:

[2] 'જે બધા દેવોએ યજ્ઞ માટે પોતાને પવિત્ર કર્યા, તે બધા યજ્ઞમાં હાજર થયા. આ રહસ્યને જાણે છે, તે યજમાન યજ્ઞ માટે પોતાને પવિત્ર કરે છે. બહાર શુદ્ધ થઈને, શાળામાં પ્રવેશ કરે છે, એટલે કે મનુષ્ય લોકમાંથી તે પવિત્ર થઈને દેવલોકમાં જાય છે. બ્રહ્મવાદીઓ જણાવે છે: 'એક આહુતિથી તો તેને દીક્ષા મળતી નથીં. તેણે દીક્ષિત થવાને માટે સ્રુવથી ચાર અને સ્રુચથી પાંચમી આહુતિ આપવાની છે. પંક્તિ પાંચ અક્ષરનો છંદ છે, તેણે પાંક્ત યજ્ઞનો લાભ લેવાનો છે.

'આકૂતિ એ તો મનનો સંકલ્પ; તેથી તો પુરુષ યજ્ઞ કરવા પ્રેરાય છે. મેધાથી અને મનથી તે યજ્ઞમાં જોડાય છે. વાણી તો સરસ્વતી અને પૂષા તો પૃથ્વી, તે યજ્ઞનાં પ્રેરક છે. આપોદેવી એ તો જલ અને વિશ્વનું જીવન છે.'

આમ યજ્ઞમાં મનનો યોગ એ પહેલું પગલું છે. બધાંજ વિધિ–વિધાન અને ધન સાધન જોડવામાં આવે, પણ મન ન લાગે; તો આખોય યજ્ઞ ભારરૂપ થઇ પડે. આથી યજ્ઞને મનોવિજ્ઞાનની ભૂમિકામાં સમજવાનો છે; મનની બધીજ વૃત્તિઓને સેવા તરફ દોરવાની છે. તે યજમાને સૌમ્ય બનવાનું છે, સંયમની દીક્ષા લેવાની છે; તે માટે તે પોતાના મનનો સુયોગ સાધે છે.

અગ્નિનો સંબંધ વાણીની સાથે, ઈન્દ્રનો સંબંધ પ્રાણની સાથે અને સોમનો સંબંધ મનની સાથે છે. માટે સોમયાગની શરુઆતમાં યજમાને જે દીક્ષા લેવાની છે, તેનું તાત્પર્ય આ રીતે રજૂ થયું છે.

આસન કાળા મૃગચર્મનું છે, તેનો મહિમા આ રીતે રજૂ થાય છે:

[3] 'પહેલાં ઋચા અને સામ યજ્ઞમાં દેવોની સાથે રહેવા ખુશી ન હતા. તેમણે કૃષ્ણમૃગનું રૂપ લીધું અને તે બંને કયાંક ચાલ્યા ગયા. દેવોએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું: 'જેની પાસે આ બંને પાછા આવશે, તે સર્વસ્વ મેળવી લેશે.' આમ કહીને તેમણે તે બંનેને બોલાવ્યા. તેમણે પોતાનાં રૂપ અહોરાત્રમાં ઢાંકી દીધાં અને તે દેવોની પાસે આવી પહોંચ્યા. આ રીતે મૃગનું જે શુકલ–ધોળું રૂપ

૧. વા. સં. ૪, ૭, તૈ સં. ૧, ૨, ૨, કા. સં. ૨, ૨, ૫ ૨. તૈ. સં. ૬, ૧, ૨
૩. તૈ સં. ૬, ૧, ૩, કા. સં. ૨૩, ૪; મૈ. સં. ૩, ૬; શ. બ્રા. ૩, ૨, ૧

છે, તે તો દિવસ છે અને તે ઋચા છે, જે કૃષ્ણ–કાળું રૂપ છે, તે તો રાત છે અને તે સામ છે.

'હે કૃષ્ણાજિન, તમે બંને ઋચા અને સામનાં શિલ્પ–કળા છો.' મંત્રનું તાત્પર્ય આ છે. મંત્રપાઠથી તે ઋચા અને સામને મેળવી લે છે. મૃગચર્મમાં જે ધોળું રૂપ છે, તે દિવસ અને કાળું રૂપ તે રાત્રિ છે. આ બંનેમાં સામર્થ્ય છે; તેને તે મેળવે છે.

યજમાન કૃષ્ણાજિન ઓઢીને દીક્ષા લે છે. આ કૃષ્ણ મૃગચર્મ એ તો શુદ્ધ સામર્થ્યનું પ્રતીક છે; શુદ્ધ બ્રહ્મનું રૂપ છે. જે દીક્ષા લે છે; તે તો ગર્ભનું રૂપ છે અને જે મૃગચર્મ છે, તે તેનું ઢાંકણ–ઉલ્બ છે. હવે જ્યાં સુધી સોમરસ તૈયાર કરવાનો મુખ્ય સુત્યા દિવસ ન આવે; ત્યાં સુધી એ ઓઢી રાખવાનું છે. મુખ્ય દિવસે મૃગચર્મ ઓઢેલું હોય; તેને ઉકેલી નાખવાનું છે; કારણ કે, જેમ જન્મ પછી ગર્ભનું ઢાંકણ ઉકલી જાય છે, એવી જ રીતે દીક્ષિત યજમાનનો તે દિવસે નવો જન્મ થાય છે.'

દીક્ષિત યજમાન અગ્નિશાળામાં મૌન રાખે છે, તેનું રહસ્ય બ્રહ્મવાદી બતાવે છે:

[1] 'તે વાણીનું મૌન પાળે છે. સૂર્ય આથમે, ત્યાં સુધી તે વાણીનો સંયમ રાખે છે. તેનું કારણ આ છે: હાલ જે વિજય મેળવી લીધો છે, તેને તો દેવોએ યજ્ઞ કરીને મેળવ્યો હતો. તેમણે વિચાર કર્યો, જેથી આપણે આ સ્વર્ગલોકને પામ્યા છીએ, ત્યાં માણસો ચઢે નહિ, તે માટે આપણે શું કરવું જોઈએ? મધમાખી મધ એકઠું કરે, એ પ્રમાણે યજ્ઞનો રસ ભેગો કરી, યૂપ–થાંભલાને આધારે તેને સંતાડીને દેવો પોતે ચાલ્યા ગયા. આમ યજ્ઞના રસનું ગોપન કર્યું, માટે તે થાંભલાને યૂપ કહ્યો.

હવે આ વાત ઋષિઓના સાંભળવામાં આવી. તેમણે યજ્ઞના સંભારને એકઠો કર્યો. તેમણે જેમ યજ્ઞનો સંભાર એકઠો કર્યો; એવી જ રીતે જે યજમાન દીક્ષા લે છે, તે યજ્ઞને એકઠો કરે છે. સાચે જ, વાણી એ તો યજ્ઞનું રૂપ છે.

'હવે જ્યારે સૂર્ય આથમે છે, ત્યારે તે વાણીને છૂટી મુકે છે. સંવત્સર–વર્ષ એ તો પ્રજાપતિ છે; એ સંવત્સર તો અહો રાત્ર–દિવસ અને રાત છે; કારણ કે અહોરાત્ર ફરતાં રહે છે, માટે વર્ષ આવે છે, તે યજમાને દિવસ ભર તો દીક્ષા લીધી. સેવા કરી અને તેથી તેણે રાત્રિનો લાભ મેળવી લીધો. એ રીતે યજ્ઞ જેટલો વિશાળ છે, એટલા કાળની માત્રા તેણે મેળવી. રાત્રિ આવતાં, તે વાણીનું વિસર્જન કરે છે; તે મંત્ર આ છે:

---

૧. શ. બ્રા. ૩, ૨, ૨

૧ 'વ્રતની તૈયારી કરો. અગ્નિ એ બ્રહ્મ છે, અગ્નિ એ યજ્ઞ છે, આ વનસ્પતિ યજ્ઞ સાથે સંબંધ ધરાવે છે,'

દીક્ષા લીધા પછી યજમાને બપોરે અને સાંજે ફલાહાર લેવાનો છે; જેમાં દૂધ મુખ્ય છે; તેને અહીં વ્રત કહ્યું છે; તે વિષે બ્રહ્મવાદી કહે છે:

૨ 'એજ અહીં યજ્ઞ ગણાય છે, એ તો હવિ છે; પહેલાં જે અગ્નિહોત્ર કર્યો, તે આ છે: અર્થાત્ દૂધ વગેરે ફલાહાર લેવાં, તે તો અગ્નિહોત્ર અને તે સાંજે ને સવારે થતાં. ઇષ્ટિ એ વ્રત ગણાય છે. દીક્ષા લીધા પછી, તેને યજમાન વ્રત ગણે છે. આમ વ્રત કરવાથી તે યજમાન યજ્ઞ દ્વારા યજ્ઞનો સંભાર એકઠો કરે છે. યજ્ઞનો વિસ્તાર કરે છે. મુખ્ય સુત્યા દિન આવે, ત્યાં સુધી તેણે આ વ્રત આચરવાનું છે.

તે યજમાને અગ્નિની પ્રદક્ષિણા કરી લીધા પછી વાણી છૂટી મુકવાની છે. તેણે સાચી વાણીનો વ્યવહાર કરવાનો છે; તેથી તે શરુઆતમાં 'અગ્નિ બ્રહ્મ છે' એમ બોલે છે. 'સાચેજ અગ્નિ તો બ્રહ્મ છે. અગ્નિ તો યજ્ઞ છે અને યજ્ઞની સાથે વૃક્ષ વનસ્પતિનો સંબંધ છે.' ખરેખર, જો વૃક્ષ વનસ્પતિઓ ન હોત, તો મનુષ્યો યજ્ઞ કરી શકત નહિ.

યજમાનના કહ્યા પ્રમાણે તે સેવકો ફલ, દૂધ વગેરેનો પાક તૈયાર કરે છે. જેણે દીક્ષા લીધી છે, તે દેવોની પાસે રહે છે, દેવોમાંનો તે એક બનીને રહે છે. દેવોને જે હવિ–આહુતિ અપાય; તે પકાવેલી જોઈએ, કાચી ન હોય. હવે જે વ્રતરૂપે ફલાહાર તૈયાર થાય; તેની આહુતિ આપવાની નથી.

પાણીનું આચમન લઈ, શુદ્ધ થઈ, મંત્ર ભણી તે યજમાન ફલાહાર લે છે: 'સારા સુખને માટે અમે દિવ્ય બુદ્ધિને સુવિચાર તરફ મોકલીએ છીએ; ૩ જે ઉત્તમ કામનાને આપનાર છે. અને યજ્ઞના સંભારનાં વહન કરે છે. અમારી ઈચ્છા પ્રમાણે તે અમારા યજ્ઞના માર્ગોને સમૃદ્ધ બનાઓ.

'તે દેવો અમારાં રક્ષણ કરો, જે મનની સાથે જન્મ્યા છે, યજ્ઞમાં મનની સાથે જોડાએલ છે અને જે અત્યંત દક્ષ–કુશળ છે. દક્ષ–પ્રજાપતિ એ દેવોના પિતા છે.'

આ યજ્ઞની દીક્ષા લીધા પછી યજમાન દેવ બને છે. જેમ અગ્નિને માટે નવું ઘર–અગ્નિ શાળા વસાવી છે, એજ રીતે સેવા કરવાને માટે દેહનું પરિવર્તન કરવાનું છે. દેવો જેમ સ્વર્ગમાં નિવાસ કરે છે, એમજ માનવ દેહમાં દેવોનો વાસ છે. આંખ, કાન, નાક વગેરે ઇંદ્રિયોના અધિષ્ઠાતા આ દેવો છે; તેમનાં પોષણ પ્રાણથી થાય છે; અન્નથી થાય છે. અન્નના આધારે પ્રાણ ટકે છે, તેથી તો યજ-

૧. વા. સં. ૪, ૧૧ ૨. શ. બ્રા. ૩, ૨, ૧, ૭ ૩. તૈ સં. ૧, ૨, ૩, વા. સં. ૪, ૧૫

માન વ્રતનાં પાલન કરે, એટલા માટે દૂધ, ફળ વગેરે પુષ્ટિકારક ભોજન લે છે; તેનું રહસ્ય અહીં બતાવ્યું છે.

શરીરમાં રહેલા આ દેવો છે; તે અમારાં રક્ષણ કરો. દૂધ, ફળ વગેરે શુદ્ધ આહાર લઈને અમે વ્રતનાં અનુષ્ઠાન કરીએ છીએ. શરીરમાં રહેલા આ દેવો મનની સાથે પેદા થાય છે, જીવનના વ્યવહારમાં મનની સાથે જોડાયા છે અને મનની સહાય લઈને કુશળ કાર્યો કરી રહ્યા છે. તેમને પેદા કરનાર પણ દક્ષ–પ્રજાપતિ છે.

દીક્ષા લીધા પછી, યજમાને આચરવાનાં વ્રત, નિયમ વિષે ઋષિનું દર્શન આ છે:

૧ 'પહેલાંના વખતમાં દેવોએ યજ્ઞની શરુઆત કરી; તેમાં ભાગ લેવો ન પડે, એ ઉદ્દેશથી વાણીની દેવી દૂર ચાલી ગઈ. તે વાણી ઓષધિઓ અને વૃક્ષ–વનસ્પતિઓમાં રહેલી. તે વાણી આપણને સાંભળવાની મળે છે. એ વૃક્ષમાંથી દુંદુભિ, બંસરી, વીણા વગેરેની રચના થાય છે; તે વાદ્યોથી પ્રગટ થાય છે.

હવે યજમાનને દીક્ષા લેતી વખતે ઉંબરાનો દંડ રાખવા માટે આપે છે. તે સૂચવે છે કે, હવે યજમાને બોલવાનું બંધ રાખ્યું છે. જે ઉંબરાનો દંડ છે, તે ઉર્જ–બળનું રૂપ છે; તેને યજમાન મેળવે છે. એ દંડ યજમાનના મુખના માપનો હોવો જોઈએ. તે રીતે મુખથી નીચેના ભાગમાં બળ મેળવે છે.

સોમ ખરીદવામાં આવે, ત્યાં સુધી યજમાન દંડ ધારણ કરે છે. તે પછી મૈત્રાવરુણ નામના ઋત્વિજને તે દંડ આપી દે છે; કારણ કે એ ઋત્વિજ–મૈત્રાવરુણે બીજા ઋત્વિજોને વાણી વહેંચી આપી હતી અને તેમણે યજમાનમાં તે વાણી રાખી હતી. તે સમયનો મંત્ર આ છે:

'स्वाहा यज्ञं मनसा' આનો ભાવ છે: યજમાન પુરુષ મનનો યોગ સાધીને યજ્ઞને મેળવી લે છે. એ રીતે દ્યાવા અને પૃથ્વી, વિશાળ અંતરિક્ષ અને ગતિવાળા પવનથી યજ્ઞને મેળવે છે: તેનો ભાવ આ છે;

જે યજ્ઞ જુદા જુદા લોકોમાં હતો, તે હવે યજમાન પાસે આવે છે. જે નિરંતર ગતિ કરતો પવન વાયુ છે; તે યજ્ઞનું રૂપ છે. તેને તે મેળવે છે: અર્થાત્ યજમાન પણ યજ્ઞરૂપ બની સેવાનાં કાર્ય કરવા તત્પર બને છે.

યજમાન મુઠી વાળે છે અને વાણી રોકે છે; તે પણ યજ્ઞને સારી રીતે ધારણ કરવા માટે. 'બ્રહ્મ–મંત્રના વિશાળ ભાવને જાણનારા આ યજમાને દીક્ષા લીધી છે.' આમ ઋત્વિજ મંદ સ્વરે ત્રણવાર બોલીને દેવોને જણાવે છે. ત્યારબાદ ત્રણવાર મોટેથી બોલીને દેવો અને મનુષ્યોને જણાવે છે. ० ० ०

---

૧. તૈ. સં. ૬, ૧, ૪

## ૨
## અતિથિનાં આગમન

એ મુનિ તપોવનમાં રહેતા હતા. તપ અને વ્રત આચરીને; તેમણે કાયાને કૃશ કરી હતી; પણ તેથી મનોબળ વધી ગયું હતું. તેમણે આંગણે એક અતિથિ આવવાના હતા. પહેલાંથી તેમના આગમનની ખબર પડી અને તે મુનિએ ઘરનું આંગણું સાફ કરવા માંડયું, દર્ભનું એક સુંદર આસન તૈયાર કર્યું; ખાનપાનની થોડી સગવડ કરી દીધી. અતિથિને આદર આપવાની આ તો સામાન્ય ચીજો. ધન સાધન ઓછાં વત્તાં હોય; તે નથી જોવાતું. હૃદયનો ભાવ હોય અને ચિત્ત શુદ્ધ હોય; તો ઘણું બધું. આદર બતાવનારી તો વાણી ને? હૈયે ઘણા ભાવ હોય પણ હોઠે ન આવે, તો શા કામનું? સૂનૃતા વાણી એ તો અતિથિને આદર આપનારૂં ચોથું સાધન.

કાયા કૃશ થવાથી, મુનિની વાણી પણ મંદ થઈ હતી. વાણી તો અગ્નિનું રૂપ ને! અગ્નિ સમિદ્ધ હોય, તો વાણી તેજ હોય. તેમણે અગ્નિને તેજ કર્યો, વાણીને તેજ બનાવી અને તેને આંગણે અતિથિ આવી પહોંચ્યા; તેમનું ઉમળકા-ભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

સોમદેવ, તમારે આંગણે અતિથિ આવવાના છે. તેમને માટે નવું ઘર —અગ્નિશાળાની રચના કરી. તમે દીક્ષા લીધી અને તે નિમિત્તે પહેલે દિવસે દીક્ષણીયા ઈષ્ટિ કરી. તેના દેવ અગ્નિ અને વિષ્ણુ. અગ્નિ સૌથી નીચે ધરતી

પર રહેનાર અને વિષ્ણુ ઊંચે આકાશમાં ફરતા રહે. વચમાં બધાજ દેવોનો નિવાસ છે'

હવે આ બીજો દિવસ. આજે આપણા માનીતા અતિથિ સોમરાજ આવવાના. તેમને આદર આપવાની તૈયારીઓ કરવી પડશે ને? સોમ આવે ને સોમયાગનો આરંભ થાય; તે માટે શરુઆતમાં પ્રાયણીય–ઇષ્ટિ કરવાની. અહીં પ્રાયણીયનો અર્થ આરંભ થાય છે. તેના પાંચ દેવ છે, પથ્યા સ્વસ્તિ, અગ્નિ, સોમ, સવિતા અને અદિતિ.

હાં, આપણે એ સોમરાજને લેવા જવું પડશે ને તેમની ખરીદી કરવી પડશે. ધન, સાધન ઘણાં હોય પણ સુનૃતા વાણી ન હોય, તો કોઈ અતિથિ આવવાનું પસંદ કરે નહિ. વાણી બોલી શકાય, પણ બતાવાય શી રીતે? આપણે એક વાછડી શણગારી તૈયાર કરીએઃ તેને સાથે લઈ જઈએ.

અધ્વર્યુ મહારાજ, આપની આજ્ઞા પ્રમાણે મેં બધીજ તૈયારી કરી છે. અગ્નિ-શાળામાં અગ્નિ સમિદ્ધ થયા છે. હવે આપ ઈષ્ટિ માટે મંત્ર ભણો અને દેવોને આહ્વાન આપો.

સોમદેવ, અહીં ચાર દેવોને ઘીની આહુતિ અને અદિતિને ચરુ–રાંધેલ ભાત આપવાનો છે. તેનું રહસ્ય બ્રહ્મવાદી જણાવે છે.

[1]'આ પ્રાયણીય ઇષ્ટિમાં દેવી અદિતિને માટે ચરુ તૈયાર કરે છે. તેનું કારણ આ છે. 'પહેલાં દેવોએ આ પૃથ્વી પર યજ્ઞનો વિસ્તાર કર્યો. ત્યારે તેમણે પૃથ્વીનેજ યજ્ઞથી આઘી રાખી. તેણે વિચાર કર્યો; મારી ભૂમિ પરજ દેવો યજ્ઞ કરે અને મનેજ તેથી આઘી રાખે, આવું કેમ બને? તેણે તો તેમના યજ્ઞનેજ ઢાંકી દીધો; તેથી તે યજ્ઞને જાણી શકયા જ નહિ. તેમણે વિચાર કર્યો; અરે, આમ કેમ બન્યું? આપણે જે ભૂમિપર યજ્ઞનો વિસ્તાર કર્યો. ત્યાંજ તે ઢંકાઇ ગયો અને તેને આપણે જાણી શકતા નથી. તેમણે જણાવ્યું. અરે, આ ભૂમિ પર આપણે યજ્ઞનો વિસ્તાર કર્યો અને એ ભૂમિનેજ આપણે આઘી રાખી, એટલે તો તેણે યજ્ઞને ઢાંકી દીધો. ચાલો, આપણે તેની પાસે જઈએ.

તે દેવોએ ભૂમિ પાસે જઈને; તેને યજ્ઞમાં ભાગ આપવા કબૂલ્યું; બરોબર છે. યજ્ઞની શરુઆત પ્રાયણીયથી થાય છે અને તેની સમાપ્તિ ઉદયનીયથી થાય છે; એ બંનેમાં અદિતિને ભાગ મળશે. આને કારણે શરુઆતની પ્રાયણીય ઇષ્ટિમાં અને સમાપ્તિની ઉદયનીય ઇષ્ટિમાં અદિતિને ચરુની આહુતિ આપવામાં આવે છે. સાચેજ ભૂમિ એ તો અદિતિ છે. તે પછી દેવોએ યજ્ઞને જોયો, જાણ્યો અને તેનો વિસ્તાર કર્યો.

૧. શ. બ્રા. ૩, ૨, ૩, ૮,

યજ્ઞમાં પ્રાયણીય ઈષ્ટિ કરતાં, અદિતિને માટે ચરુ તૈયાર થાય છે, તેનું કારણ આ છે. તેથી તે યજ્ઞનાં દર્શન કરે છે. અને પછી સોમને ખરીદે છે.

પહેલા દેવ પથ્યા સ્વસ્તિ છે. તેનો ભાવ આ છે. અમારો માર્ગ કલ્યાણકારી હો, અમારી યાત્રા સફળ હો. તેનું રહસ્ય બ્રહ્મવાદી બતાવે છે.

[1]'દેવો યજ્ઞની શરુઆત કરતા હતા; ત્યાં તેમને પથ્યા સ્વસ્તિનાં દર્શન થયાં અને તેમને તે ગમી ગઇ; તેથી તેમણે તેનાં યજન કર્યાં. ખરેખર, પથ્યા સ્વસ્તિ તો વાણી છે અને વાણી તો યજ્ઞરૂપે છે. તેને જોયો અને તેનો વિસ્તાર કર્યો.

પછી તો અગ્નિ તેમની સામે ગયો, તે તેમને ગમી ગયો અને તેનાં યજન કર્યાં. હવે યજ્ઞમાં જે કાંઇ શુષ્ક છે; તે તો અગ્નિનું રૂપ છે. તે રીતે તેમની સામે સોમ ગયો. તે તેમને ગમી ગયો અને તેનાં યજન કર્યાં. હવે યજ્ઞમાં જે આર્દ્ર—ભીનું છે, તે સોમનું રૂપ છે. તેનાં તેમણે દર્શન કર્યાં અને તેથી યજ્ઞનો વિસ્તાર કર્યો. તેજ રીતે તેમની સામે દેવ સવિતા ગયો. તેનાં તેમણે યજન કર્યાં. હવે સવિતા એ તો પશુઓનું રૂપ છે અને પશુ તો યજ્ઞની સમૃદ્ધિ છે.

આ રીતે યજમાન પાંચ દેવોનાં યજન કરે છે. પહેલાં યજ્ઞ તો ઢંકાએલો હતો; તે પાંચ ભાગ—પાંક્તમાં વહેંચાયેલો હતો. પાંચ દેવોનાં યજન કરવાથી તેમણે યજ્ઞને જોયો અને જાણ્યો. એ રીતે પાંચ ઋતુઓ ઢંકાએલી હતી; તેમને આ દેવોથી જાણી. પાંચ દિશાઓ પણ એ રીતે ઢંકાએલી હતી. પથ્યા સ્વસ્તિનાં યજનથી ઉત્તર દિશાને જાણી. કુરુપાંચાલના લોકો ઉત્તરા વાણી બોલે છે; કારણકે ઉત્તરા વાણીથી તે લોકોને જાણે છે. અગ્નિનાં યજનથી પૂર્વદિશાને જાણી, સોમનાં યજનથી દક્ષિણ દિશાને જાણી, સવિતાનાં યજનથી પશ્ચિમ દિશાને જાણી અને અદિતિનાં યજનથી ઉપરની દિશાને જાણી.

સોમ અતિથિરૂપે આવે, તેમને રાજી કરવા આતિથ્ય ઇષ્ટિ કરવાની છે, એ તો આ સોમયાગનું મસ્તક છે, પ્રાયણીય અને ઉદયનીય એ બંને તો યજ્ઞના બે બાહુ છે; તેથી જે પ્રમાણે પ્રાયણીય કરો, એજ રીતે ઉદયનીય કરો. અર્થાત પાંચ દેવો એક સરખા અને તેમને આપવાની પાંચ આહુતિઓ પણ સરખી. સોમ ખરીદતી વખતે એક વર્ષની વાછડી સાથે રાખવી. તેનું રહસ્ય જણાવે છે.

[2]'પહેલાં કદ્રૂ અને સુપર્ણી એ બંને વચ્ચે પોતાના રૂપ વિષે હરિફાઈ થઈ; તેમાં કદ્રૂ સુપર્ણીને જીતી ગઇ; તેથી તેણે જણાવ્યું. 'અહીંથી ત્રીજા દ્યુલોકમાં સોમ છે; તે લાવી આપ. તે ખરીદીને હું તને છૂટી કરીશ. હવે એ કદ્રૂ તો પૃથ્વી છે અને સુપર્ણી સ્વર્ગ છે. ગાયત્રી વગેરે છંદો એ સુપર્ણીના પુત્રો ગણાય

૧. શ. બ્રા. ૩, ૨, ૩ ૨. તૈ. સં ૬, ૧, ૬

છે. તેમને જણાવ્યું; 'માતા અને પિતાને મુક્તિ મળે, એ કારણે તો તે બંને પોતાના સંતાનોનું ભરણ પોષણ કરે છે. મારાથી તારે છૂટવું હોય, તો ત્રીજા લોકમાં સોમ છે તે લાવી આપ; તે ખરીદીને તને મુક્ત કરીશ;' આમ મને કદ્રૂએ કહ્યું છે.

'ચૌદ અક્ષરોના બનેલ જગતી છંદે ઉડ્ડયન કર્યું. પણ સોમ મેળવ્યા વિનાજ તેને પાછું ફરવું પડયું. તેણે પોતાના બે અક્ષર ગુમાવ્યા, પણ પશુની સમૃદ્ધિ અને દીક્ષા તેની સાથે આવ્યાં. આને કારણે છંદોમાં જગતીને પશુની સમૃદ્ધિ મળી છે અને પશુઓથી સમૃદ્ધ યજમાન હોય, તેને દીક્ષા મળે છે.

'ત્યારબાદ તેર અક્ષરના બનેલ ત્રિષ્ટુપ્ છંદે ઉડ્ડયન કર્યું. તેને પણ સોમ લીધા વિનાજ પાછું ફરવું પડયું ને બે અક્ષર ગુમાવવા પડયા; સાથે દક્ષિણા ને તપ આવ્યાં. આથી બપોરના સવનમાં ત્રિષ્ટુપ્ છંદ ભણાયા પછી ઋત્વિજોને દક્ષિણા આપવામાં આવે છે. બ્રહ્મવાદીઓ જણાવે છે કે, 'જે યજમાન પોતાનું સર્વસ્વ આપી દે છે, તે જ તેનું તપ ગણાય છે.

'ત્યારબાદ ચાર અક્ષરથી જોડાએલ ગાયત્રી છંદે ઉડ્ડયન કર્યું, તેની સાથે એક અજા (બકરી) અને જ્યોતિ ગયાં હતાં. અજાએ સોમને જીતી લીધો; આથી તેનું નામ અજા પડયું अजयत् જેણે જીત મેળવી. એ રીતે ગાયત્રી સોમને લઇ આવી; સાથે છંદોના ચાર અક્ષર પણ લેતી આવી, તેથી તે આઠ અક્ષરની થઈ. બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે; ગાયત્રી છંદમાં ઓછા અક્ષરો છે; તો પછી શા માટે તેને યજ્ઞમાં મુખ્ય સ્થાન આપવામાં આવે છે? કારણકે તેણે સોમને લાવી આપ્યો, માટે તે યજ્ઞમાં મુખ્ય છે અને છંદોમાં સૌથી વધારે તેજસ્વી છે.

'ગાયત્રી સોમને લાવી; ત્યારે તેનાં બે સવન=અંગ તો બંને પગમાં પકડયાં હતાં અને ત્રીજું સવન ચાંચમાં ધર્યું હતું. ચાંચમાં ધરેલ સોમ સવન (રસ) તો ચુસાઇ ગયો. આથી સવાર અને બપોરનાં સવન—સોમરસ તો શુદ્ધ હોય, પણ ત્રીજા સવનમાં સોમરસ ઋજીષ=સુકાઇ ગયો હોય છે, તેથી તેમાં જલ વગેરેનાં મિશ્રણ કરવામાં આવે છે.

રસ્તામાં ગાયત્રીને વિશ્વાવસુ નામનો ગાંધર્વ મળ્યો, તેણે સોમને લૂંટી લીધો. તેની પાસે ચોરાએલ સોમ ત્રણ રાત સુધી રહ્યો. આથી સોમની ખરીદી કરી લીધા પછી તેને ત્રણ રાત સુધી સાચવી રાખવામાં આવે છે.

દેવોએ વિચારણા કરી છે : ગાંધર્વો સ્ત્રીઓની કામના રાખે છે, માટે આપણે સ્ત્રી આપીને સોમને ખરીદી લઈએ. તેમણે વાણીને એક વર્ષની વાછડી બનાવી અને તેનાથી સોમને ખરીદી લીધો. ત્યાર બાદ તે વાછડી હરણનું રૂપ લઈ, નાસી ગઈ.

ગાંધર્વો દેવોની પાસે તપાસ કરવા ગયા. તેમણે જણાવ્યું. તમારી પાસેથી વાછડી ચાલી ગઈ. પણ અમારી પાસે આવી નથી. ચાલો, આપણે તેને બોલાવીએ.'

ગાંધર્વોએ બ્રહ્મ–મંત્રનાં ઉચ્ચારણ કર્યાં અને દેવોએ ગાન કર્યાં. ગાનારા દેવોની પસે તે વાછડી પહોંચી. આથી જે ગાન કરે છે, તેને સ્ત્રીઓ ચાહે છે. આ રહસ્ય જાણનાર વિદ્વાનની પાસે પણ કામુક સ્ત્રીઓ રહે છે. હવે એક કુટુંબમાં ઘણા પુરુષો પરણવા ઈચ્છતા હોય; પણ જેને ગાતાં આવડે છે, તેને લોકો પોતાની કન્યા માટે પસંદ કરે છે.

આ કારણે યજમાન એક વર્ષની વાછડીથી સોમને ખરીદે છે. કુમાર પણ એક વર્ષની અંદર વાણી બોલતો થઈ જાય છે; તે વાણીનું સ્વત્વ છે.'

[1] સ્વર્ગમાંથી સોમને લાવ્યા, એ કથાને બ્રહ્મવાદીએ સારરૂપે રજૂ કરી છે. એક વર્ષની વાછડી સોમક્રયણી ગણાય છે; તેને વાણીનું પ્રતીક ગણી ઋષિઓ તેની સ્તુતિ કરે છે.

[2] 'હે સોમક્રયણી વાણી, તું ચિત્ છે, મન છે, ધી–બુદ્ધિ છે. તું દક્ષિણા છે, ક્ષત્રિયા છે, યજ્ઞિયા છે, અદિતિ=પૃથ્વી છે; જેને બે શિર છે. સોમ ખરીદતી વખતે તું અમારી આગળ થા અને સોમ લાવતાં અમારી પાછળ રહીને રક્ષણ કર. મિત્ર તને જમણે પગે બાંધે, પૂષા–પૃથ્વી માર્ગે રક્ષણ કરો અને ઇન્દ્ર અધ્યક્ષનું રક્ષણ કરો.

'હે વાણી, સોમ ખરીદવા માટે તને સંમતિ આપો, માતા, પિતા, સહોદર ભાઇ અને જૂથમાં સાથે રહેનાર મિત્ર જે સોમ દેવ છે, તેને તું ઇન્દ્ર માટે લાવ. રુદ્ર સવિતા મારી સાથે રહો. સોમ તારો મિત્ર છે, તારું કલ્યાણ થાઓ.

'સાચેજ તું તો વસુરૂપે છે, અદિતિ અને આદિત્ય છે, રુદ્રા અને ચંદ્રા છે. તને બૃહસ્પતિ સુખી રાખો, આઠ વસુઓની સાથે રુદ્ર તારું રક્ષણ કરો.

વાણીનો મહિમા અહીં ગવાયો છે. તેની પહેલી ભૂમિકા અંતઃકરણની વૃત્તિ છે. વિચાર વાણીનું સૂક્ષ્મ રૂપ છે. હૈયે જાગે, તે હોઠે આવે. એ રીતે મનની વૃત્તિઓનાં અહીં નિરૂપણ કર્યાં છે. સૌથી પહેલાં વિકલ્પથી રહિત જે વૃત્તિ જાગે, તેને મન અને વિચારમાં નિશ્ચય થાય, તેને ધી કે બુદ્ધિ કહે છે. આમ વાણીના વ્યવહારમાં વિચારની ભૂમિકા અગત્યની છે.

સોમ તો દુર્લભ છે, તેને ખરીદી લાવવાનું કામ કુશળ વાણી કરે છે, જે ક્ષત્રિય જેવી પ્રતાપી હોય અને યજ્ઞના કાર્યમાં ઉપયોગી હોય.

વાણીના રૂપે વાછડી છે, તેને આગળ કરીને યજમાન, ઋત્વિજો વગેરે સોમ ખરીદવા જાય છે. એ સોમ તો રાજા છે, અતિથિ છે, તેને લાવવા ઉત્તમ વસ્ત્ર

---

૧. શ. બ્રા. ૩, ૨, ૩ ૨. વા. સં. ૪, ૧૯–૨૧

જોઈએ; તે રીતે મૃગચર્મને સાથે રાખે છે. યજમાન પોતાની અનામિકા આંગળીએ સોનું બાંધે છે. તે સોનું તો સુવર્ણ; તેથી સોમ ખરીદાય. તેનું રહસ્ય આ છે :

૧'આ સંસારમાં તો બે જ બાજુ છે, ત્રીજી છે જ નહીં. સત્ય અને અનૃત સાચ અને જૂઠ. જે સત્ય છે, તે તો દેવો છે, જે જૂઠ છે, તે મનુષ્યો છે. હવે સોનું તો અગ્નિનું વીર્ય છે. આંગળીએ સોનું બાંધવાનો ભાવ આ છે. તે સોમનાં અંશુ( ટૂકડા )ઓને સત્યથી અડકે. એજ રીતે સત્યને આગળ રાખીને સોમને લાવે.

એ યજમાન સેવકોને આજ્ઞા આપે છે. સોમનું વસ્ત્ર, ખેસ અને પાઘડી લાવો. હાં, સોમનાં વસ્ત્ર તો શોભીતાં, તેજસ્વી હોવાં જોઈએ. 'ગમે તે વસ્ત્ર લાવો' એમ કહેવાથી તો સોમનો અનાદર ગણાય.

અગ્નિશાળાની બહાર સોમ વેચનાર બેઠો છે, તેની પાસે તે લોકો પહોંચી જાય છે, સાથે ઉદકુંભ–પાણી ભરેલ ઘડો લઈને ઋત્વિજ ઉભો રહે છે. યજમાન રાજા સોમની પાસે આવી પહોંચે. તેની પ્રશંસા અધ્વર્યુ સંભળાવે છે અને પછી સોમ ખરીદે છે. તેનું રહસ્ય આ છે :

૨' હે યજમાન, મારા વતી તમે સોમને જણાવો કે, તમારો આ ગાયત્રી છંદનો ભાગ છે, તમારો આ ત્રિષ્ટુપ છંદનો ભાગ છે, તમારો આ જગતી છંદનો ભાગ છે, મારા વતી તમે સોમને જણાવો કે, છંદોનાં બધાં નામોના સામ્રાજ્યને તમે મેળવો.

આમ તે સોમને ખરીદીને લાવે છે; ત્યાર પછી; તેના રસને કાઢે છે; તેથી કાંઈ તેને હણી નાખતા નથી; કારણકે છંદોનાં સામ્રાજ્યને મેળવવા માટે તો સોમને ખરીદ્યો છે.

સોમને ખરીદી લીધા પછી; તે યજમાન સોમને અડકે છે અને જણાવે છે : 'તમે અમારા છો.' જે સોમ અભ્યાગત–મહેમાન બનીને આવે છે, તે તો યજમાનના પોતાના બની જાય છે. આ કારણે તમે અમારા શુક્ર ગ્રહ છો. અર્થાત્ તમારા શુદ્ધ રસને ગ્રહણ કરીએ છીએ; તમને અમે ચૂંટી લાવ્યા છીએ, માટે તમે અમારે ત્યાં સંપૂર્ણપણે રહો.'

સોમને પોટલામાં બાંધી, યજમાન તેને ગાડી પાસે લાવે છે; જે સોમશકટ કહેવાય છે. તે ગાડામાં મૃગચર્મ પાથરી; તેના પર સોમને રાખે છે. તે ગાડાને બે બળદ જોડી સોમને અગ્નિશાળા પાસે લઈ જાય છે. આ બધી વિધિઓ નાની નાની છે, તે સાથે મંત્રો ભણાય છે અને તેનાં રહસ્ય પણ ઉકેલાય છે.

૧. શ. બ્રા. ૩, ૩, ૨,૩ ૨. વા. સં. ૪. ૨૪

માનવ અતિથિનો સત્કાર થાય; પરંતુ સોમ તો દેવ છે, તેને માટે તો આતિથ્ય—અતિથિ-સત્કાર ઇષ્ટિદ્વારા થાય.

[1]'હે મૃગચર્મ, તમે અદિતિ—ભૂમિની છાલ છો, હે સોમ, તમે અહીં અદિતિની સાથે બેસો. વરુણે જે વ્રત—નીતિ નિયમો બાંધ્યાં છે, તેનાં અહીં દર્શન થાય છે. તે શ્રેષ્ઠ વરુણે આકાશ અને અંતરિક્ષને થંભાવી દીધાં છે. તેણે પૃથ્વીની વિશાળ ભૂમિને માપી લીધી છે. તે સમ્રાટ વરુણ સઘળા સંસાર (વિશ્વનાં ભુવનો)માં સ્થાન જમાવીને બેઠા છે. તે વરુણે વનનાં વૃક્ષોની વચમાં અંતરિક્ષને ફેલાવ્યું છે. તેણે અર્વા—તેજીલા ઘોડાઓમાં વેગ, દૂધાળી ગાયોમાં દૂધ, હૃદયોમાં સંકલ્પ સાથેનાં મન, આકાશમાં સૂર્ય અને ઊંચા પર્વત પર સોમને રાખી લીધા છે.'

મૃગચર્મમાં બાંધીને સોમને મૂક્યો; તે વરુણનું વ્રત ગણાય. હવે તે સોમની સ્તુતિ કરે છે:

[2] 'હે સોમ, મારે માટે ભદ્ર—ઉપકારી છો, તમે ભુવનપતિ છો. અમારા યજ્ઞનાં સઘળાં ધામ તરફ ગતિ કરો. માર્ગમાં જતી વખતે તમારા સ્વરૂપને વિરોધીઓ ન જાણે. તમને ચોર કે લુંટારા ન જાણે. શ્યેનની જેમ વેગીલી ગતિએ અમારા યજમાનને ઘેર પહોંચી જાઓ. જ્યાં તમારે માટે નવાં ઘડતર કરવામાં આવ્યાં છે.'

યજમાન અને અધ્વર્યુ સોમની સાથે ગાડા પર બેસી રહે છે, હોતા મંત્ર ભણે છે. સુબ્રહ્મણ્યા નામનો ઋત્વિજ ગાડું હાંકીને અગ્નિશાળાની પ્રદક્ષિણા કરી, અંદર લઈ જાય છે. સોમને આદર સમ્માન આપી ગાડામાંથી ઉતારે છે અને તેને ઇષ્ટિની વેદિ પાસે આહવનીય અગ્નિની બાજુમાં મુકે છે; જ્યાં તેને માટે ખાસ આસંદી—લાકડાનું આસન બનાવ્યું છે.

સોમ એ દેવોના રાજા છે; તે અભ્યાગત—અતિથિ તરીકે આપણે આંગણે આવ્યા છે; તેમને રાજી કરવા માટે આતિથ્ય-ઈષ્ટિ કરવામાં આવે છે. તેના દેવ વિષ્ણુ છે. તે માટે નવ કપાલ (કોડિયા)માં પકાવેલ પુરોડાશ હવિ અપાય છે. તે [3]ઈષ્ટિના મંત્રો ઋષિઓએ ગાયા છે અને બ્રહ્મવાદી તેના રહસ્યને ઉકેલે છે.

[4]'યજ્ઞનું શિર તો આતિથ્ય—અતિથિસત્કાર છે; પ્રાયણીય અને ઉદયનીય એ બે તો બાહુઓ છે. આથી બંને ઇષ્ટિઓ આદિને અંતમાં થાય છે અને આતિથ્ય ઇષ્ટિ બંનેની વચમાં કરવામાં આવે છે. તેનું રહસ્ય આ પ્રમાણે છે.

સોમને ખરીદીને લાવવામાં આવ્યો, એ તો યજમાનના ઘરનો અતિથિ આવ્યો; એમ ગણાય. હવે આપણે આંગણે કોઈ મોઘેરો મહેમાન આવે, માનોને કે, રાજપુરુષ

૧. વા. સં. ૪, ૩૦. ૩૧ ૨. વા. સં. ૪, ૩૪ ૩. વા. સં. ૫, ૧-૪. તૈ. સં. ૧, ૨, ૧૦; કા. સં. ૨, ૮, ૪૫; મૈ. સં. ૧, ૨, ૭ ૪. શ. બ્રા. ૩, ૪, ૧

14118



હોયુ કે મંત્ર જાણનાર બ્રાહ્મણ હોય; તેને માટે આપણે સારાં મિષ્ટાન્ન પકાવીએ. ઊંચી પ્રકારના જવ હોય, ઘણા જૂના ચોખા હોય; તે રાંધવામાં આવે;

[1] આ તો 'અતિથિનો સત્કાર કરવાનો છે. હવે ગાડાના બંને બળદને છોડી મૂકે, તો યજ્ઞનો સંબંધ છૂટી જાય, ન છોડે તો અતિથિના આવ્યા પહેલાં સત્કાર થયો ગણાય. માટે એક બળદ છોડી રાખવો. તેથી યજ્ઞનું સાતત્ય રહે.

'યજમાનની પત્ની ગાડાને પકડી રાખે છે; કારણકે તે ઘરની રાણી છે, પારીણહી છેઃ જેના વહીવટમાં ધનધાન્ય, ઘરસામગ્રી વગેરે રહે છે. તે હવિ આપે, તેથી યજમાન દેવોને આહુતિ આપે છે. આમ યજ્ઞમાં પત્ની ભાગ લે, તેથી જુગલ જોડીનો મેળ બેસે છે. આમ તે યજ્ઞમાં ભાગ લે; તો યજ્ઞ અધવચ રહેતો નથી.

'આંગણે અતિથિ રાજા આવે; તે તો સેવકો અને અનુચરોની સાથે આવે ને? એટલે તે બધાયનો અતિથિસત્કાર કરવાનો. રાજા સોમના અનુચરો બધા છંદરૂપે આવ્યા છે, તેમનો સત્કાર કરવાનો છે.'

આતિથ્ય ઇષ્ટિના મુખ્ય દેવ વિષ્ણુ છે. તેનું રહસ્ય આ છે. જે કોઈ અતિથિ છે, તે વિષ્ણુ છે. તેનો આદર સત્કાર થાય; તેને ખાનપાન અપાય, તે હવિને સંબોધીને અધ્વર્યુ મત્ર ભણે છે:

[2] 'હે હવિ, તું અગ્નિનું શરીર છે, સોમનું શરીર છે, અતિથિનું આતિથ્ય છે. તારૂં સમર્પણ છે, તે તો વિષ્ણુને માટે. સોમ લાવનાર શ્યેનને અને રાયસ્પોષ આપનારને માટે છે. અહી અગ્નિ સોમનો સેવક છે, સાથે ગાયત્રીછંદનો દેવ છે, રાજા સોમનો એક સેવક સોમ નામે છે, સાથે તે ત્રિષ્ટુપ્ છંદનો દેવ છે, તે રીતે અતિથિ પણ સોમનો સેવક છે, સાથે તે જગતી છંદનો દેવ છે. ગાયત્રી શ્યેનનું રૂપ લઈ, સ્વર્ગમાંથી સોમને લાવી હતી, માટે શ્યેન સેવક છે. તે પાંચેય સેવકો અને ગાયત્રી વગેરે છંદ અતિથિની સાથે આવેલા છે, માટે તે બધાનો સત્કાર વિષ્ણુરૂપે કરવાનો છે અને તેમને એક એક આહુતિ આપવાની છે. અહીં અગ્નિની સાથે અને શ્યેનરૂપે ગાયત્રીને બે આહુતિઓ મળે છે; તેનું રહસ્ય શું?

[3] 'બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે: ગાયત્રી તો એક છે, તેનું આતિથ્ય બંને બાજુ થાય છે, તેનું કારણ શું? કારણ કે તે સોમને લાવી હતી, માટે તેનાં આતિથ્ય, પહેલાં અને પછી બંને બાજુએ થાય છે.

'આતિથ્ય-આહુતિ આપવા માટે નવ કોડીયાં-કપાલમાં પકાવેલ પુરોડાશ તૈયાર કરે છે, તેનું રહસ્ય આ છે: આતિથ્ય ઇષ્ટિ એ તો યજ્ઞનું શિર છે. હવે શિરને નવ ભાગ હોય છે; માટે નવ કપાલ પુરોડાશ બનાવે છે. નવના ત્રણ ત્રણ

૧. તૈ સં. ૬, ૨, ૧ ૨. વા. સં ૫, ૧ ૩. તૈ. સં. ૬, ૨, ૧

કપાલ પ્રમાણે ત્રણ ભાગ કરવાના છે, તેનું રહસ્ય આ છે : આહુતિ આપતાં ત્રણ ત્રણ આવર્તનની સાથે સ્તુતિ કરવાની છે, તેને ત્રિવૃત્ સ્તોમ કહે છે, તે તો તેજ રૂપે છે, તેને યજ્ઞના શિરમાં મુકવાનું છે. હવે એ ત્રિવૃત્ કે ત્રણ કપાલ; તેની સરખામણી શરીરમાં રહેલા ત્રણ પ્રાણની સાથે કરવાની છે. આથી ત્રણ પ્રાણનેજ ત્રિવૃત્ દ્વારા યજ્ઞના શિરમાં તેજરૂપે રાખે છે.'

આ પાંચ આહુતિઓ વિષ્ણુને આપી; તેથી અતિથિસત્કાર કરવામાં આવ્યો. આતો હજી શરુઆત છે. પહેલે દિવસે દીક્ષા લઈ, યજમાનને અધિકાર આપ્યો. બીજા દિવસે સવારે પ્રાયણીય ઇષ્ટિ કરી ને રાજા સોમને લઈ આવ્યા; તેમને માટે આતિથ્ય ઇષ્ટિ કરવામાં આવી. તેમના માનમાં ત્રણ દિવસનાં પૂજન-અર્ચન રાખવાનાં છે અને મુખ્ય દિવસે તો તે સોમના રસ કાઢીને સવન કરવાનાં છે.

સાંજના નક્ષત્રો દેખાય નહિ; તે પહેલાં વાણીનો વ્યવહાર કરવો નહિ. જો પહેલાં મૌન છોડે, તો યજ્ઞનો ભંગ થાય. તે યજમાને દીક્ષા લીધી છે. હવે તેણે વ્રત નિમિત્તે દૂધ પીવાનું છે, તે નિમિત્તે તેણે વાણીની શરુઆત કરવાની છે, જેથી યજ્ઞ સંબંધે વાણીનો ઉપયોગ થાય.

આમ દિવસે મૌન અને સાંજના વ્રતનાં પાલન, એ યજમાનના નિયમનું મુખ્ય અંગ બને છે. આનું નામ મનનો યોગ છે. 'મનને સૌમ્ય રાખવું;' એ પહેલા દિવસે દીક્ષણીયા-ઇષ્ટિ દ્વારા સમજાય છે.

# ૩
# સહકાર અને સત્કાર

[1] 'દેવોએ એક વખતે આતિથ્ય-ઇષ્ટિ કરી, પણ તેમની અંદરોઅંદર ઝઘડો ઊભો થયો. 'અમારામાં એક શ્રી અને સંપત્તિને કારણે મોટો છે;' એ વાતનો સ્વીકાર કરવા તેઓ કોઇ તૈયાર ન હતા. આને કારણે તેમાં ચાર પક્ષ ઊભા થયા :

'આઠ વસુઓની સાથે અગ્નિ, અગિઆર રુદ્રોની સાથે સોમ, બાર આદિત્યોની સાથે વરુણ, અને ઓગણ પચાશ મરુતોની સાથે ઇન્દ્ર. વિશ્વદેવોની સાથે બૃહસ્પતિ એવો પાંચમો પક્ષ પણ હતો; એમ કેટલાક કહે છે: અર્થાત્ આ બુદ્ધિજીવીઓ કોઈ પક્ષ રચતા નથી; તોય પક્ષપાતમાં ઝડપાઈ જાય ખરા.

આ વાતની અસુરો અને રાક્ષસોને ખબર પડી ગઈ. તેમણે તેનો લાભ લીધો. તે લોકો દેવોના જુદા જુદા પક્ષોમાં ભળી ગયા. આની જાણ થતાં તો દેવો વિચારમાં પડી ગયા: 'અરે, આપણે તો પાપમાં ફસાઈ ગયા. અસુરો અને રાક્ષસો આપણામાં ભળી ગયા છે. આપણે તો આ દ્વેષ કરનાર શત્રુઓના ભોગ બની ગયા. આપણે આનો ઉપાય કરવો જોઈએ ચાલો આપણે સમજી જઈએ અને આપણામાંના એક ને મોટો ગણી લઈએ.'

તે દેવોએ ભેગા થઈ, સમજી, સહકાર સાધી ઇન્દ્રને મોટો બનાવ્યો. ત્યારથી બ્રહ્મવાદી લોકો કહે છે: આ બધા દેવો ખરા; પણ એમાં સૌથી

---

૧. શ. બ્રા ૩, ૪, ૨

મોટો દેવ તો ઇન્દ્ર. તેના કહ્યા પ્રમાણે બધા દેવો ચાલે; તેને બધા દેવો અનુસરે.

આને કારણે પોતાના સંબંધીજનોની સાથે ઝઘડો કરવો નહિ; કારણ કે જે વૈરિજન ઘણે દૂર રહેલો હોય; તે પણ તેમની નિકટ આવીને પગલું ભરે. પોતાના દૂષીલા જનોનું જે કાંઈ બગાડવું હોય, તે પ્રમાણે તે બગાડી શકે અને તે લોકો તેના ભોગ બની બેસે; માટે તેમને વચમાં આવવા દેવા નહિ.

આ દેવો પરસ્પર મળીને વિચારણા કરે છે: 'ચાલો, આપણે બધા ભેગા થઈને શપથ લઈએ; જેથી આપણે છૂટા પડીએ નહિ અને આપણા સાથ સહકાર કદી નાશ પામે નહિ.

આમ વિચારીને પોતાનાં સુંદર શરીરે અને તેજસ્વી ધામ—સામર્થ્યને સાથે રાખીને; તે દેવો એકઠા થયા. તેમણે વારા ફરતી આવીને શપથ લીધા: 'આપણે જે શપથ લીધા છે; તે શપથનો ભંગ જે કોઈ કરશે; તે આપણાથી છૂટો થશે અને તે વાયુની લહરની જેમ વીંખાઈ જશે.'

આપણા આ શપથનો ઉપદ્રષ્ટા—સાક્ષી કોણ બનશે? તનૂનપાત્, જે શાક્વર—સર્વ સમર્થ છે. જે અહીં પવનની જેમ ગતિ કરે છે; તે આ શાક્વર તનૂનપાત્ છે. જે જીવતાં જાગતાં પ્રજાજનો છે; તેમના ઉદરમાં રહેલ આ જાઠરાગ્નિ છે, જેને સહારે પ્રાણ અને અપાન: શ્વાસ પ્રવાસ ચાલે છે. જે તનૂમાં રહે છે, તો પણ તેને પાડતો નથી, માટે તે તનૂનપાત્ અગ્નિ છે.

'આ કારણે બ્રહ્મવાદીઓ જણાવે છે: મનુષ્યના મનને તો દેવો જાણી લેતા હોય છે; કારણ કે, 'માણસ મનથી જે સંકલ્પ—વિચાર કરે છે; તે તેના પ્રાણ સુધી પહોંચી જાય છે; ને પ્રાણ વાયુ પાસે અને તે વાયુ દેવોની પાસે પહોંચી જાય છે અને તે મનુષ્યનું મન કેવું છે, તે કહી દે છે.' આ પરથી તો ઋષિએ જણાવ્યું છે:

'માણસ મનથી જે કાંઈ સંકલ્પ કરે છે, તે વાયુ પાસે પહોંચી જાય છે. અને 'આ મનુષ્યનું મન કેવું છે' એ વાત દેવોને કહી દે છે.

આ રીતે દેવો પણ પોતે લીધેલા શપથને તોડતા નથી. જો એ તોડે, તો પછી તે શા રીતે દેવો કહેવાય? એ તો જુઠું બોલ્યા ગણાય અને તેમના જીવનનું એકજ વ્રત છે, અને તે સાચું બોલવું. આ સત્યથી તો તે વિજય મેળવે છે, જે બીજી રીતે મળતો નથી; તેજને પણ તે મેળવી લે છે. આમ તાનૂનપત્ર એક સોગંદ-વિધિ બની રહે છે. જેનો સંબંધ તનૂનપાત્—અગ્નિ સાથે છે.

યજમાન અને ઋત્વિજો તપાવેલ ઘીનો સ્પર્શ કરીને શપથ લે છે:

'આ યજ્ઞમાં અમે બધા એકમત થઈને કાર્ય કરીશું અને પરસ્પર વિરોધ નહિ કરીએ.' આ ક્રિયાથી સહકાર દૃઢ થાય છે અને બળ મળે છે,

અગ્નિશાળામાં અતિથિ સોમ આવ્યા છે; તે સુકાઈ જાય નહિ અને તાજા માજા રહે, એ કારણે મંત્ર ભણીને જલ છાંટવાનાં છે; તે વિધિને સોમનું આપ્યાયન–પુષ્ટ કરવાનું કર્મ કહે છે.

અતિથિનો સત્કાર કરવા માટે સ્થાન વિશાળ જોઈએ. એક વેદિની રચના કરી છે, ત્યાં ઇષ્ટિઓ કરવાની છે. સોમયાગને માટે એક મોટી વેદિ બનાવવાની છે, તેને મહાવેદિ કહે છે.

સોમયાગમાં યજમાન વ્રત કરે છે અને શ્રમ કરે છે. ઋત્વિજો મંત્ર ભણે છે અને યજ્ઞનાં રહસ્ય સમજાવે છે, યજમાનનું હૃદય અને ઋત્વિજોનું મસ્તક બંને જોડવાનાં છે. કર્મ અને જ્ઞાનનો સુમેળ બેસાડવાનો છે; તેથી સોમનો સત્કાર સારી રીતે થાય છે. આ વિધિને પ્રવર્ગ્ય કહે છે; તેથી જાણે કે યજમાન નવા જીવનને મેળવે છે; જીવનનું તે પરિવર્તન છે. તેનું રહસ્ય આ છે:

'સોમયાગમાં જે ઉપસદ યાગ છે, તે તો યજ્ઞનો કંઠ અને પ્રવર્ગ્ય તો શિર છે. આથી જ્યારે પ્રવર્ગ્ય કરવામાં આવે, ત્યારે તેની પાછળ ઉપસદ કરવામાં આવે છે. આનો અર્થ તો એ થયો કે, તે મસ્તકની સાથે કંઠ અને શરીરને જોડે છે.'

પ્રવર્ગ્ય પછી જે ઉપસદ કરવામાં આવે છે, તે ઇષ્ટિ ગણાય છે. તેના દેવ અગ્નિ, સોમ અને વિષ્ણુ છે; તેમજ આહુતિ ઘીની અપાય છે. આ ઉપસદ ઈષ્ટિનું રહસ્ય આ પ્રમાણે છે:

૧ 'દેવો અને અસુરો એ બંને તો પ્રજાપતિના પુત્રો ગણાય. આ બંનેમાં મોટા કોણ, એ વિષે સ્પર્ધા જાગી. અસુરોએ તો ત્રણે લોકોમાં કિલ્લા સાથેની નગરીઓ બાંધી. પૃથ્વી લોકમાં લોખંડની પુરી, અંતરિક્ષમાં ચાંદીની પુરી અને આકાશમાં સોનાની પુરી; તેનાં નામ રાખ્યાં અયઃશયા, રજઃશયા અને હરાશયા.

દેવોએ તે પર આક્રમણ કરવાની તૈયારી કરી. આ ઉપસદ નામની ઇષ્ટિઓથી તેમણે તે પુરીઓને મેળવવાની યુક્તિ કરી; તેને કારણે તો આ ઇષ્ટિઓનું નામ ઉપસદ રાખવામાં આવ્યું.

તેમણે તે પુરીઓના દુર્ગ તોડી નાખ્યા અને તે દ્વારા ત્રણેય લોકોને જીતી લીધા. આથી બ્રહ્મવાદીઓ જણાવે છે કે, 'આ લોકો ઉપસદનાં સાધનોથી પુરીને જીતી લે છે. તેથી જે કોઈ યજમાન ઉપસદથી અનુષ્ઠાનમાં બેસે છે, તે આ માનુષી પુરી–શરીરની નગરીને જીતી લે છે.'

અસુરોની રચેલી ત્રણ પુરીઓ તો આ શરીરને માટે ઘટે છે. તમોગુણ અને લોખંડ, રજોગુણ અને ચાંદી તેમજ સત્વગુણ અને સોનું. આ રીતે સરખામણી કરવામાં આવે, તો જય અને પરાજયનો ભાવ ઘટે છે. શરીરનો ઉપયોગ

---
૧. શ. બ્રા. ૩, ૪, ૪; ઐ. બ્રા. ૧, ૨૩, તૈ. સં. ૬, ૨, ૩

ખાનપાન અને ખેલકૂદમાં કરો; તે અસુરભાવ. તેનો જ ઉપયોગ પરોપકાર અને સેવામાં કરો, તો દિવ્ય ભાવ. ઇષ્ટિના દેવો અગ્નિ, સોમ અને વિષ્ણુ છે. તેનું તાત્પર્ય પણ આજ છે.

સોમના સત્કારના આ ત્રણ દિવસ છે. રોજ સવારે ને સાંજે પ્રવર્ગ્ય અને ઉપસદ ઇષ્ટિઓ કરવાની; તે સાથે યજમાને નિયમ પ્રમાણે રહેવાનું. આ ત્રણ દિવસ તેણે ખાવાનું નહિ. રાતે અને બપોરે દૂધ પીવાનું. તેનું માપ પણ ધીમે ધીમે ઓછું કરવાનું. પાંચમે દિવસે એટલે કે સોમયાગના મુખ્ય સુત્યા દિવસે દૂધ પણ બંધ કરવાનું. ફકત હવિનો પ્રસાદ લેવાનો. દરરોજની ઇષ્ટિઓ કરો, તેની સાથે સોમને સત્કારવા માટે પૂજન, અર્ચન અને સ્તુતિપાઠ કરવાના; તેથી અતિથિ પ્રસન્ન રહે છે. ત્રીજે દિવસે સવારે ઇષ્ટિ કરીને, મહાવેદિની રચના કરવાની છે, તેનું રહસ્ય આ છે:

૧ 'એક વખતે યજ્ઞ દેવો પાસેથી ચાલ્યો ગયો. તે વિષ્ણુનાં રૂપ લઈને ભૂમિની અંદર સંતાઈ ગયો. હાથ લાંબા કરીને દેવો તેને અટકાવવા લાગ્યા. ઇન્દ્રે તો આગળ જઈને તેને રોકી રાખ્યો. આથી વિષ્ણુએ પૂછ્યું: 'કોણ મને આમ અટકાવી રહ્યું છે? ઇન્દ્રે ઉત્તર આપ્યો: 'જેણે દુર્ગને ભેદી નાખ્યો, તે હું છું. તું કોણ છે?' તેણે જવાબ આપ્યો; 'તે હું છું, જેણે દુર્ગ ભેદીને દુર્ગ લાવી આપ્યો.' ઇન્દ્રે જણાવ્યું: 'તમે કહ્યું તે પ્રમાણે તમે સાચેજ દુર્ગને ભેદનાર છો; તેથી તો તમારૂં નામ વરાહ છે, જે વામમોષ છે: અર્થાત્ દેવોની મનકામનાઓ પ્રમાણેના પદાર્થો અસુરો પાસેથી લુંટી લાવે છે.'

તમે સાચેજ દુર્ગ ભેદનાર હો, તો અસુરો પાસેથી મેળવવા લાયક ધન સાધન લાવી આપો, જેને સાત ગિરિઓની પાછળ સંતાડેલું છે. તે પ્રમાણે વરાહરૂપ વિષ્ણુએ દર્ભ–ઘાસની ઝૂડી લીધી; તેથી સાત ગિરિઓને ભેદી નાખ્યા અને તે ધન-સાધન મેળવી લીધાં. એજ રીતે ભૂમિની અંદર જે યજ્ઞ સંતાઈ ગયો હતો; તે પણ યજન–સેવાપૂજન માટે મેળવી લીધો. અસુરોનું એ તો વેદ્ય–મેળવી લેવાનું વિત્ત–સાધન હતું, તેને કારણે તો; જે ભૂમિ મેળવી લીધી; તેને વેદિ કહેવામાં આવી.

પહેલાં તો આ બધી ભૂમિ અસુરોના તાબામાં હતી. પોતે બેસે અને હળે, ફળે એટલીજ ભૂમિ દેવોની પાસે હતી. તેમણે જણાવ્યું; 'આ ભૂમિમાં અમારો ભાગ પણ રાખો.' તેમણે પૂછ્યું: 'કેટલો ભાગ તમને આપીએ?' ઉત્તરમાં કહ્યું: 'આ સાલાવૃકી–વરુડી ત્રણ વાર ફરે; એટલી ભૂમિ તમે અમને આપો.' તે પ્રમાણે ઇન્દ્રે સાલાવૃકીનું રૂપ લઈને; ત્રણવાર ફરીને આખી ભૂમિ લઈ લીધી. તે ભૂમિ

૧. તૈ. સં. ૬, ૨, ૪

વેદિ ગણાઈ; કારણ કે દેવોએ તેને મેળવી લીધી. अविन्दन्त तद् वेद्यै वेदित्वम्–તે વેદિના રૂપે ભૂમિ મેળવી. આમ આખીય ભૂમિ વેદિરૂપેજ ગણાય છે; પરંતુ માપથી યજ્ઞમાં જેટલો ઉપયોગ થઈ શકે; તેટલી ભૂમિમાં વેદી બનાવવી જોઈએ.'

સોમયાગ માટે આ મહાવેદિ તૈયાર કરવામાં આવે છે, માટે તેને સૌમિક વેદિ કહે છે; તેની ઉપર મંડપ રચવામાં આવે છે. પશ્ચિમ ભાગના મંડપનું નામ સદઃ-શાળા છે. વચમાં હવિર્ધાન; જ્યાં બે ગાડીઓ રાખવામાં આવે છે. સોમ તે હવિ ગણાય છે; તેને આ ગાડીઓમાં મુકે છે. માટે તેને હવિર્ધાન કહે છે. વેદિની બંને બાજુએ બે નાનાં ઘર તૈયાર કરવામાં આવે, તેને આગ્નીધ્રીય અને માર્જાલીય કહે છે. સદઃશાળામાં અગ્નિની હાર ગોઠવાતી; તે સ્થાનોને ધિષ્ણ્ય કહે છે, ત્યાં બેસી ઋત્વિજો મંત્ર ભણે છે. ત્યાં ઉમરડાની ડાળની ખૂંટી ખોદવામાં આવે, તેને ઔદુંબરી શાખા કહે છે.

મહાવેદિના આગલા ભાગે ઉત્તરવેદિની રચના સિંહના આકારની કરવામાં આવે છે; તેનો મહિમા ગાતાં ઋષિ જણાવે છે :

[1] 'સિંહીનાં રૂપે ઉત્તરવેદિ દેવો અને અસુરોથી ખસીને સંતાઈ ગઈ દેવોએ વિચાર કર્યો : 'જે પક્ષે તે આવીને ઉભી રહેશે. તેની તે ગણાશે' તેમણે મંત્ર ભણીને તેને આમંત્રણ આપ્યું. વેદિએ આવીને જણાવ્યું : મારાથી તમારી બધી કામનાઓ સફળ થશે. હું એક વરદાન માંગું છું. તમે અગ્નિને આહુતિ આપો, તે પહેલાં મને આહુતિ મળવી જોઈએ.' આથી અગ્નિમાં આહુતિ આપતા પહેલાં વેદિ પર ઘીનો લેપ કરવામાં આવે છે.

[2] તે ઉત્તર વેદિએ જણાવ્યું : તમે બધી કામનાઓ ભોગવો. દેવોએ ઈચ્છા કરી : 'અમારા શત્રુઓ અસુરો છે, તેમને હરાવીએ' આમ કહીને તેમણે વેદિ પર ઘીનો લેપ કર્યો : 'તું સિંહી છે, જે શત્રુઓને હરાવે છે, સ્વાહા; તું સિંહી છે, જે સારી પ્રજાને આપે છે. તું સિંહી છે, જે ધનસાધન અને પશુઓની પુષ્ટિ આપે છે. તું સિંહી છે, જે આદિત્યથી પ્રતિષ્ઠા આપે છે. તું સિંહી છે, જે યજમાન પાસે દેવોને બોલાવે છે અને આશિષ આપે છે.'

આમ વેદિ પર પાંચ વખત ઘીનો લેપ કરે છે, જે આહુતિ ગણાય છે. હવિ-ર્ધાન ગાડીઓ માટે અને સદઃશાળા પર મંડપ રચવાનું રહસ્ય આ છે :

[2] 'હવે તે યજમાન ગાડીના બંધનને છોડી નાખે છે અને તેની પર જલ છાંટે છે. આથી તેને શુદ્ધ બનાવે છે; તેને વરુણના પાશથી છોડાવે છે. ગાડીની ધરીને બાંધી રાખી હતી; તે તો વરુણની કઠોર વાણી છે; જે યજમાનને હાનિ

૧. તૈ. સં. ૬, ૨, ૭ ૨ તૈ. સં. ૬, ૨, ૮

[1]પહોંચાડે છે. 'આ ઘર માટે તમે સારી વાણી બોલો' એ મંત્ર છે. હવે ઘર તો કઠોર વાણીને દૂર કરવા માટે છે. પત્ની ત્યાં શાંતિ માટે જલ છાંટે છે. એ પત્ની તો સર્વની સાથે મિત્ર બનીને રહે છે. એ પત્ની યજ્ઞમાં ભાગ લે છે. તેથી જુગલ જોડીનો મેળ બેસે છે. એ યજ્ઞ સતત ચાલૂ રહે છે.

આ હવિર્ધાન તો યજ્ઞનું શિર, ઉપરવ—અવાજ કરનાર છિદ્ર તો પ્રાણ, સોમરસ કાઢનાર અધિષવણ—ઓરસીયા જડબાં, મૃગચર્મ જીભ, વાટવા દાંત, આહવનીય અગ્નિ મુખ, ઉત્તર વેદિ નાક અને સદસ્ તો ઉદર—પેટ છે.

[2] 'પુરુષ એ યજ્ઞ છે, તેનું કારણ આ છે: પુરુષ તેનો વિસ્તાર કરે છે, માટે પુરુષના માપે યજ્ઞની રચના થાય છે. હવિર્ધાન—ગાડું શિર છે, જેના દેવ વિષ્ણુ છે, તે ગાડામાં સોમ રાખે છે, તે હવિ છે, માટે તેને હવિર્ધાન કહે છે. આહવનીય અગ્નિ મુખ છે. મુખમાં હવિ નાખો, એ રીતે તેમાં આહુતિ અપાય છે. યૂપનો થાંભલો તેના કેશનો ગુચ્છો (સ્તૂપ) છે. આગ્નીધ્રીય અને માર્જાલીય તેના બે બાહૂ છે. સદસ્ પેટ છે; તેમાં વિશ્વેદેવોએ સદન—બેઠક લીધી હતી; માટે ત્યાં ઋત્વિજો બેસે છે. અગ્નિશાળામાં રહેલા બે અગ્નિઓ તેનાં ચરણ છે. પુરુષના માપની લંબાઇ હોય; એ રીતની રચના છે, માટે યજ્ઞને પુરુષ કહ્યો છે.

સોમને માટે મહાવેદિ તૈયાર થઈ; તેના અગ્રભાગે ઉત્તરવેદિ રહે છે. હવે ચોથે દિવસે સવારે પ્રવર્ગ્ય અને ઉપસદ યાગ કર્યા પછી અહીં અગ્નિને લાવવામાં આવે છે. ઇષ્ટિની વેદિ પાસે રહેલ આહવનીયમાંથી અગ્નિ લાવી, ઉત્તરવેદિની નાભિમાં તેને મુકવાનો છે. મહાવેદિ પર સોમને મુકવાનો છે. અગ્નિ અને સોમ બંને સોમ-યાગના મુખ્ય દેવો છે.

ગાયત્રી સોમને લાવી; ત્યારે અજા—બકરી અને જ્યોતિ સાથે રાખ્યાં હતાં. અજા એ પશુઓનું અને અગ્નિ જ્યોતિનું પ્રતીક છે. દૂધ, દહીં, ઘી વગેરે હવિ પશુથી મળે છે. તે પશુને વેદિ પાસેના યૂપથી બાંધવામાં આવે છે. અગ્નિ અને સોમ બંને તેના દેવ છે; માટે તેને 'અગ્નિષોમીય પશુ' નામ આપવામાં આવ્યું છે; તેનું રહસ્ય આ છે:

આ જગત બેજ પદાર્થનું બનેલું છે: એક શુષ્ક અગ્નિ અને બીજો આર્દ્ર સોમ. અગ્નિ અને સોમના સમર્પણ વિના યજ્ઞ થાય નહિ. યજમાન પણ પોતે સમર્પણ કરે છે, માટે યજ્ઞ થાય છે. અજાને સામાન્ય બકરી ગણી; તેનાં બલિ આપવાની પ્રથા ચાલૂ થઈ; તેનો મેળ બેસતો નથી.

---

૧. તૈ. સં. ૬, ૨, ૯–૧૧, કા. સં. ૨૫, ૮; મૈ. સં. ૩, ૮, ૭; શ. બ્રા. ૩, ૫, ૩, ૭
૨. શ. બ્રા. ૩, ૫, ૩

ચોથા દિવસે અગ્નિને લાવી દીધા પછી, અગ્નીષોમીય પશુને યૂપની સાથે બાંધે છે અને પશુઓ દ્વારા સામગ્રી મળે, એ પશુઓની વૃધ્ધિ કરવા પશુયાગ કરવામાં આવે છે, તે ક્રિયા સાંજ સુધી ચાલે છે.

ગાંધર્વોએ સોમને ત્રણ દિવસ સાચવી રાખ્યો હતો; તેને કારણે આ સોમ-યાગમાં પહેલો દિવસ તો યજમાનને દીક્ષા આપવામાં ગયો. બીજે દિવસે જે પ્રાયણીય ઇષ્ટિ કરી; તેના દેવ અગ્નિ અને વિષ્ણુ છે, તેમનાથી યજ્ઞની શરુઆત કરી.

રાજા સોમને અતિથિ ગણીને અગ્નિશાળામાં પધરાવ્યા; તેમનો આદર સત્કાર સારી રીતે થાય, તે માટે ઋત્વિજોએ સાથે રહી, સહકારથી કાર્ય સાધવા શપથ લીધા. યજ્ઞનાં કાર્યમાં તનનાં અને મનનાં, હાથ ને હૈયાનાં, બુદ્ધિ ને બળનાં જોડાણ જોઈએ. પતિ અને પત્નીના સહકાર જોઈએ.

પતિ અને પત્ની સમાજની સેવામાં આગળ વધે; સાથે ઘરનો વિસ્તાર થાય. નવું ઘર રચવું પડે, અતિથિઘરની જરૂર પડે. સાધન સામગ્રી અને પશુઓની સમૃદ્ધિ વધતી જાય; તેમ તેમ કાર્યનો ભાર પણ વધતો જાય. આ તો રાજા સોમ; તેના સત્કારમાં ઉતાવળ કે ધાંધલ ન ચાલે; પુરી ધીરજ રાખવી પડે; સૌમ્ય બનવું પડે. મીઠાશથી કામ લેવું પડે.

આંગણે આવેલ રાજા સોમ છે, તેના સત્કારમાં યજમાન પણ સોમ—સૌમ્ય બની સૌના સાથ સહકાર સાધે; તેની તૈયારીના આ ત્રણ દિવસો છે.

અહીં યજમાન સોમ બને છે, ઋત્વિજો દેવ બને છે. તે સાથે પશુઓ પણ યજમાનની સમૃદ્ધિ વધારી, દેવોને રાજી કરે છે. આ રીતે પશુયાગ એક મહત્વનું અંગ છે; તેનું રહસ્ય બ્રહ્મવાદી આ રીતે સમજાવે છે:

૧ 'પહેલાં પ્રજાજનોનાં સર્જન કરતાં, પ્રજાપતિને લાગ્યું કે: 'પોતે ખાલી થઈ ગયા છે.' પ્રજાજનો પણ તેમનાથી વિમુખ થઈ ગયાં. તેમની શોભા માટે કે અન્નની સમૃદ્ધિ માટે, કોઈ રહ્યું નહિ.

પ્રજાપતિએ વિચાર કરીને ફરીથી તપ કર્યાં; તેથી તેમને અગિઆર પશુઓનાં દર્શન થયાં; જેને એકાદશિની નામ આપ્યું. તેમણે પશુઓની સમૃદ્ધિ વધારવા માટે એકાદશિની યાગથી યજન કર્યાં, એથી તેમને પ્રજા અને પશુની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વિમુખ થએલાં પ્રજાજનો તેમની શોભા અને સમૃદ્ધિ વધારવા પાછાં ફરે છે. એ પ્રમાણે યજમાન પશુયાગ રૂપે એકાદશિનીનાં યજન કરે; તો તેની શોભા અને સમૃદ્ધિ વધે છે.

આ માટે પહેલું પશુ અગ્નિને માટે છે; જે બધા દેવોનું મુખ છે. તે પોતે પ્રજાપતિ છે અને યજમાન પણ છે. બીજું પશુ સરસ્વતીને માટે છે, જે વાણી છે,

૧. શ. બ્રા. ૩, ૮, ૬

તેથી પ્રજાપતિ વાણીનું બળ મેળવે છે. ત્રીજું પશુ સોમ ને માટે છે, જે અન્ન છે. વાણીથી માણસ અધૂરો રહે છે, અન્ન મેળવી તે પૂર્ણ થાય છે. ચોથું પૂષાને માટે છે, પશુઓ પૂષાનાં રૂપ છે. તેથી ગએલાં પશુ પાછાં આવે છે. પાંચમું બૃહસ્પતિને માટે છે; તે તો બ્રહ્મ—મંત્ર રૂપે છે, અન્ન અને મંત્રનો સંબંધ પરસ્પર પૂરક છે. છઠ્ઠું વિશ્વેદેવોને માટે છે. આ સઘળો સંસાર એ તો વિશ્વરૂપે છે. એ બ્રહ્મનો વિશ્વની સાથે સંબંધ જોડાય છે. સાતમું ઈન્દ્રને માટે છે; એ તો વીર્ય અને સામર્થ્ય છે. આઠમું મરુતોને માટે છે. ઈન્દ્ર ક્ષત્રિય છે અને મરુતો પ્રજાજનો છે. નવમું ઈન્દ્ર અગ્નિ બંનેના સહકારને માટે છે. દશમું સવિતા માટે છે, જે દેવોની કામનાને સર્જે છે અને અગિઆરમું વરુણને માટે છે; જેથી વરુણ રાજી થતાં બધા પાશ છૂટી જાય છે.'

આ પશુઓ સાધન અને સંપત્તિનાં પ્રતીક બને છે. તેમનો દેવોની સાથે સંબંધ જોડવો, તેનો અર્થ એ છે કે; આ પશુઓ સમાજ અને રાષ્ટ્રને માટે ઉપયોગી છે; તેમનાં પાલન, પોષણ કરવાથી અને સારી રીતે સંભાળ રાખવાથી ઘણો લાભ થાય છે. પશુ શબ્દની વિચારણા કરતાં, ઋષિઓએ જુદા જુદા ભાવોમાં તેનાં દર્શન કર્યાં છે:

[1] 'પહેલાં સર્જેલા દેવોમાં અગ્નિ પશુરૂપે હતો, તેના વડે દેવોએ યજન કર્યાં હતાં. વાયુ પશુરૂપે હતો, તેથી યજન કર્યાં, સૂર્ય પશુરૂપે હતો, તેથી યજન કર્યાં.

[2] 'પહેલાં આ લોકમાં દેવો સાધ્ય રૂપે હતા: અર્થાત્ તે સાધના કરતા હતા. તેમણે સાધનરૂપે જ્યારે કાંઇપણ જોયું નહિ, ત્યારે તેમણે અગ્નિને પશુ—સાધન રૂપે કલ્પી, તેથી યજન કર્યાં; જે અગ્નિમેધ યજ્ઞમાં અગ્નિને પશુરૂપે ગ્રહણ કર્યો હતો. તે અગ્નિમેધ યજ્ઞથી તો આ બધી પ્રજાઓનાં સર્જન થયાં છે.

હવે જે રુદ્ર છે, તેજ અગ્નિ છે અને યજમાન તો પશુરૂપે છે, માટે પશુને પ્રાપ્ત કરીને અગ્નિનાં મંથન કરવાં જોઈએ. અહીં બ્રહ્મવાદીઓ, જણાવે છે:

'અગ્નિ એ તો સઘળા દેવોનાં રૂપ છે અને જે આ હવિ છે, તે તો પશુ છે. આને કારણે યજમાન પશુને ગ્રહણ કર્યા પછી, અગ્નિનાં મંથન કરે છે. આનો ભાવ એ થાય છે કે, યજ્ઞમાં આહુતિ રૂપે આપવાને જે હવિ તૈયાર કર્યું, તે બધા દેવોને માટે છે.

[3] 'જે પશુને યૂપની સાથે બાંધેલ છે, તેની ચારે બાજુ ઋત્વિગ્ અગ્નિનું ઉંબાડિયું લઈને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે. આ ક્રિયાને પર્યગ્નિકરણ કહે છે; તેથી તે પશુ સર્વહુત સર્વ રીતે યજ્ઞને ઉપયોગી છે, એમ જણાય છે.'

---

૧. વા. સં. ૨૩, ૧૭ ૨. તૈ સં. ૬, ૩, ૫ ૩. તૈ. સં. ૬, ૩, ૮

સોમયાગમાં આ પશુઓ માટે અગિયાર યૂપ તૈયાર કરવામાં આવે છે; તેમની રચના અને આકૃતિનાં રહસ્ય પણ સમજાવવામાં આવ્યાં છે. યજ્ઞમાં રજૂ થએલાં આ પશુઓને પર્યગ્નિકરણથી શુદ્ધ કરવામાં આવે છે, તે ભાવ આ રીતે છે:

[૧] ‘હે પશુ, તારાં વાણીનાં શોધન કરૂં છુ, તારા પ્રાણ, આંખ, કાન, નાભિ, લિંગ, ગુદા, ચરણો આ બધાં અંગ ઉપાંગનાં શોધન કરૂં છું.

‘હે પશુ, તારાં મન, વાણી, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ બધાં અંગ ઉપાંગ અને સાધનોમાં નવા પ્રાણ આવો, નવી પ્રેરણા જાગો. નવાં બળ વસો.’

પશુયાગનું આ રહસ્ય ઋષિઓ અને બ્રહ્મવાદીઓ રજૂ કરે છે. યજમાન આ ચાર દિવસમાં બધી તૈયારીઓ કરે છે. તેણે યજ્ઞની શરુઆત તો પ્રાયણીય ઇષ્ટિથી કરી છે. પહેલે દિવસે દીક્ષા લઈને અધિકાર મેળવી લીધો છે. બીજો, ત્રીજો ને ચોથો એ ત્રણ દિવસ દીક્ષાના ગણાય. પાંચમો દિવસ મુખ્ય ગણાય. આ તો અવાન્તર દીક્ષા છે; તેના વિસર્જન માટે હોમ કરવાનો છે, માટે તે વૈસર્જન ગણાય છે. આની સાથે સાથે અતિથિરૂપે આવેલ સોમને માટે ઇષ્ટિ કરવાની છે. પ્રવર્ગ્ય અને ઉપસદ: એ બે ઇષ્ટિઓ પ્રમાણે ત્રણ દિવસના ૭ પ્રવર્ગ્ય અને ૭ ઉપસદ થાય છે.

યજમાનની સાથે યજમાનપત્ની તો હોય જ; એ તો મુખ્ય અંગ ગણાય. ઋત્વિજોના સાથ સહકાર તો અગ્નિની સાક્ષીએ સોગંદ વિધિથી સિદ્ધ થયા છે. અગ્નિ, ઇન્દ્ર વગેરે દેવોના નિવાસ માટે તો નવાં ઘર—અગ્નિશાળા અને મહાવેદિ વગેરેની રચના થઈ છે. યજમાને આ દિવ્ય વ્રત ધારણ કર્યું છે.

---

૧. વા. સં. ૬, ૧૪–૧૫

[1] પ્રજાપતિએ કરેલું પ્રજનન–સર્જન જ્યોતિ ગણાય છે. એ રીતે અગ્નિ દેવોનું જ્યોતિ છે અને વિરાટ છંદ તે બધા છંદોનું જ્યોતિ છે. વાણીનો વિરાટ છંદ અગ્નિમાં રહે છે; અર્થાત્ તે અગ્નિ વિરાટ્‌ને અનુસરી ઉત્પન્ન થાય છે; માટે તે જ્યોતિ ગણાય છે.

એ સ્તોમ પ્રાણ અને અપાનની જેમ પ્રાતઃસવનને ધારણ કરે છે. એ સ્તોમ આંખ અને કાનની જેમ માધ્યંદિન સવનને તેમજ એ સ્તોમ વાણી અને પ્રતિષ્ઠા–આધારની જેમ તૃતીય સવનને ધારણ કરે છે.

આ સોમયાગ પુરુષના જીવનની સાથે સરખાવવામાં આવ્યો છે. અને તે રથ જેવો છે, જેને બે અસ્થૂરો ઘોડા જોડવામાં આવે છે. જેમ અસ્થૂરી–રથથી ધારેલા સ્થાને પહોંચી જવાય છે; તેમજ બે એ સ્તોમથી જોડાએલ સોમયાગથી યજમાન બધી કામનાઓ પુરી કરે છે, જેની કામના તે સેવી રહ્યો છે.

અગ્નિષ્ટોમ સોમયાગથી પ્રજાપતિએ પ્રજાજનોનાં સર્જન કર્યાં હતાં. તેમજ તે સોમયાગથી પ્રજાજનોને ગ્રહણ કર્યાં હતાં. તે સર્જેલાં પ્રજાજનો અને પશુઓને પકડવામાં આવ્યાં; ત્યારે ખચ્ચર પકડમાં નહિ આવતાં; દૂર ચાલી ગયું. પ્રજાપતિએ તેને પકડી પાડી; તેનું રેતસ્–બીજ લઈ લીધું અને તેને ગર્દભમાં મૂક્યું. આથી ગર્દભને બે રેત હોય છે.

અહીં બ્રહ્મવાદીઓ જણાવે છે :

૧. તૈ. સં. ૭, ૧, ૧

# ૪
# મુખ્ય દિવસ

એ રેત વડવામાં મૂક્યું; તેથી વડવા ઘોડીને બે રેત હોય છે. તેમણે ઓષધિઓમાં રેત મૂક્યું, આથી તે બહારના સ્નિગ્ધ પદાર્થથી લિપ્ત નથી; તોપણ સ્નિગ્ધ બનીને સર્જન કરે છે, તેમણે પ્રજાજનોમાં રેત મુક્યું, તેથી પ્રજાઓમાં જોડકાનાં જન્મ થયો છે.

આ રહસ્યને જે જાણે અને જે અગ્નિષ્ટોમ–સોમયાગથી યજન કરે છે, તે યજમાન પ્રજાજનોને જન્મ આપે છે, જે પહેલાં જન્મતાં નહોય અને જે જન્મતાં હોય છે, તેમને પ્રજનનને માટે ગ્રહણ કરે છે. આને કારણે બ્રહ્મવાદીઓ કહે છે;

'સોમયાગ સહુ યજ્ઞોમાં શ્રેષ્ઠ છે. સાચેજ, પ્રજાપતિ તો પહેલાં જયેષ્ઠ હતા. તેમણે પહેલાં સોમયાગથી યજન કર્યું હતું. તે પ્રજાપતિએ કામના કરી, હું પોતે પ્રજનન કરું. તેમણે મુખથી ત્રિવૃત (સ્તોમ)નાં સર્જન કર્યાં. તેથી દેવોમાં અગ્નિ, છંદોમાં ગાયત્રી, સામગાનોમાં રથન્તર, માણસોમાં બ્રાહ્મણ અને પશુઓમાં અજ; એ બધાનાં સર્જન થયાં, માટે તે મુખ્ય ગણાય છે, કારણ કે તેમનાં સર્જન પ્રજાપતિના મુખથી થયાં છે.

તે પ્રજાપતિએ છાતી અને બે બાહુથી પંચદશ (સ્તોમ)ની રચના કરી; તેથી દેવ ઈન્દ્ર, ત્રિષ્ટુપ્ છંદ, બૃહત્ સામ, મનુષ્યોમાં ક્ષત્રિય અને પશુઓમાં ઘેટું : એ પદાર્થોનાં સર્જન કર્યાં; માટે તેમનામાં વીર્ય–સામર્થ્ય હોય છે.

તે પ્રજાપતિના મધ્ય શરીરથી સપ્તદશ (સ્તોમ)ની રચના થઈ છે. તેથી દેવો વિશ્વેદેવ, છંદ જગતી, સામ વૈરૂપ, માણસોમાં વૈશ્ય અને પશુઓમાં ગાયો; એ પદાર્થોનાં સર્જન થયાં છે. તેમનાં સર્જન અન્નના સાધનથી થયાં છે, માટે તે પદાર્થો આદ્ય અન્ન ગણાય છે; અર્થાત્ તે માનવોના ભોગ પદાર્થો છે, જેની સેવા લઈ શકાય છે.

તે પ્રજાપતિના પગથી એકવિંશ (સ્તોમ)ની રચના થઈ છે. તેથી અનુષ્ટુપ છંદ, વૈરાજ સામ, મનુષ્યોમાં શૂદ્ર અને પશુઓમાં અશ્વનાં સર્જન થયાં છે. આ ચરણથી દેવોનાં સર્જન થયાં નથી.'

સોમયાગનો આ મુખ્ય દિવસ ગણાય છે. સોમને પત્થરથી લસોટી, પાણી સાથે મેળવી, રસ તૈયાર કરી, નાનાં નાનાં પાત્રોમાં ભરવાનો છે અને તે સોમરસની આહુતિ આપવાની છે. સવાર, બપોર અને સાંજ એ ત્રણ કાળમાં કરવાની ક્રિયાને પ્રાતઃસવન, માધ્યન્દિન સવન અને તૃતીય સવન કહે છે. પ્રાતઃસવન માટે સોમનો અરધો ભાગ અને માધ્યંદિન સવનમાં બાકીનો અરધો ભાગ પીસી લસોટી તૈયાર કરવામાં આવે છે. એક ટૂકડા જેટલો ભાગ સાયંસવન માટે રાખવામાં આવે છે.

સોમરસ રાખવા ત્રણ લાકડાંના ઘડા રાખવામાં આવે છે, તેમને આધવનીય, દ્રોણ કળશ અને પૂતભૃત્ કહે છે. દ્રોણકળશ પર ઘેટાંના વાળની ચારણી મુકી,

પાણીની સાથે સોમરસ ગાળવામાં આવે છે. એ ગાળેલા શુદ્ધ પવિત્ર રસને ‘પવમાન સોમ’ કહે છે. જેનો મહિમા ઋષિઓએ અનેકરૂપે ગાયો છે.

આ સોમરસની આહુતિઓ ઘણા દેવોને આપવાની છે. એક એક આહુતિ માટે જેટલો સોમરસ લેવાય; તે ભરવાનાં પાત્રને ગ્રહ કહે છે; તેની સંખ્યા અગિઆર હોય છે, બીજી જાતનાં પાત્રને ચમસ કહે છે, તેની સંખ્યા દશ હોય છે.

ઋષિઓ અને બ્રહ્મવાદીઓ સોમયાગને જીવનની સાથે સરખાવે છે. ત્રણ સવનની જેમ જીવનની ત્રણ દશા છેઃ બાલપણ, યૌવન અને ઘડપણ. પહેલી બે દશામાં જીવન સરસ મધુર હોય છે, ત્રીજી દશામાં રસ સુકાઈ જાય, તોપણ તેને ટકાવી સરસ બનાવી જીવન યાત્રા પુરી કરવાની છે માનવના જીવનનાં રક્ષણ દેવો કરે છે, માટે દેવોને રાજી રાખવા માનવે પરોપકારનાં કાર્યો કરવાં જોઇએ. માનવનું જીવન સો વર્ષનું ગણાય; પણ દેવોનો તો એક દિવસ ગણાય. જીવન સોમયાગ બની જાય, તો તે દિવસ સફળ બની જાય. અધ્વર્યુ ગ્રહોમાં સોમરસ ભરીને આહુતિ આપવાનું કાર્ય કરે છે; તે વખતે હોતા દેવોની સ્તુતિ પ્રશંસાનાં સૂક્ત ભણે છે. તેને શસ્ત્ર કહે છે, ઉદ્દગાતા દેવોનાં સ્તોત્રને વરંવાર ગાઇ સંભળાવે છે. ગાયા વિના ઋચા ભણવી; તે શસ્ત્ર અને ઋચા ગાઇ સંભળાવવી, તે સ્તોમ કહેવાય છે. ઋગ્વેદમાં સૂક્તોને શસ્ત્ર પ્રમાણે ભણવાનાં, સામવેદમાં સૂક્તોને સ્તોમની રીતે ગાઇ સંભળાવવાનાં અને યજુર્વેદના મંત્રોને ગ્રહ ભરીને આહુતિ આપતી વખતે બોલવાના. આમ સ્તોમ, શસ્ત્ર અને ગ્રહ એ ત્રણેય પ્રક્રિયા સાથે સાથે ચાલે છે.

ચોથા દિવસની રાતે હોમ કરીને ઋત્વિજો સુઇ જાય; પણ યજમાને સુવાનું નથી. રાત્રિના ત્રણ પ્રહર પુરા થાય, ત્યારે ઋત્વિજોને જગાડવાના અને તેમને તૈયાર કરવાના, તેમને દેવોની જેમ માનપાન આપવાનાં.

હજી પક્ષીઓના કલરવ સંભળાતા નથી, તે પહેલાં ઉદ્દગાતાએ વિશ્વરૂપા ગાન ગાવાનું છે, હોતાએ પ્રાતરનુવાક શસ્ત્ર ભણવાનું છે અને અધ્વર્યુએ વસતીવરી જલને ભરવાનાં છે. વિશ્વરૂપા ગાનમાં તો સારાય સંસારનો મહિમા ભર્યો છે. પ્રાતરનુવાક એ તો પ્રભાતીયાં ગાવાનો મહિમા અને વસતીવરી તો જીવનનો રસ. તેનાં રહસ્ય બ્રહ્મવાદી રજૂ કરે છે:

[૧] ‘પહેલાં યજ્ઞનું મસ્તક છેદાઇ ગયું હતું; ત્યારે તેનો રસ વહીને પાણીમાં ભરાઇ ગયો હતો. હવે જે પાણી વહેતાં રહે છે; તે યજ્ઞના રસને સાથે લઇને વહેતાં હોય છે. આ જલ વસતીવરી ગણાય છે. યજ્ઞના કામમાં આવે, તે માટે વહેતાં પાણીમાંથી એ જલ લેવામાં આવે છે; કારણ કે તે યજ્ઞનો રસ છે.

૧. શ. બ્રા. ૩, ૯, ૨,

આ વસતીવરીનાં જલને ત્રણેય સવનોમાં વહેંચી દેવામાં આવે છે તે રીતે સોમરસ તૈયાર કરવામાં આવે; તેમાં આ જળ ભળી જાય છે અને તેથી સઘળાં સવન રસથી ભરપૂર બને છે.

યજ્ઞના રક્ષણ માટે આ વહેતાં જલ ભરવામાં આવે છે. તેનું કારણ આ છે.

સંસારમાં સઘળા પદાર્થો આરામ સેવે છે; પણ વાયુ જે ગતિ કરે છે અને પાણી જે વહેતાં રહે છે, તે આરામ લેતાં નથી.

આ વસતીવરી જલને લાવી યજ્ઞમાં બધે ઠેકાણે ફેરવવામાં આવે છે; તે તો યજ્ઞના રક્ષણને માટે છે. અગ્નિ તો યજ્ઞભૂમિને મોખરે રહે છે. આ જલ બધે ફરતાં રહે છે અને તેથી તે દુષ્ટ રાક્ષસોને હણી નાખે છે, જે નાષ્ટ્ર હોઇ રાષ્ટ્રનો નાશ કરે છે. અગ્નિઘરની પાસે તે જલને રાખે છે. 'તમે વિશ્વેદેવોનાં ભાગીદાર છો,' એ મંત્ર ભણવાથી તેમાં બધા દેવોનો પ્રવેશ થાય છે. આ જલ તો સાચે, વસનારા પદાર્થોમાં વર–ઉત્તમ છે. આને કારણે તો આ જલને વસતીવરી કહ્યાં છે. આ રહસ્યને જે જાણે છે, તે તો ખરેખર સર્વે નિવાસી જનોમાં શ્રેષ્ઠ–વસતીવર બને છે. 'એ વસતીવરી જલને ભરતાં અધ્વર્યુ મંત્ર ભણે છે:

૧ 'આપોદેવી જે જલ છે; તે તો હવિની સાથે જોડાએલ છે. યજમાન હવિને સાથે રાખી, વસતીવરીને વસાવે છે. આ સૌમ્ય અધ્વર તો યજ્ઞદેવ રૂપે છે અને તે હવિને ધારણ કરે છે; તે રીતે સૂર્ય હવિષ્માન્ હો'

સોમયાગમાં તૈયાર કરેલ પવમાન સોમ દેવોનું ઉત્તમ હવિ ગણાય છે. જલ તો જીવન ગણાય છે; તેમાં સોમ સરખી રીતે સાચવવામાં આવે, તો પરોપકારનાં કાર્યો કરી શકાય. સેવાનાં કાર્યોમાં રસ લેનારા યજમાનની સરખામણી સૂર્યની સાથે કરવામાં આવે છે. જે સર્વનાં હિત કરે છે.

વસતીવરીનાં જલ ભરવામાં આવ્યાં, તેની સાથે પ્રાતરનુવાકનું શંસન હોતાએ કરવાનું છે; તેની વિચારણા કરતાં બ્રહ્મવાદી જણાવે છે;

૨ 'અગ્નિ પર સમિધ મુકતાં અધ્વર્યુ જણાવે છે: જે દેવો प्रातर्यावाणः- સવારે વહેલા આવવાના છે, તેમને માટે જણાવો અર્થાત્ પ્રાતરનુવાકનાં શંસન કરો. હવે વહેલા આવનાર દેવો તો છંદોરૂપે છે. અધ્વર્યુ સમિધ મુકીને અગ્નિને સચેત કરે છે; એથી તો તે છંદોને સચેત કરે છે. એજ રીતે હોતા પ્રાતરનુવાકથી શંસન કરે છે, તેથી તે છંદોમાં નવા પ્રાણ પૂરે છે. દેવોએ પણ એ છંદોના સામર્થ્યથી સ્વર્ગને મેળવ્યું હતું. એજ રીતે છંદોથી યજ્ઞને નિત્ય નૂતન બનાવે છે.'

આ શસ્ત્રના દેવો અગ્નિ, ઉષા અને બે અશ્વિની કુમારો છે. સૂર્ય ઉગે ત્યાંસુધી શંસન કરવાનાં છે; તેથી તેમાં સાતેય છંદ: ગાયત્રી, ઉષ્ણિગ, અનુષ્ટુપ્, ત્રિષ્ટુપ્,

---

૧. વા. સં. ૬. ૨૩ ૨. શ. બ્રા. ૩, ૯, ૩

બૃહતી, જગતી અને પંક્તિ આવી જાય છે. ધીરા સ્વરથી મંદ ગતિએ તેના પાઠ ભણવાના છે.

માનવના જીવનની શરુઆતનું આ પ્રાતરનુવાકમાં દર્શન થાય છે. પશુ પક્ષી તો ખાવા પીવા ને ખેલવામાં બધું ગુમાવે છે. પણ માનવે તો જાગીને જોવાનું છે અને શરીરના દેવોને સચેત બનાવી, જીવનમાં નવી પ્રેરણા મેળવી લેવાની છે. તેણે જીવનને સફળ બનાવવાનું છે. જીવનમાં અવનવા સોમરસનાં પાન કરીને, તેણે સૌમ્ય બનવાનું છે. સોમરાજની સાધના કરવાની છે.

જીવનના પ્રભાતે પ્રભાતીયાંની પ્રેરણા મેળવી બાલ, યુવા અને સ્થવિર એ ત્રણેય દશાને સવનરૂપ બનાવી, વૃદ્ધ દશાને ઉત્તમ બનાવી, જીવનને સફળ બનાવવાનું છે. સોમની સાથે માનવજીવનનો આ સુયોગ છે.

હવે જીવનનું પ્રભાત ઉગે છે; તેનો દેવ સૂર્ય છે. અધ્વર્યુ એક પાત્રમાં સોમરસ ભરીને, આહવનીય અગ્નિમાં આહુતિ આપે છે કોઈ ન સાંભળે; એવી વાણીથી યજુના મંત્ર ભણાય છે, ઋચા કે સામ નહિ; માટે તેને ઉપાંશુ હોમ કહે છે અને તે પાત્રને ઉપાંશુ ગ્રહ કહે છે. સૂર્ય ઉગ્યા પહેલાં હોમ કરવાનો છે. સૂર્ય ઉગ્યા પછી બીજો હોમ કરવાનો; તેને અંતર્યામ કહે છે અને તે પાત્રને અંતર્યામ ગ્રહ કહે છે. તેના દેવ સૂર્ય છે. અહીં ઋચા કે સામ નથી.

ત્યારબાદ ઋત્વિજો મહાવેદિની બહાર આવે છે. આ સમયે ઉદ્‌ગાતા બહિષ્પવમાન સ્તોત્રની નવ ઋચાઓ ગાય છે, હોતા શસ્ત્ર ભણે છે અને અધ્વર્યુ ત્રણ જોડીઆ દેવોને આહુતિઓ આપે છે, માટે તે યાગ કહેવાય છે. હોમ તો જીવનની શુદ્ધિ છે, તે એકલા પંડે થાય, યાગ તો પરોપકારનાં કાર્ય છે, તેમાં સાથ સહકાર જોઈએ.

ઐન્દ્રિવાયવ યાગના દેવ ઈન્દ્ર અને વાયુ છે, મૈત્રાવરુણ યાગના મિત્ર અને વરુણ તેમજ આશ્વિન યાગના બે અશ્વિનીકુમાર દેવો છે. અધ્વર્યુ ત્રણ ગ્રહ–પાત્રોમાં સોમરસ ભરીને આહુતિ આપે છે. સોમ તે હવિ છે; તેનો જે શેષ પ્રસાદ રહે તેનાં ભક્ષણ કરવાથી દિવ્ય પ્રેરણા મળે છે.

ત્યારબાદ બે ગ્રહ શુક્ર અને મંથી નામે છે; તે બંનેના દેવ ઈન્દ્ર છે. તે આહુતિઓથી ઈન્દ્રને વીર્ય અને સામર્થ્ય મળે છે. આ શુક્ર તો શુદ્ધ કરેલ પવમાન સોમનું વિશેષણ છે; તેની સાથે મંથિ તો જ્ઞાનનું મંથન છે.

પહેલાં શંડ અને મર્ક બે અસુરો યજ્ઞમાં વિઘ્ન નાખતા હતા; તેમનો નાશ આ બંને આહુતિઓથી થાય છે. શંડ તો નિષ્ફળ પ્રયત્ન અને મર્ક તો અવરોધ નાખનાર સાધન. એ બંનેને દૂર કરવાનું તાત્પર્ય છે. આ સાથે બે ઋતુગ્રહ છ છ દેવો માટે આહુતિઓમાં અપાય છે.

હવે પ્રાતઃસવનની મુખ્ય આહુતિઓ આવે છે: ઐન્દ્રાગ્ન, વૈશ્વદેવ અને ઉક્થ્ય. ઇન્દ્ર અને અગ્નિ તેમજ વિશ્વેદેવો: તેમને ઉદ્દેશીને અધ્વર્યુ એ આહુતિઓ આપે છે. ઉક્થ્ય ગ્રહની આહુતિ ત્રણ ભાગે અપાય છે, તે સમયે મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાક શસ્ત્ર ભણાય છે; તેને હોતાના સાથી મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાક ઋત્વિજો ભણે છે.

માધ્યન્દિન સવનની પ્રક્રિયા ટૂંકી છે. તેમાં શુક્ર અને મંથિ ગ્રહોની આહુતિઓ આપ્યા પછી, મરુત્વતીય અને માહેન્દ્ર યાગની મુખ્ય આહુતિઓ અપાય છે. આ સવનની સાથે ઋત્વિજોને દક્ષિણા દાન અપાય છે. જેથી સાયંસવન થતાં તો બધી વિધિ પતી જાય છે. છેલ્લું સવન તે ઉત્તમ સવન છે, તેમાં મુખ્યત્વે આદિત્ય, સાવિત્ર અને પાત્નીવત ગ્રહોની આહુતિઓ છે. વૈશ્વદેવ પણ છે. ઋષિઓ ગ્રહોની દિવ્ય ભાવનાને ગાય છે અને બ્રહ્મવાદીઓ તે વિષેનાં રહસ્ય રજૂ કરે છે:

[1] 'ઉપાંશુ પહેલો ગ્રહ છે, તે તો સોમયાગના પ્રાણ છે; ઉપાંશુસવન-પીસવાનો પત્થર વ્યાન છે અને અન્તર્યામ ગ્રહ ઉદાન છે. ઉપાંશુમાં રહેલ અંશુ તો સાક્ષાત્ પ્રજાપતિ છે અને તેના બહારના શ્વાસ તે ઉપાંશુ છે.'

તેને અન્તર્યામ કહે છે, તેનું કારણ આ છે: જે પ્રાણ બહારનો શ્વાસ છે, તેમજ ઉદાન-અંતરનો શ્વાસ છે અને તેજ વ્યાન છે. હવે જે શ્વાસ બહાર લેવાય છે, તેજ શ્વાસ અંદર લેવાય છે: શરીરની અંદર अन्तर् यत સંયમથી લેવાય છે, તેથી તે અન્તર્યામ કહે છે.

પ્રાણ અને ઉદાન (અપાન)એ સોમના બે ગ્રહો છે. સૂર્ય ઉગ્યા પછી તેમાંનાં એકની આહુતિ અપાય છે, સૂર્ય ઉગતા પહેલાં બીજાની આહુતિ અપાય છે; તેનું કારણ આ છે: પ્રાણ અને અપાન બંને શ્વાસ તો સરખા છે; પરંતુ બહાર અને અંદરની ક્રિયા પ્રમાણે જુદા પડે છે.

આ બે ગ્રહો અહોરાત્ર ગણાય છે; તેમાં ઉપાંશુ દિવસ છે; તેથી તેની આહુતિ સૂર્યના ઉગતા પહેલાં અપાય છે: અર્થાત્ દિવસનો સંબંધ રાતની સાથે જોડે છે. અંતર્યામ રાત્રિ છે, તેની આહુતિ સૂર્યના ઉગ્યા પછી અપાય છે. અર્થાત્ રાતનો સંબંધ દિવસની સાથે જોડે છે. આમ બંનેનો સંબંધ જોડાય છે. ત્યાર બાદ બે બે જોડીયા ગ્રહોનું રહસ્ય બ્રહ્મવાદી આ રીતે સમજાવે છે.

[2] 'હવે જે ઐન્દ્રવાયવ ગ્રહ છે, તે તો સોમની વાણી છે, જે પુરુષના મધ્ય શરીરમાં રહે છે. પહેલાંના વખતમાં ઇન્દ્રે વૃત્ર પર પ્રહાર કર્યો. તે પ્રહારથી વૃત્ર મર્યો કે નહિ, તેની ખાત્રી થઇ નહિ અને પોતાને નિર્બળ ગણીને ઇન્દ્ર છુપાઇ ગયો.

૧. શ. બ્રા. ૪, ૧, ૧–૨ ૨. શ.બ્રા. ૪. ૧. ૩

દેવોમાં વાયુ ગતિશીલ હતો; તેને વૃત્ર પાસે મોકલવામાં આવ્યો, તો ખબર પડી કે, વૃત્ર તો મરાઇ ગયો છે.

એક એક દેવને આહુતિ મળે, તે એકદેવત્ય ગ્રહ અને બે બે દેવોને સાથે આહુતિ મળે, તે દ્વિદેવત્ય ગ્રહ કહેવાય છે. હવે વાયુને જે ભાગ મળ્યો, તેમાં ઇન્દ્રે માંગણી કરી, માટે ઐન્દ્રવાયવ ગ્રહ છે; તેમાં ઇન્દ્રને તો ચોથો ભાગ મળે છે.

[1] હવે જે બે દેવ મિત્ર અને વરુણ છે, તે તો સોમનાં ક્તુ—સંકલ્પ અને દક્ષ—કુશળતા ગણાય છે. પુરુષ મનથી કામના કરે કે, 'આ ચીજ મને મળો અને આ કાર્ય હું કરૂં' એ ભાવ ક્રતુ ગણાય છે. એ ક્રતુ પૂર્ણ થાય; સિદ્ધિ મળે; તેને દક્ષ કહે છે. એ ક્રતુ તો મિત્ર અને દક્ષ વરુણ છે. બ્રહ્મ—બુદ્ધિબળ તો ક્રતુ અને ક્ષત્રબળ તે દક્ષ છે. એ બંનેના સાથ સહકાર સધાય છે; માટે તે મૈત્રાવરુણ ગ્રહ છે.

[2] ત્રીજો જોડીયો આશ્વિનગ્રહ છે; તે તો સોમ યજ્ઞના કાન છે. પહેલાંના વખતમાં ભૃગુઓ કે અંગિરાઓ સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા. ત્યારે ભાર્ગવ કે આંગિરસ ચ્યવનને પાછળ છોડતા ગયા હતા; જે જીર્ણ શીર્ણ કૃત્યારૂપે અરણ્યમાં રહ્યા હતા.

એક વખતે શર્યાતિ માનવ પોતાની મંડળીની સાથે ગામ ફરતો ફરતો તે અરણ્યમાં આવી પહોંચ્યો અને ત્યાં તેણે પડાવ નાખ્યો. તેના કુમારો રમતા રમતા એ જીર્ણ શીર્ણ કૃત્યા પાસે જઈ પહોંચ્યા. તે રૂપને અનર્થ (નુકશાન કરનાર) ગણીને કુમારોએ માટીના ઢેખલાથી પ્રહારો કર્યા.

આથી તે ચ્યવને શર્યાતની મંડળી પર ક્રોધ કર્યો અને તેમનાં શાન—ભાન હરી લીધાં. બાપ દીકરાની સાથે અને ભાઈ ભાઈની સાથે લઢવા લાગ્યા. આથી શર્યાતિ વિચારમાં પડી ગયો : 'મેં શું કર્યું હશે, જેથી આફત આવી પડી'? તેણે ગોપાળ અને ભરવાડ લોકોને ભેગા કરીને તેનું કારણ પૂછ્યું : તમે આજે કાંઇ જોયું છે?' તેના ઉત્તરમાં જણાવ્યું કે 'અહી જીર્ણ શીર્ણ કૃત્યા રૂપ પડયું છે; તેની પર કુમારોએ ઢેખલાથી પ્રહાર કર્યો છે.

તે પરથી રાજાને ખબર પડી કે. આ તો સાચેસાચ ચ્યવન છે. તેણે રથ જોડયો; તેમાં પોતાની કન્યા સુકન્યાને બેસાડી અને જ્યાં ઋષિ હતા, ત્યાં તે જઇ પહોંચ્યો. તેણે જણાવ્યું : હે ઋષિ નમસ્કાર હો. આપને અમે ઓળખ્યા નહિ, તેથી પ્રહાર કર્યા. મારી આ સુકન્યા છે, તે આપીને હું માફી માંગું છું. મારી મંડળીના માણસોને ભાન જાગે; તેમ કરો. તેમની કૃપાથી મંડળી સ્વસ્થ થઈ.

હવે ત્યાં ઔષધ માટે ફરતા ફરતા અશ્વિનીકુમારો આવી પહોંચ્યા. તેમણે જણાવ્યું : 'સુકન્યા તું આ જીર્ણ શીર્ણ કૃત્યારૂપ સાથે કેમ પડી રહી છે? ચાલ

---

૧. શ. બ્રા. ૪, ૧, ૪ ૨. શ. બ્રા. ૪, ૧, ૫

અમારી સાથે.' તેણે ઉત્તર આપ્યો : મારા પિતાએ જેને મારાં દાન કર્યાં છે; તેને જીવતાં લગી તો હું નહિ છોડું.

એ વાતની ઋષિને ખબર પડી. તેમણે પૂછ્યું : સુકન્યા, તે બંનેએ તને શું કહ્યું ? જે બન્યું હતું, તે જણાવ્યું; ત્યારે ઋષિએ કહ્યું : 'જો એ બંને તને ફરીથી મળે, તો તેમને કહેજે કે : તમે બંને દેવો છો; પણ પુરીરીતે પૂર્ણ નથી અને સારીરીતે સમૃદ્ધ નથી; તે છતાં તમે મારા પતિની નિંદા કરો છો. એ વિષે તે દેવો તને પૂછે, તો તારે કહેવાનું કે મારા પતિને ફરીથી યુવાન કરો.

એ પ્રમાણે તેને ફરીથી અશ્વિનીકુમારો મળ્યા; તેમને તે વાત કહી; ત્યારે તેમણે જણાવ્યું : તેમને આ હ્રદ–કુંડમાં લઇ આવ. જે વયની કામના કરશે; તે વય લઈને તે આ કુડમાંથી નીકળશે. એ રીતે તે ઋષિને કુંડમાં લઇ ગઇ. તેમણે જે વયની કામના કરી, તે નવયુવા દશાની સાથે તે બહાર આવ્યા.

'અમે શાથી પૂર્ણ અને સમૃદ્ધ નથી,' તેના ઉત્તરમાં તેમને ઋષિએ પોતે જણાવ્યું :

'કુરુક્ષેત્રમાં આ દેવો યજ્ઞ કરે છે; તેમણે તમને બેને યજ્ઞમાં ભાગ લેતાં અટકાવ્યા છે, તેને કારણે તમે અધૂરા છો અને સમૃદ્ધિ વિનાના છો'

આ બંને અશ્વિનીકુમારો તે સ્થાને જઇ પહોંચ્યા, જ્યાં દેવો યજ્ઞ કરતા હતા. 'અમને યજ્ઞમાં બોલાવો' એના ઉત્તરમાં દેવોએ જણાવ્યું : તમે બધે હરતા ફરતા રહો છો અને માણસોની સાથે હળો, મળો છો ને દવાદારુ કરો છો; તેને કારણે તમને અમે યજ્ઞમાં બોલાવ્યા નથી.'

ઉત્તરમાં તેમણે જણાવ્યું : તમે ભલે યજ્ઞ કરો, પણ તમારા યજ્ઞનું મસ્તક તો છેદાઇ ગયું છે. 'તે શી રીતે' ? પ્રશ્નના ઉત્તરમાં અશ્વિનીકુમારોએ કહ્યું કે : 'તમે અમને યજ્ઞમાં બોલાવો; ત્યારબાદ અમે કહીશું.'

દેવોએ તે બંનેને યજ્ઞમાં બોલાવ્યા. તેમણે તે યજ્ઞમાં આશ્વિન ગ્રહને લીધો અને તે બંને યજ્ઞના અધ્વર્યુ થયા. તે રીતે તેમણે યજ્ઞના મસ્તકને જોડી દીધું. આ રીતે જ્યારે સોમયાગમાં સવારે બહિષ્પવમાન સ્તોત્ર ભણાઇ રહે છે, ત્યારે આશ્વિન ગ્રહથી આહુતિ અપાય છે. તેમણે જણાવ્યું :

હે દેવો આ યજ્ઞના અધ્વર્યુ તરીકે અમે બંને મુખ્ય ગણાઇએ છીએ. તેથી જે ગ્રહનો સંબંધ અમારી સાથે છે. તે આશ્વિન ગ્રહથી આહુતિ આપો. આ ગ્રહો દ્વિદેવત્ય ગણાય છે. ત્રીજી વાર વષટ્ કહીને આહુતિ આપાય છે.

હવે બે અશ્વિનીકુમારો તો આકાશ અને પૃથ્વી છે, જેમણે સઘળા પદાર્થો ધારણ કર્યા છે. એ કુમારો તો કમળની માળાને પહેરે છે. હવે અગ્નિ એ તો આ પૃથ્વીનું કમળ છે ને સૂર્ય તો આકાશનું કમળ છે.

બીજાં ગ્રહપાત્રો લીસાં હોય છે; તેથી જુદાં આ ત્રણ ગ્રહ પાત્રો છે, જે દ્વિદેવત્ય–જોડકા દેવોને માટે વપરાય છે. તેમાંનું પહેલું ઐન્દ્ર વાયવ પાત્ર છે, જેને ફરતો લાકડાનો પટો હોય છે, બીજું મૈત્રાવરુણ પાત્ર છે, જેને બકરાના ચર્મનો પટો હોય છે અને ત્રીજું આશ્વિનપાત્ર છે, તેને ઓઠ જેવો પટો હોય છે. જેમ [1]મુખને ઓઠ હોય છે, તેમજ સોમયાગના મુખ્ય દેવ અશ્વિનીકુમાર છે, માટે તેમને ઓઠના આકારનું આશ્વિનપાત્ર હોય છે.

[2]શુક્ર અને મંથી એ બંને સોમની આંખો છે. આકાશમાં જે તપે છે; તે સૂર્ય તો શુક્ર છે અને ચંદ્ર મંથી છે: શુક્ર તો અત્તા–ભોજન કરનાર અને મંથી અજા છે.

છંદ ગાયત્રી પ્રાતઃસવનને ઉપાડે છે, ત્રિષ્ટુપ્ માધ્યંદિન સવનને તથા જગતી તૃતીયસવનને. ત્રિષ્ટુપ્ માધ્યંદિન સવનમાં ગાયત્રી અને બૃહતીની તેમજ જગતી સાયંસવનમાં ગાયત્રી, ઉષ્ણિક, કકુભ અને અનુષ્ટુપની સહાય લે છે.

સોમયાગમાં સૌ પ્રથમ ઉદ્‌ગાતા સામવેદનાં સ્તોત્ર ગાય છે. તેની સહાયમાં પ્રસ્તોતા અને પ્રતિહર્તા હોય છે. તેમને અનુસરીને હોતા ઋગ્વેદનાં સૂક્ત શસ્ત્રના પાઠ ભણે છે. તેની સહાયમાં મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસી અને અચ્છાવાક હોય છે. તે પછી અધ્વર્યુ યજુના મંત્ર ભણી ગ્રહોની આહુતિ આપે છે. આ ઋત્વિજોને વિષે બ્રહ્મવાદી રહસ્ય બતાવે છે:

[3]'ઉદ્‌ગાતા ગાન કરે છે અને હોતા શંસન કરે છે, ત્યારે અધ્વર્યુ તેને પ્રેરણા આપે છે. આ પ્રેરણાને પ્રતિગર કહે છે.

અહીં ઉદ્‌ગાતા પ્રજાપતિ છે, હોતા ઋચાને કારણે યોષા–નારી છે. એ રીતે ઉદ્‌ગાતા પ્રજાપતિ હોતારૂપ ઋચા યોષામાં રેતસ્નાં સિંચન કરે છે. પુરુષનું તેજ-તીક્ષ્ણ કરવામાં આવે છે; તેને શિત કહે છે; એ રીતે શસ્ત્રના શંસનથી પ્રજનન કરે છે; અર્થાત્ શસ્ ધાતુ તીક્ષ્ણ કરવામાં અને પ્રશંસા કરવામાં બંને રીતે વપરાય છે.

પહેલાં છંદોનાં શક્તિ સામર્થ્ય દેવોએ વાપરી નાખ્યાં હતાં; કારણકે તેમની સહાયથી દેવો સ્વર્ગે ગયા હતા. અધ્વર્યુ જે પ્રતિગર આપે છે, તે છંદોમાં મદ-ઉત્સાહ ભરે છે. એ રીતે ઋચામાં જે મદ છે અને સામના ગાનમાં જે રસ છે, તે લઇને છંદોમાં ધારણ કરે, તેથી છંદ તાજા થાય છે, મદભર બને છે.

પહેલાં દરેક છંદ ચાર અક્ષરના હતા. જગતી સોમ લેવા સ્વર્ગમાં ગઈ, તે ત્રણ અક્ષર મુકીને પાછી આવી; ત્રિષ્ટુપ્ એક અક્ષર મુકીને પાછો આવ્યો, ગાયત્રી સોમ લેવા ગઇ તે સોમ લેતી આવી, સાથે છંદના ચાર અક્ષરો લેતી આવી; તેથી ગાયત્રી આઠ અક્ષરની થઇ.

---

૧. શ. બ્રા. ૪, ૨, ૧ ૨. શ. બ્રા. ૪, ૨, ૫, ૨૦ ૩. શ. બ્રા. ૪, ૩, ૨

ઋત્વિજો ગાયત્રીથી પ્રાતઃસવનનો વિસ્તાર કરે છે, માટે પ્રાતઃસવન ગાયત્ર ગણાય છે. તેથી માધ્યંદિન સવનનો વિસ્તાર કર્યો છે; ત્યારે ત્રિષ્ટુપે ગાયત્રીને કહ્યુંઃ તારી સાથે મારા ત્રણ અક્ષર જોડી દેવા મને આમંત્રણ આપો અને યજ્ઞથી વિમુખ ન રાખો. 'ભલે' કહીને તેને બોલાવવામાં આવ્યો. તેથી માધ્યંદિન સવનનો સંબંધ ત્રિષ્ટુપ્‌ની સાથે છે, જેને અગિઆર અક્ષર મળ્યા, તે રીતે તૃતીય સવનનો વિસ્તાર કર્યો; તેમાં જગતીને આમંત્રણ આપ્યું, જેને બાર અક્ષર મળ્યા. એ રીતે સાયં-સવનનો સંબંધ જગતી સાથે છે.

અહીં બ્રહ્મવાદીઓ જણાવે છે : બધાં સવન ગાયત્ર છે; કારણકે દરેક સવનમાં ગાયત્રી અક્ષરોની વૃદ્ધિની સાથે ગતિ કરે છે. અધ્વર્યુ પ્રતિગર આપીને આકાશ અને પૃથ્વીનાં સામર્થ્યને વધારે છે.

પ્રાતઃસવનમાં પાંચસ્તોત્ર અને પાંચશસ્ત્ર તેમજ મુખ્ય પાંચ ગ્રહોની આહૂતિઓ છે; તે રીતે માધ્યંદિન સવનમાં પાંચ પાંચ સ્તોત્ર, શસ્ત્ર અને મુખ્ય ગ્રહો છે. સાયં-સવનમાં બે બે સ્તોત્ર, શસ્ત્ર તેમજ મુખ્ય ગ્રહો છે. આમાં માધ્યંદિન સવનના મુખ્ય દેવ ઇન્દ્ર છે, તેના વજ્રને પંદર આરા છે, તેના રહસ્યને બ્રહ્મવાદી રજૂ કરે છે.

[1]ઋત્વિજો સોમરસ કાઢે છે, ત્યારે ઈહા, ઈહા બોલે છે : તે રીતે તે ઇન્દ્રને પાસે બોલાવે છે. પછી તે 'બૃહત્ બૃહત્' બોલે છે; તેરીતે પણ ઇન્દ્રને બોલાવે છે, કારણકે ઇન્દ્ર બૃહત્ મોટા છે.

તે અધ્વર્યુ પાંચ ગ્રહોને પકડે છે, તેનું કારણ આ છે. માધ્યંદિન પવમાન તો સામગાન છે અને પંદર વાર (સ્તોમ) ગવાય છે. એ રીતે વજ્રને પંદર આરા છે; તે પાંચ ગ્રહોથી પકડાય છે. એ તો પાંચ આંગળીઓ છે, જેથી પકડીને ઇન્દ્ર પ્રહાર કરે છે.

પહેલાં ઇન્દ્રે વૃત્ર પર વજ્રનો પ્રહાર કર્યો હતો. તે પાપી વૃત્રને હણવાથી ઇન્દ્રે અભય પદ મેળવી લીધું અને રાષ્ટ્રને નાષ્ટ્ર વિનાનું બનાવી દીધું. તે પછી તે ઇન્દ્રે ઋત્વિજોને દક્ષિણા દાન આપ્યાં હતાં.

એજ રીતે આજે પણ બપોરના ઉદ્‌ગાતા માધ્યંદિન પવમાન ગાય છે, ત્યારપછી અભય અને સંરક્ષણ મળે છે, તેથી ઋત્વિજોને દક્ષિણા આપવામાં આવે છે.

સોમયાગ એક સૌમ્ય મધુર શાન્ત કર્મ છે; તેમાં કોઈ જાતની હિંસા થાય કે કોઇને પીડા થાય; તે સારૂં નહિ. આ વિષે બ્રહ્મવાદીઓએ ખૂબજ ઝીણવટથી વિચારણા કરી છે. આવા યજ્ઞોમાં પશુહિંસાને તો અવકાશ નથી. હાં; જવ કે ચોખા ને પથ્થર પર પીસવા કે સોમને લસોટવો; તે રીતે પશુને યૂપની સાથે બાંધવાની ક્રિયાને હિંસા ગણી; તેના પ્રાયશ્ચિત્તની વિચારણા કરી છેઃ

---

૧. શ. બ્રા ૪, ૩, ૪

[1]'જ્યારે ઋત્વિજો યજ્ઞને ફેલાવે છે; ત્યારે તે એકરીતે તો યજ્ઞને હણે છે; એ રીતે રાજા સોમને પીસીને રસ કાઢે છે, ત્યારે પણ તેને હણી નાખે છે. તે રીતે જ્યારે પશુને યૂપની સાથે જોડે છે અને શુદ્ધ કરે છે, ત્યારે તેને હણે છે; તેમજ ઉખળ–મુશળ કે વાટવાના પત્થરથી જવ વગેરે હવિને પીસે છે, ત્યારે તે યજ્ઞમાં ઉપયોગી હવિને હણે છે.

આ રીતે જ્યારે યજ્ઞની હિંસા થાય છે; ત્યારે તે યજ્ઞ કુશલ–દક્ષ રહી શકતો નથી; તેનું સામર્થ્ય ચાલ્યું જાય છે. આને કારણે દેવોએ ઋત્વિજોને દક્ષિણાઓ આપી દક્ષ બનાવ્યો હતો, તેને કારણે ઋત્વિજોને આપવાના દ્રવ્યને દક્ષિણા કહેવામાં આવે છે.

હવે જે ઇષ્ટિ હવિર્યજ્ઞ ગણાય છે, તેમાં દક્ષિણારૂપે છથી બાર જેટલી ગાયો આપવાની હોય છે. સોમયાગમાં સોથી ઓછી દક્ષિણા ન હોય; તેનું કારણ આ છે. આ તો સૌમ્ય અધ્વર છે. આ સોમયાગ તો હાજરા હજૂર પ્રજાપતિ છે. જે પુરુપ છે, તે પ્રજાપતિની નિકટમાં નિકટ રહે છે. તે પુરુષનું જીવન સો આયુ–વર્ષનું છે. તેમાં સો સો તેજ સામર્થ્ય અને વીર્ય રહેલાં છે. આને કારણે યજમાન ઋત્વિજને સો ગાયો આપીને દક્ષ–તેજસ્વી બનાવે છે; સોથી ઓછી ગાયો ન હોય. સોથી ઓછી દક્ષિણાવાળો સૌમ્ય અધ્વર તો ન હોય. તે ઋત્વિગ તો જણાવે : 'આ યજ્ઞમાં સોમ વગેરે હવિની હિંસા થાય છે, હું તેમનો આંખે દેખ્યા પ્રસંગનો સાક્ષી નહિ થાઉં.'

સાચેજ, અહિ બે પ્રકારના દેવો જોવાને મળે છે : ઇન્દ્ર વગેરે દેવો છે, તે તો પ્રત્યક્ષ દેવો છે. જે બુદ્ધિજીવી બ્રાહ્મણો વેદોનાં શ્રવણ કરે છે અને મંત્ર બ્રાહ્મણનાં પ્રવચન કરે છે, તે તો મનુષ્યોમાં દેવો જેવા છે. યજ્ઞમાં આ બંને દેવોને વિભાગ પ્રમાણે આદર અપાય છે. આહુતિઓ દેવોનો અને દક્ષિણા મનુષ્ય દેવોનો ભાગ છે, જે મનુષ્યો ભણેલા ગણેલા, શુશ્રુષા પરાયણ અને પ્રવચનમાં કુશળ છે.

યજમાન આહુતિઓથી દેવોને રાજી કરે છે અને દક્ષિણાથી તે મનુષ્ય દેવોને, જે ભણેલા ગણેલા અને પ્રવચન કુશળ છે. યજ્ઞમાં ઋત્વિજોતા રૂપે જેનાં વરણ થયાં છે; તેમનેજ દક્ષિણા આપવાની છે; કારણકે આ ઋત્વિજોએ તે યજ-માનના યજ્ઞરૂપે નવા શરીરને સંસ્કાર આપ્યા છે, જે શરીર ઋચારૂપે, યજુરૂપે, સામરૂપે બનેલું છે. તેના પ્રભાવે યજમાનને સ્વર્ગલોકમાં નવો દેહ મળે છે. તે યજમાન પોતે વિચારણા કરે છે : જેમણે મને નવાં જીવન આપ્યાં, તે ઋત્વિજોને મારે દક્ષિણા આપવાની છે; જેમનાં ઋત્વિજો તરીકે વરણ થયાં નથી; તેમને નહિ.

૧. શ. બ્રા. ૩, ૪, ૩

શરુઆતમાં દીક્ષા લઇને યજમાને યજ્ઞમાં અધિકાર મેળવી લીધો છે. હવે તે ઋત્વિજોને દક્ષિણા આપીને આગળનો માર્ગ ખુલ્લો કરે છે. તેને આ યજ્ઞના પ્રભાવે નવો દેહ મળી ગયો છે, જે દિવ્ય દેહ યજ્ઞરૂપ ગણાય છે. રાજા સોમની આરાધના કરી, યજમાન સૌમ્ય બને છે. તેનો સૌમ્ય અધ્વર તો જીવનના ઉદાર માર્ગનાં રક્ષણ કરવા માટે છે. એ માનવ અંગત સ્વાર્થ છોડી, સમાજ અને રાષ્ટ્રની સેવામાં પોતાનું જીવન સોંપી દે છે; ત્યારે તેને પ્રેરણા આપનાર દેવો અને મનુષ્યદેવોને રાજી રાખવાનું આ એક મહાન કાર્ય છે.

સવારે પ્રાતઃસવનમાં અને બપોરનાં મધ્યાહ્ન સવનમાં સોમરસ વિપુલ પ્રમાણમાં વપરાય છે. સાંજના સવન માટે તો ઋજીષ–સોમના સુકા કુચા રહી ગયા હોય, તેમાં જલ છાંટીને રસ મેળવવાના છે.

માનવના જીવનનું પરિણામ આવું જ છે. બાલપણ ને યૌવન સરસ મધુર રીતે પસાર થયું. હવે ઘડપણ શી રીતે પસાર થશે ? જીવનના રસ સુકાઇ ગયા છે, શક્તિ ને સામર્થ્ય ઘટી ગયાં છે. ચિંતા ઘડપણને ગળી રહી છે.

જેનાં જીવન અંગત ભોગ અને વિલાસમાં વહી ગયાં; તેનાં ઘડપણ એળે જવાનાં. જેણે સેવાનાં કાર્યો કર્યાં; તેનાં તો ઘડપણ સુધરી જવાનાં. તેનાં જીવન યજ્ઞમય બન્યાં છે, તે સૌમ્ય બનીને ઘડપણને સરસ બનાવી દે છે.

સાંજના સવનને તૃતીય સવન કે ઉત્તમ સવન કહે છે; તેનો સંબંધ સવારનાં અને બપોરનાં સવનની સાથે છે; તે રહસ્ય બ્રહ્મવાદી રજૂ કરે છે :

[1]'દેવો ત્રણ પ્રકારના છે : વસુઓ, રુદ્રો અને આદિત્યો. તેમની વચ્ચે ત્રણ સવન વહેંચી દેવામાં આવ્યાં છે : પ્રાતઃસવન તો વસુઓનું, માધ્યંદિન સવન રુદ્રોનું અને તૃતીય સવન આદિત્યોનું. વસુઓનાં સવનો મિશ્ર નથી; એટલે કે તેમાં બીજા દેવોનો સમાવેશ નથી; પરંતુ આદિત્યોનાં સવન મિશ્ર છે, તેમાં બીજા દેવોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અહીં આદિત્યોએ જણાવ્યું: વસુઓ અને રુદ્રો : એ બંને સવન મિશ્ર નથી; તો તમે એક કામ કરો. ત્રીજું સવન મિશ્ર છે, તેની શરુઆત કરો; તે પહેલાં એક ગ્રહની આહુતિ અમને આપો, દેવોએ તેમની વાતનો સ્વીકાર કર્યો અને બપોરના સવનની આહુતિઓ અપાઇ ગયા પછી; તે દેવોએ એક આહુતિ આદિત્યને આપી; તે ત્રીજા સવનની શરુઆત થતા પહેલાંની ગણાય.

આદિત્યોએ વિશેષમાં જણાવ્યું : અમે પહેલા સવનમાં નથી અને બીજા સવનમાં પણ નથી. આમ અમે રહી જઇશું, તો રાક્ષસો અમારી હિંસા કરી નાખશે.

---

૧. શ. બ્રા. ૪, ૩, ૫

તેમણે આ વાત ઇન્દ્ર–વાયુ, મિત્ર–વરુણ અને અશ્વિનીકુમારોને કહી. જે જોડીયા દેવોને દ્વિદેવત્ય ગ્રહોની આહુતિઓ મળે છે. તેમની સંમતિ અનુસાર આદિત્યોએ દ્વિદેવત્ય ગ્રહોની આહુતિ મેળવવા તે દેવોમાં પ્રવેશ કર્યો.

એ રીતે જ્યારે પ્રાતઃ સવનમાં જોડીયા દેવોને આહુતિઓ આપવાને માટે દ્વિદેવત્ય ગ્રહપાત્રો ભરવામાં આવે છે, ત્યારે આદિત્ય દેવો માટે તૈયાર કરેલ ગ્રહપાત્રમાં સોમરસ ભરવામાં આવે છે.

આ રહસ્ય સમજવા જેવું છે. માનવે જીવન યાગ શરુ કર્યો છે; તેમાં બાલપણ પહેલું, યૌવન બીજું અને ઘડપણ ત્રીજુ સવન છે. ત્રીજા સવનમાં નવાં શક્તિ કે સામર્થ્ય આવતાં નથી. બાલપણ અને યૌવનમાં મળેલાં શક્તિ અને સામર્થ્ય સાચવી રાખ્યાં હોય, તો ઘડપણમાં ચિંતા રહેતી નથી; પણ જેણે બધીજ શક્તિ વેડફી નાખી હોય; તેને તો ઘડપણ અકારૂં થઈ પડે છે.

આ સોમયાગમાં બ્રહ્મા નામના ઋત્વિજ સાક્ષીરૂપે છે અને અથર્વવેદના મંત્રો પ્રાયશ્ચિત્ત કર્મમાં વપરાય છે. અધ્વર્યુ અધ્વરને જોડનાર મુખ્ય ઋત્વિજ છે અને યજુર્વેદના મંત્રો કર્મના પ્રયોગમાં જોડાય છે. હોતા ઋગ્વેદની ઋચાનાં શંસન કરે અને ઉદ્દગાતા સામવેદનાં ગાન રજૂ કરે. આ ઋચાઓ, સામગાન અને યજુર્મંત્રો ત્રયી વિદ્યા તરીકે પ્રસિદ્ધ છે; તેનાં રહસ્ય બ્રહ્મવાદી રજૂ કરે છે :

[1]'આ વિદ્યા તો ત્રયી–ત્રણ પ્રકારની છે : ઋચાઓ, યજુઓ અને સામગીતિઓ. ઋચાઓ તો આ પૃથ્વી છે. આ પૃથ્વી પર રહીને માણસ અર્ચન પૂજન કરે છે. હવે જે અર્ચન પૂજન કરે છે, તે તો વાણીનુંજ રૂપ છે. વાણીજ ઋચા છે. માટે અચના કરે છે, તે તો વાણીથી કરે છે. યજુઓ તો અંતરિક્ષ છે અને સામગીતિઓ આકાશ છે. આ સૌમ્ય અધ્વરમાં ત્રયી વિદ્યાનો વ્યવહાર પ્રયોગ થાય છે.

યજમાન ઋચાના પ્રયોગથી પૃથ્વીલોક પર, યજુઓથી અંતરિક્ષ પર અને સામગીતિઓથી સ્વર્ગ લોક પર વિજય મેળવે છે. હવે જેણે આ ત્રયી વિદ્યામાંથી એક વિદ્યાનો વ્યવહાર કરવાનું જાણી લીધું હોય, તેણે બીજા બે પ્રકારની વિદ્યાઓથી વ્યવહાર કરવાનું જાણી લેવું જોઈએ; તેથી તે ત્રણેય લોક પર વિજય મેળવી લે છે.

ત્રયી વિદ્યાના રૂપે જે વાણીનો પ્રયોગ છે; તેનાં સર્જન–કૃતિઓ તો હજાર જેટલી છે; એમાંના બે તૃતીયાંશ ભાગ જેટલી વાણી તો ઇન્દ્રના ભાગમાં અને એક તૃતીયાંશ વાણી વિષ્ણુના ભાગમાં આવી જાય છે. એ રીતે ઋચાઓ અને સામગીતિઓ ઇન્દ્રરૂપે અને યજુઓ વિષ્ણુરૂપે વપરાય છે. આને કારણે અગ્નિશાળામાં

૧. શ. બ્રા. ૪, ૬, ૭

સદસ્ પર બેસીને ઋત્વિજો ઋચાઓ અને સામગીતિઓનો વ્યવહાર કરે છે; કારણ કે સદસ્‌ની સાથે ઇન્દ્રનો સંબંધ છે.

હવે વિષ્ણુ પોતે યજ્ઞરૂપે છે. તેથી ઋત્વિજો આ યજુઓનાં પ્રયોગથી યજ્ઞને પુરોગામી બનાવીને ધારણ કરે છે. આ યજ્ઞનું પુરોગામી બનવું તેને જ પુરશ્ચરણ નામ આપવામાં આવ્યું છે

આ રીતે જોવામાં આવે, તો ઋચાઓ અને સામગીતિઓ વાણીનું રૂપ છે અને યજુઓ તો મનનું રૂપ છે. જ્યાં વાણીનો વ્યવહાર હોય છે, ત્યાં બધી ક્રિયાઓ થતી હોય છે અને બધી બાબતો જાણીતી થાય છે; પરંતુ જ્યાં મનનો વ્યવહાર હોય, ત્યાં કોઈ ક્રિયા થતી નથી અને કોઈ બાબત જાણીતી થતી નથી. જે લોકો મનમાં વિચારતા હોય, તેમને વિષે કોઇ કહી શકતું નથી, કે તેમના મનમાં શું છે.

પહેલાં દેવોએ યજુઓના પ્રયોગથી યજ્ઞનો વિસ્તાર કર્યો હતો; ત્યાર બાદ ઋચાઓ અને સામગીતિઓથી યજ્ઞનો પ્રયોગ કર્યો હતો.એ રીતે ઋત્વિજો પહેલાં યજુઓ અને પછી ઋચા અને સામગીતિઓને પ્રયોગમાં લાવે છે. હવે જે યજુ છે, તે તો સાચેજ યજન છે, તેજ યજ્ઞ છે.

દેવોએ જ્યારે આ ત્રયી વિદ્યાઓના પ્રયોગથી પોતાની મનગમતી કામનાઓનાં દોહન કર્યાં; ત્યારે યજુર્વિદ્યાએ જ બધી કામનાઓ દોહી લીધી હતી, તેથી તો તે વિદ્યા દોહાઇ ગએલી હોઇ ખાલી-નીરસ બની ગઇ. આથી યજુર્વિદ્યાની સરખામણીમાં બીજી બે વિદ્યાઓ ટકી શકતી નથી. સાચેજ અંતરિક્ષની તુલનામાં પૃથ્વી કે દ્યૌ-દ્યુલોક બે લોક આવી શકે નહિને ?

તે દેવોએ ઇચ્છા કરી : આ વિદ્યાની સરખામણીમાં બીજી બે વિદ્યાઓ રહે, તે માટે શું કરવું જોઇએ ? શું કરીએ, તો અંતરિક્ષની તુલનામાં બીજા બે લોક રહે ?

તેમણે જણાવ્યું : ચાલો, આપણે ઉપાંશુ-ધીરા સ્વરથી યજુઓનો પ્રયોગ કરીએ; એમ કરવાથી તે વિદ્યાઓની તુલનામાં રહી શકશે; અંતરિક્ષ બીજા બે લોકોની સાથે ઉભું રહેશે. આમ વિચાર કરીને તેમણે યજુઓનો પ્રયોગ ઉપાંશુ-મંદસ્વરે કર્યો. આમ યજુઓ નિરુકત સ્પષ્ટ હતા, તોપણ અનિરુકત ગણાયા; એ રીતે અંતરિક્ષ અનિરુકત-અપરિમિત ગણાય છે.

આ ઋચાઓ અને સામગીતિઓ વાણીના રૂપે છે અને યજુઓ તો મનના રૂપે છે. જે ઋચાઓ અને સામગીતિઓ પ્રયોગમાં લે છે, તે વાણીનો વ્યવહાર કરે છે. અને જે યજુઓને પ્રયોગમાં લે છે; તે મનનો વ્યવહાર કરે છે. આથી યજ્ઞમાં એવો કોઇ વ્યવહાર કરવામાં આવતો નથી, જેમાં અધ્વર્યુએ આજ્ઞા આપી ન હોય. અધ્વર્યુ જ્યારે કહે કે 'ઋચા બોલો, યાજયા ભણો;' ત્યારે ઋચાઓનો પ્રયોગ

કરનાર હોતાઓ છે, તે ઋચા ભણે છે. તેજ રીતે અધ્વર્યુ કહે 'સોમ પવમાન બને છે, તમે પાછા ફરો' ત્યારે સામગીતિઓનો પ્રયોગ કરનાર ઉદ્દ્ગાતાઓ છે, તે સામ ગાય છે. આ રીતે મને જે કોઇ બાબત જાણી ન હોય; તેનો વ્યવહાર વાણી કરતી નથી. મન પ્રમાણે વાણી વર્તે છે. અહીં અધ્વર્યુ એ તો મન છે, જે યજ્ઞમાં પુરોગામી બનીને આગળ આગળ ચાલે છે. માટે તેને પુરશ્ચરણ કહે છે. જે આ રહસ્યને જાણે છે, તેની આગળ શ્રી અને યશથી વ્યવહાર ચાલે છે.

ખરી રીતે જુઓ, તો પુરશ્ચરણ એજ છે, જે આકાશમાં તપે છે, જે સૂર્ય છે, તે સૂર્યને અનુસરીને યજમાને યજ્ઞનું પુરશ્ચરણ કરવું જોઇએ. એ રીતે અધ્વર્યુ સોમનાં પાત્ર લઇને તૈયાર થાય; ત્યારે તેને અનુસરીને સામ ગવાય. તે હોતાને આજ્ઞા આપે, તે પ્રમાણે ઋચાઓ ભણાય અને ત્યારપછી તે અધ્વર્યુ ગ્રહની આહુતિ આપે. આ પ્રક્રિયાને નભાવનાર તો સૂર્ય છે; એ રહસ્યને જે જાણે છે; તે સૂર્યની ગતિની જેમ પુરશ્ચરણ કરે છે અને તે ભર્તા બનીને બીજા જનોનાં ભરણ પોષણ કરે છે.

સોમયાગનાં ત્રણ સવન પુરાં કર્યા પછી, યજમાન ઋત્વિજોની સાથે જલાશય પર સ્નાન કરવા જાય છે; તેને અવભૃથ સ્નાન કહે છે. તે વખતે જે સામ ગવાય છે, તેને અવભૃથ સામ કહે છે. સોમયાગમાં વપરાએલી બધી ચીજો વહેતા જલમાં ફેંકી દેવામાં આવે છે. દેવ વરુણને પુરોડાશની આહુતિ આપી પત્નીની સાથે સ્નાન કરી વસ્ત્રો બદલી નાખે છે. દીક્ષા લેતી વખતે જે વેશભૂષા હતાં, તે કાઢી નાખે છે. તેનું રહસ્ય આ છે: યજમાન સોમયાગ કરીને નવો જન્મ ધારણ કરે છે. તેણે સૌમ્ય અધ્વરનું પુરશ્ચરણ કર્યું; તેથી તે પોતે સોમ બને છે; તેનું જીવન સૌમ્ય થાય છે.

સ્નાન કરી, યજમાન ઋત્વિજોની સાથે અગ્નિશાળામાં પાછો આવે છે. પહેલે દિવસે તેણે પ્રાયણીય ઇષ્ટિ કરીને યજ્ઞની શરુઆત કરી હતી. હવે તેણે ઉદયનીય અને ઉદવસાનીય ઇષ્ટિઓ કરવાની છે.

યજ્ઞની શરુઆત જે રીતે કરો; તે રીતે તેની સમાપ્તિ કરવાની છે. માનોને કે આખો સોમયાગ એક લાંબી દોરી જેવો છે; માટે તેને વિતાન યજ્ઞ કહે છે. દેવો યજ્ઞને વિસ્તારે છે वितन्वते એ પ્રયોગ વારંવાર આવે છે, તેનો ભાવ આ છે.

આ વિતાન યજ્ઞના બે છેડા છે. તે પ્રાયણીય અને ઉદયનીય ઇષ્ટિઓ ગણાય તે બંનેને ગાંઠોવાળી સરખા રીતે મજબૂત બનાવો, તો યજ્ઞ સર્વ રીતે સફળ સમૃદ્ધ બને.

જીવન યજ્ઞ પણ આ રીતેજ ચાલે છે. આ સંસારમાં જે રીતે આવ્યા; તેજ રીતે ચાલ્યા જવાનું છે. જીવન દોરીના બે છેડા: બાલપણ અને ઘડપણ બંનેની વચમાં યૌવન વણાઈ જાય, તો તે વડપણ બને.

યૌવન તો સ્ફૂર્તિનો ફુવારો; નવું નવું મેળવવાનું અને આગળ ધપવાનું. મનના રથને છૂટા દોરે ચાલવાનું છે. જેટલા એના વિચાર ઉન્નત, એટલા એના માર્ગો વિશાળ.

અંગત સ્વાર્થ કે ભોગ વિલાસ એ તો કાદવના કરણ જેવાં. યુદ્ધભૂમિ પર જ રથનું પૈડુ ફસાઈ જાય, પછી તો આગળ વધવાનું જ કયાં રહ્યું? એમાં ને એમાં ફસાયા ને નીકળ્યા નહિ, તો જીવન યાત્રા થંભી જવાની. જ્યાં હતા, ત્યાંના ત્યાં.

જેણે યૌવનમાં ક્રાંતિ કરી; તેણે તો સમાજને માટે, રાષ્ટ્રને માટે, માનવતાના રક્ષણને કાજે; જાન કુરબાન કરી. તેના એ જીવન યજ્ઞની આજ સફળતા અને આજ સિદ્ધિ!

બાલપણ હતું તો કેટલા નિર્દોષ હતા, હવે તો ઘડપણ આવ્યું. એ તો દોષો ધોવાનું તીર્થ સ્થળ. જીવનની લીલા સમેટી લેવી છે. ઘણું ખેલ્યા, કૂદ્યા; ચાલો હવે બાજી સંકેલી લઇએ.

મૃત્યુ આવે, તેને નિર્દોષભાવે ભેટી લેવાની તૈયારી. જેમ જન્મ લીધો અને બાળપણ મલી ગયું; એમજ ઘડપણ મલી ગયું; જીવનના બંને તાર મેળવીને; બંને ગાંઠ સાંધીને યજ્ઞ પુરો કર્યો.

## ૫.
## નિત્ય સવન

અંધકારથી ઘેરાએલી આ ધરતી પર અમે બેઠા છીએ- ઊંચે આકાશમાં રહેલ સ્વર્જ્યોતિ-સૂર્યના પ્રકાશને અમે જોયા કરીએ છીએ. મંડળમાં વસેલ સૂર્ય : એ તો ઉત્તમ જ્યોતિ છે; એ તો દેવોના પણ દેવ છે; તેની પ્રેરણાથી અમારી ઇન્દ્રિયો પ્રકાશ સભર દેવ બને છે. તેમને સૂર્ય દેવનાં રક્ષણ મળે છે, એટલું જ નહિ અમારી ઇન્દ્રિયોનાં રક્ષણ કરનાર એ સૂર્ય દેવને અમે જાણી લઈએ છીએ, મેળવી લઈએ છીએ.[1]

એ નારાયણ સૂર્ય છે, જે સઘળા પદાર્થોને પ્રકાશનાં દાન આપે છે, એ દેવ છે; તેમને પ્રકાશથી સભર કિરણો વિશાળ પ્રદેશ પર દોરી જાય છે : તેમને સકળ વિશ્વનાં દર્શન કરવાં છે.

આકાશમાં ભ્રમણ કરતો સૂર્ય જાણે કે તપ આચરે છે : પુરશ્વરણ કરી રહ્યો છે. તેનાં આ તપ : પુરશ્ચરણ એક વર્ષ સુધી ચાલે છે. તેમાંના છ માસ ઉત્તર તરફ ગતિ અને બીજા છ માસ દક્ષિણ તરફ ગતિ હોય છે. આ સૂર્ય સદા તપ્યા કરે છે. સંવત્સર-વર્ષ સુધી તેનું પુરશ્ચરણ ચાલુ રહે છે.

ઋષિઓએ સૂર્યના એ પુરશ્ચરણને જાણી લીધું અને તેમણે તે સોમયાગમાં બેસવાનો નિર્ણય કર્યો, જે એક સંવત્સર-વર્ષ સુધી ચાલૂ રહે. તેમણે સામના ગાનથી આ રહસ્યને જાણી લીધું. તેમણે ઋચા ભણીને સૂર્યના રૂપને

---

૧. ઋ. સં. ૧, ૫૦, ૧૦, અ. સં. ૭, ૫૩, ૭
તૈ. સં. ૪, ૧, ૭, ૪ મૈ. સં. ૨, ૧૨, ૩૪, કા. સં. ૧૮, ૮૯ વા. સં. ૩૫, ૧૪.

જોઈ લીધું; તેમણે યજુના મંત્રથી પુરશ્ચરણનો પ્રકાર જાણી લીધો. જેથી તેમણે સૂર્યને મેળવી લીધો.'

૧. આકાશમાં ભ્રમણ કરતા ગ્રહો અને નક્ષત્રોની ગણના પ્રમાણે વર્ષ, માસ અને દિવસો બને છે: તે સૌર, ચાન્દ્ર કે નાક્ષત્ર વર્ષ ગણાય છે, તે સાથે આ ઋષિઓએ સાવન માસ અને વર્ષની ગણના કરી છે. તે ગણના સૂર્ય વગેરેની ગતિ, સ્થિતિ પર કરવામાં નથી આવી. તેમણે જે અનુષ્ઠાન પુરશ્ચરણ કર્યાં; તે પરથી તેમની આ ભાવના જાગી:

ચાલો, આપણે યજન કરીએ અને તેમણે એક દિવસનો–એકાહ સોમયાગ કર્યો. અભ્યાસ કરતાં કરતાં બે દિવસ-અહોરાત્રથી શરુ કરી, બાર દિવસ સુધી ચાલે તેવો અહીન–સોમયાગ કર્યો. પછી તો પલાંઠી વાળીને બેસી ગયા અને દિવસો સુધી માસ માસ સુધી ચાલે એવાં સત્ર શરુ કર્યાં.

સાંજ–સવારનો હોમ, પક્ષ–પક્ષની ઇષ્ટિ અને દિવસો સુધી ચાલૂ રહેતા સોમયાગ કરવાનો એનો, તેમને અભ્યાસ પડયો હતો. એકલું જ્ઞાન તો ભારરૂપ, ચાલો પ્રયોગ કરીએ અને અનુભવ મેળવીએ. તેમના જીવનનું આ દર્શન હતું. તેમને હૈયે પ્રશ્ન જાગતા અને ઉત્તર પણ મળી રહેતા.

અગ્નિશાળામાં અગ્નિ ચેતાવો; તેને સમિધા આપી સમિદ્ધ રાખો; સળગતો રાખો. આહુતિઓ આપો; તો તે વધતો રહે છે. શરીરમાં અગ્નિ છે, તેને હવિ આપો, નહિ તો તે મંદ પડશે, ઓલવાઈ જશે. સોમની આહુતિ તેને મળ્યા કરે છે, સાથે સૂર્ય પણ શરીરમાં વસે છે.

અગ્નિશાળામાં જેવો અગ્નિ છે. તેવોજ આકાશમાં સૂર્ય છે. તે સદા તપતો રહે છે. તેને ભલા કોણ સમિધ આપતું હશે? તેમાં કઈ આહુતિઓ અપાતી હશે?

સાચેજ, આ સૂર્ય સદા તપતો રહે છે. તેની ઉપરના મંડળમાં રાજા સોમ રહેલો છે; તેમાંથી સોમની આહુતિઓ અપાય છે અને તેથી સૂર્ય સદા સમિદ્ધ રહે છે, તપ્યા કરે છે. એ સૂર્યનું પુરશ્ચરણ છે. સૂર્યે આદરેલો એ સોમયાગ છે. તે નિત્ય નિરંતર સવન કર્મ કર્યા કરે છે અને તેથી તે સદા તપતો રહે છે.

જે સૂર્ય આકાશ મંડળમાં તપે છે; તેજ સૂર્ય આપણા શરીરમાં રહે છે. આ શરીરમાં અગ્નિ છે, ઈન્દ્ર છે, સાથે સૂર્ય પણ છે. બ્રહ્માંડમાં જે દેવો છે, તેજ પિંડમાં વસ્યા છે. બ્રહ્માંડમાં નિત્ય નિરંતર જે પ્રક્રિયા ચાલે છે, તે યજ્ઞની પ્રક્રિયા છે. તેને અનુસરવાથી પિંડ અને બ્રહ્માંડની એકતા સધાય છે. આ રહસ્ય સમજીને બ્રહ્મવાદી જણાવે છે:

---

૧. શ. બ્રા. ૪, ૬, ૧

૧. 'સાચેજ, આ યજ્ઞ છે, જે પવન–વાયુ ગતિ કરે છે. એ વાયુ તો સર્વના સાધારણ પ્રાણુ છે. એ પ્રાણથી તો યજ્ઞનો વિસ્તાર થાય છે. તે પ્રાણમાં સંસ્કાર રહેલા છે. તે પ્રાણને જે મેળવવા માગે છે, તે લોકો સોમયાગ કરવા માંગે છે, જે એક સંવત્સર–વર્ષ સુધી ચાલે. એ સંવત્સર સત્રમાં બેસવા માટે તે લોકો દીક્ષા લે છે. આ લોકોમાં જે ગૃહપતિ યજમાન છે, તે સૌ પહેલાં દીક્ષા લે છે. હવે જે પૃથ્વી-લોક છે, તે તો ગૃહપતિ છે, કારણકે આ લોકમાં બધું સારી રીતે રહેલું છે. એ રીતે સત્રમાં બેસનારા બધા લોકો ગૃહપતિમાં પ્રતિષ્ઠિત છે. તેની પ્રતિષ્ઠા કરી લીધા પછી બીજા યજમાનો દીક્ષા લે છે.

યજ્ઞનો અધ્વર્યુ બ્રહ્માને દીક્ષા આપે છે. હવે ચંદ્રમા એ બ્રહ્મા છે અને ચંદ્રમા તો સોમ છે. ઓષધિઓ સૌમ્ય છે; તેમનો રાજા સોમ છે.

ત્યારબાદ ઉદ્ગાતાને દીક્ષા આપે છે. પર્જન્ય–મેઘ એ ઉદ્ગાતા છે. મેઘથી વૃષ્ટિ થાય છે, માટે વૃષ્ટિનો ઓષધિઓની સાથે સંબંધ થાય છે. ત્યારબાદ હોતાને દીક્ષા આપે છે. દેવોમાં અગ્નિ હોતા છે અને શરીરમાં વાણી હોતા છે. અન્ન તે વૃષ્ટિ છે, માટે અગ્નિ અને વાણીને અન્નથી જોડે છે.

યજ્ઞનો પ્રતિપ્રસ્થાતા અધ્વર્યુને દીક્ષા આપે છે, મન તો અધ્વર્યુ છે અને વાણી હોતા છે. તે મન અને વાણીને જોડે છે. તે બ્રહ્માની સાથે બ્રાહ્મણાચ્છંસીને, ઉદ્ગાતાની સાથે પ્રસ્તોતાને અને હોતાની સાથે જોડવા મૈત્રાવરુણને દીક્ષા આપે છે. નેષ્ટા ઋત્વિગ્ અધ્વર્યુની સાથે દીક્ષા આપે છે. દીક્ષાનો આ ક્રમ વ્યવસ્થિત છે.

સૂર્યની એક વર્ષની ગતિ–અયનને બે વિભાગમાં વહેંચી છે: ૭ માસ ઉત્ત-રાયણ અને ૭ માસ દક્ષિણાયન. તે પરથી આ સંવત્સર યાગની શરૂઆત ફાગણ–ચૈત્રથી કરવામાં આવે છે. ભાદરવામાં વચલો દિવસ આવે, તેને વિષુવાન કહે છે. એકસોને એંશી દિવસ પહેલાં અને તેટલાજ દિવસ પછીના ગણી વર્ષનાં ત્રણસોને સાઠ સવન–અહોરાત્રની ગણના પ્રમાણે થાય છે.

પહેલા દિવસે શરુઆતમાં પ્રાયણીય અને ઉદનીય સમાપ્તિનાં સવન યજ્ઞની વિતાન–લાંબી દોરીને બે બાજુથી જોડે છે. બીજા દિવસે ચતુર્વિંશ ઉક્થ્ય અને ઉપાન્ત્ય દિવસે મહાવ્રત સંપુટની જેમ રહે છે. ૭ ૭ અહોરાત્ર–ષડહના ચાર અભિપ્લવ યાગમાં જ્યોતિ. ગો, આયુ અને ગો, આયુ, જ્યોતિનાં ચોવીસ સવન અને પૃષ્ઠ્ય ષડહનાં ૭ સવન મળીને ત્રીસ સવનોની ગણના કરવામાં આવે છે. છઠ્ઠા માસમાં ત્રણ અભિપ્લવ અને એક પૃષ્ઠ્ય ષડહનાં ચોવીસ સવન, તે ઉપરાંત એક અભિજિત્ અને ત્રણ સ્વરસામ મળીને અઠ્ઠાવીસ સવન થાય છે; તેમાં શરૂઆતનાં બે સવન ગણીને ત્રીસ સવન થાય છે.

---

૧. શ. બ્રા. ૧૨, ૧, ૧

વિષુવાન્ સવનની ગણુના થતી નથી; તે પછીનાં ૭ માસનાં સવનોનો ક્રમ ઉલટો ચાલે છે, અર્થાત્ સાતમા માસે ત્રણ સ્વરસામ, એક અભિજિત, એક પૃષ્ઠ્ય ષડહ અને ત્રણ અભિપ્લવ ષડહ મળીને અઠ્ઠાવીસ સવન થાય, તેમાં સમાપ્તિનાં બે સવન ગણાય છે. તે પ્રમાણે પછીના માસોમાં એક પૃષ્ઠ્ય ષડહ અને ચાર અભિપ્લવ ષડહનાં ત્રીસ ત્રીસ સવનો ગણાય છે. છેલ્લા માસે ત્રણ અભિપ્લવ ષડહ, એક એક ગોષ્ટોમ અને આયુષ્ટોમ તેમજ દશરાત્રનાં દશ અહોરાત્ર થાય છે.

આકાશ એ યજ્ઞભૂમિ છે, ત્યાં નિત્ય નિરંતર સવન યાગ ચાલુ રહે છે. ત્યાં દેવો ઋત્વિજો બનીને સૂર્યમાં સોમની આહુતિ આપી રહ્યા છે. તે પરથી સંવત્સર યાગનું રહસ્ય બ્રહ્મવાદી સમજાવે છે :

૧. દેવો સંવત્સર યાગમાં બેઠા છે; તેમાં સાથ સહકાર આપનારા દેવો તે તે સવનની સાથે જોડાયા છે; તે ક્રમ આ પ્રમાણે છે : શ્રદ્ધાથી દીક્ષા, અદિતિથી પ્રાયણીય, સોમથી ક્રય (ખરીદી) વિષ્ણુથી આતિથ્ય, આદિત્યથી પ્રવર્ગ્ય, સ્વધાથી ઉપસદ, અગ્નિ અને સોમથી ઉપવસથ. આ ક્રમ સામાન્ય છે.

સંવત્સર યાગનો વિશેષ ક્રમ આ પ્રમાણે છે : આ લોકથી પ્રાયણીય અતિરાત્ર પહેલો દિવસ, સંવત્સરથી ચતુર્વિંશ અહોરાત્ર બીજો દિવસ, બ્રહ્માથી અભિપ્લવ ષડહ, ક્ષત્રથી પૃષ્ઠ્ય, અગ્નિથી અભિજિત્, આપોદેવીથી ત્રણ સ્વરસામ, આદિત્યથી વિષુવાન, ઇન્દ્રથી વિશ્વજિત્, મિત્ર અને વરુણથી ગો અને આયુ, પ્રજાપતિથી મહાવ્રત અને સ્વર્ગલોકથી ઉદયનીય અતિરાત્ર છેલ્લો સમાપ્તિનો દિવસ. તે રીતે સંવત્સર યાગનો જન્મ થયો છે. જે આ સંવત્સર યાગના જન્મનું રહસ્ય જાણે છે, તે શ્રેય–કલ્યાણ મેળવે છે. તે નવો જન્મ મેળવે છે, તે સંવત્સર યજ્ઞનું રૂપ ધારણ કરે છે.

નિત્ય નિરંતર એ સવન યાગ ચાલૂ છે; તે પ્રમાણે જે યજમાન અને ઋત્વિજો એક વર્ષ સુધી ચાલતા સંવત્સર યાગનાં યજન કરે છે; તેમની પર તે તે સવનના દેવો રાજી થાય છે અને તેમને પોતાનાં રૂપ આપી, પોતાની સાથે જોડી દે છે; તેનો ક્રમ આ પ્રમાણે છે :

૨. 'જે સોમયાગની દીક્ષા લે છે, તે લોકો અગ્નિ અને વિષ્ણુનાં યજન કરે છે અને તેમની સાથે સાયુજ્ય મેળવે છે. પ્રાયણીયથી અદિતિનાં યજન કરી, અદિતિની સાથે યોગ સાધે છે, ક્રયથી સોમનાં યજન કરી, સોમને મેળવે છે. આતિથ્યથી વિષ્ણુનાં યજન કરી, સુયોગ સાધે છે. પ્રવર્ગ્યથી યજન કરી આદિત્યને મેળવે છે.

---

૧. શ. બ્રા. ૧૨, ૧, ૨ ૨. શ. બ્રા. ૧૨, ૧, ૩

ઉપસદના દેવો અગ્નિ, સોમ ને વિષ્ણુ છે, તેમનાં યજન કરી, તેમને પામે છે. પશુની વૃદ્ધિ માટે ઇષ્ટિ કરી અગ્નિ અને સોમને મેળવે છે. પ્રાયણીય અતિરાત્રનાં યજન કરી, દિવસ અને રાત્રિના દેવોને મેળવે છે. ચતુર્વિંશ અહોરાત્રથી સંવત્સર સાથે યોગ સાધે છે.

અભિપ્લવ પડહનાં ૭ ૭ અહોરાત્રનાં યજન કરી, પક્ષ અને માસના અધિષ્ઠાતા દેવોને મેળવે છે. પૃષ્ઠ્ય પડહથી ઋતુઓના દેવોને મેળવે છે. અભિજિતથી અગ્નિને, ત્રણ સ્વર સામથી આપોદેવીને અને વિષુવત્‌થી આદિત્ય દેવને મેળવી લે છે. વિશ્વજિતથી ઇન્દ્રને, ગો અને આયુથી મિત્ર અને વરુણને તેમજ દશરાત્રથી વિશ્વેદેવોને અને મહાવ્રતથી પ્રજાપતિને મેળવી લે છે. છેલ્લા ઉદયનીય અતિરાત્રથી સંવત્સરને મેળવી સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.

આ સોમયાગનાં સવન છે: સત્ય, શ્રમ, તપ અને શ્રદ્ધા તેનાં મુખ્ય અંગ છે. એ સવનની આહુતિઓથી તે સંવત્સરનો લાભ મેળવે છે.

પ્રાચીન ઋષિઓને મંત્રોનાં દર્શન થતાં; તે રીતે પ્રકૃતિના યોગથી થતા પ્રયોગોનાં દર્શન થતાં અને તે પરથી જુદા જુદા યજ્ઞોની વ્યાખ્યા અને પ્રક્રિયા તે શોધી કાઢતા અને તેનાં દર્શન કરતા હતા; તે રીતે સોમયાગના જ્યોતિષ્ટોમ, ઉકથ્ય, અતિરાત્ર, પૃષ્ઠ્ય, દશરાત્ર, અભિપ્લવ વગેરેની પ્રક્રિયાઓ જાણીને તેનાં નિરૂપણ કરેલાં છે:

એકવીસ અહોરાત્ર સુધી ચાલતો આ સોમયાગ છે: પહેલે દિવસે અતિરાત્ર, પછી પૃષ્ઠ્ય પડહ, ત્રણ સ્વરસામ, પછી દિવાકીર્ત્ય, તે પછી ઉલટા ક્રમે સ્વરસામ, પૃષ્ઠ્ય અને અતિરાત્ર રજૂ થાય છે. તે પ્રયોગને ઋષિ રજૂ કરે છે:

૧. 'આદિત્ય હાલ આકાશમાં છે, તે પહેલાં આ લોકમાં હતો. દેવોએ આ પૃષ્ઠ્ય પડહના ૭ અહોરાત્રથી તેને પકડીને સ્વર્ગલોકમાં મોકલી આપ્યો. તેમણે સ્વરસામથી પકડીને દિવાકીર્ત્યથી સ્વર્ગલોકમાં ટકાવી રાખ્યો; જેથી સૂર્ય ઘણે ઊંચે ચાલ્યો ન જાય.

આ રીતે યજમાન લોકો પૃષ્ઠ્યથી સ્વર્ગને મેળવે છે અને સ્વરસામથી ટકી રહે છે, આ રીતે દિવાકીર્ત્યથી બંને બાજુ રહે છે. પૃષ્ઠ્ય તો પીઠના સ્થાને છે, તેથી તે આ લોકમાં ટકી રહે છે. આ સાત યાગ તો પુરુષના મસ્તકમાં રહેલા સાત પ્રાણ જેવા છે.

૨. પહેલાં બૃહસ્પતિએ ઇચ્છા કરી: મારે વિષે દેવોને શ્રદ્ધા જાગે અને હું તેમનો પુરોહિત બનું; તે માટે તેમણે ચોવીસ દિવસ ચાલે, એવા સત્રનાં દર્શન

૧. તૈ. સં. ૭, ૩, ૧૦ ૨. તૈ. સં. ૭, ૪, ૧

કર્યાં. તે પ્રમાણે તેમણે યજન કર્યાં. તેથી દેવોને તેમને વિષે શ્રદ્ધા જાગી અને તે પુરોહિત બન્યા. એ રીતે જે યાગ કરે, તે પુરોહિત બને છે.

આમાં જ્યોતિ, ગો અને આયુ એ પ્રમાણે ચાર ચાર–બાર અહોરાત્ર, એક પૃષ્ઠ્ય પડહ, ચાર છંદોમ શરૂઆતમાં પ્રાયણીય અને અંતે ઉદયનીય મળીને ચોવીસ થાય છે.

આમાં જ્યોતિ તે આ લોક, ગૌ અંતરિક્ષ અને આયુ સ્વર્ગલોક છે. એ ક્રમથી યજમાન સ્વર્ગ લોકે જાય છે. ગાયત્રી, ત્રિષ્ટુપ અને જગતી છંદોના અક્ષર પ્રમાણે છંદોમ યાગ હોય; તે સત્ર ગણાય છે. દેવો પૃષ્ઠ્ય પડહથી સત્રને પકડી રાખે છે અને છંદોમથી પશુની સમૃદ્ધિ મેળવે છે.

તેજ રીતે ચોવીશ પક્ષ એક વર્ષમાં હોય છે; તેથી એક સંવત્સર દરમિઆન યજમાન સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે. તે રીતે આદિ અને અંતમાં અતિરાત્રથી યજમાન બ્રહ્મવર્ચસ્ મેળવે છે.

સૂર્યની ગતિ પ્રમાણે સંવત્સર યાગનાં દર્શનની શરૂઆત આ રીતે કરે છે:

૧. સંવત્સર યાગની શરૂઆત પ્રાયણીય અતિરાત્રથી થાય છે. એ વિષે બ્રહ્મવાદીઓ પૂછે છે: જે મોટા યજ્ઞ ક્રતુઓ સોમયાગને નામે પ્રસિદ્ધ છે; તેમાં અતિરાત્ર યાગ તો છેલ્લો આવે છે, તેને તમે સંવત્સર યાગમાં શી રીતે પહેલો મૂકો છો? તેનાં ઉત્તરમાં યાજ્ઞિકો જણાવે છે: અગ્નિષ્ટોમમાં બાર, ઉકથ્યમાં પંદર, ષોડશીમાં સોળ અને અતિરાત્રમાં ઓગણત્રીસ સ્તોત્ર ભણાય છે. એ રીતે અતિરાત્ર યાગથી શરૂ કરો, તેમાં પણ પહેલાં તો અગ્નિષ્ટોમ, ઉકથ્ય અને ષોડશી યાગ આવી જવાના; તેમાં શંકા નથી.

આ રીતે સત્રમાં દીક્ષા લઈને બેઠેલા યાજ્ઞિકો અને ઋત્વિજો ક્રતુ પ્રમાણે સોમનાં પાન કરે છે, તેથી સંવત્સરમાં શરૂઆત પ્રાયણીય અતિરાત્રથી કરે, તો પણ જ્યોતિષ્ટોમ મુખ્યત્વે આવી જાય છે.

આ સંવત્સર યાગમાં જે અભિપ્લવ પડહ છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે:

જ્યોતિષ્ટોમ, ગોષ્ટોમ અને આયુષ્ટોમ તે પ્લવ–નાવ છે, તે એકાહ છે; તે પ્રમાણે ત્રણ અહોરાત્ર ક્રમથી અને બીજા ત્રણ ઉલટા ક્રમથી આવે છે, માટે તેને અભિપ્લવ પડહ છ અહોરાત્ર કહે છે.

યજમાન ગૃહપતિ અને ઋત્વિજો પહેલાં જ્યોતિષ્ટોમ પ્રાપ્ત કરે છે, તેથી તે આ લોકમાં પ્રતિષ્ઠા મેળવે છે, ત્યારબાદ ગોષ્ટોમથી અંતરિક્ષ લોકમાં સ્થિર થાય છે. તે પછી આયુષ્ટોમથી સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.

જેમ રથના ચક્રની બે પરિધિ દૃઢ હોય તેમજ આ પડહના આદિ અને અંતમાં જ્યોતિ થાય છે; તે બંને અગ્નિષ્ટોમ છે. વચમાં ગૌ, આયુ, ગૌ અને આયુ

---

૧. તૈ. સં. ૭, ૪, ૧૯

ચાર ઉક્થ્ય–સોળ સ્તોત્રોની સાથે છે, તે નાભિના સ્થાને છે. આમ રથના ચક્રની જેમ અભિપ્લવ ષડહ પર્યટન કરીને યજમાનનાં સ્વસ્તિ કલ્યાણ કરે છે.

દેવોએ સંવત્સરનાં પુરશ્ચરણ કર્યાં, તેથી સૂર્ય સદા તપતો રહે છે. સૂર્યમાં સોમની આહુતિઓ અપાય છે; એ રીતે વર્ષભરનાં ત્રણસો ને સાઠ અહોરાત્રનાં સવન ચાલૂ રહે છે; એ પ્રમાણે યાજ્ઞિકો એ સંવત્સર યાગનાં પુરશ્ચરણ કરીને આલોક અને પરલોકમાં પ્રતિષ્ઠા મેળવી હતી.

એ રીતે પહેલાંના વખતમાં ગાયોએ સંવત્સર યાગ કર્યો હતો અને તેથી તેમની મનકામના સફળ થઈ હતી, તે વિષે ઋષિનું દર્શન આ રીતે છે :

૧. 'પહેલાં ગાયોને માથે શીંગડાં ન હતાં. 'અમારે માથે શીંગડાં ઉગે;' એ પ્રકારની કામના મનમાં રાખીને, તેમણે આ સંવત્સર સત્રના પુરસ્ચરણમાં બેસવાનું નક્કી કર્યું. તેમણે દશ માસ સુધી આસન જમાવ્યાં અને આ પુરશ્ચરણ કર્યાં. હવે તેમની કામના પ્રમાણે તેમને માથે શીંગડાં ઉગ્યાં. તેમણે વિચારણા કરી : જે કામનાથી આપણે અનુષ્ઠાનમાં બેઠાં હતાં; આપણી તે કામના તો સફળ થઈ. આમ વિચારીને કેટલીક ગાયો તો અનુષ્ઠાન પુરાં કરીને ઉભી થઈ ગઈ.

હવે જેમને શીંગડાં ઉગ્યાં ન હતાં; એવી ગાયો પણ અરધા ભાગની હતી. તેમણે મળીને વિચારણા કરી : આપણે તો બાર માસ સુધી પુરશ્ચરણમાં બેસીશું કારણકે તે રીતે સંવત્સર–વર્ષની પ્રાપ્તિ થાય છે.

હવે તે ગાયોમાં બે પ્રકાર હતા : એક જાતને શ્રદ્ધા હતી કે શીંગડાં ઉગશે, તેમને શીંગડાં ઉગ્યાં. બીજી જાતને શ્રદ્ધા ન હતી; તેમને શીંગડાં તો ઉગ્યાં નહિ. તેમને પુરશ્ચરણ કરીને સિદ્ધિ મેળવી લીધાનો સંતોષ હતો; તેમણે ઊર્જ અને બળ મેળવી લીધાં હતાં.

આ રીતે સંવત્સર યાગ બે પ્રકારના છે : એક દશમાસનો અને બીજો બાર માસનો. જેમ કોઈ રાજમાર્ગે ચાલે; તે સીધો રાજભવનમાં પહોંચી જાય; એ રીતે દશ માસે પણ સિદ્ધિ મળી જાય છે.

ગાયોએ સંવત્સર યાગનાં અયન કરી, સિદ્ધિ મેળવી; તેને કારણે આ યાગને ગવામયન કહે છે.

સંવત્સર યાગ કરનારી આ ગાયો સાધારણ પશુ તો નહોય; ત્યારે એ ગાયો કોણ? સૂર્યનાં કિરણો જે માર્ગે ગતિ કરે છે; તેને ગો માર્ગ, નક્ષત્ર માર્ગ કે સ્વર્ગંગા કહે છે; જેમાં વિવિધ નક્ષત્રો ગોની જેમ ગતિ કરે છે; તેમાંના કેટલાક નક્ષત્રોને શ્રુંગ હોય છે ને કેટલાંકને નથી હોતાં. એ કુદરતી રચનાને અહિ સંવત્સર યાગનું રૂપ આપ્યું છે.

---

૧. તૈ. સં. ૭, ૫, ૨; કા. સં. ૩૩, ૧–૪

માનવની મતિને ગો કહે છે. બધાંની ગો સરખી રીતે તીક્ષ્ણ હોતી નથી. દિવ્ય માર્ગે અને પરોપકારના માર્ગે જેણે ગતિ કરવી હોય; તેણે તો મતિને તીક્ષ્ણ કરવી પડશે. સંભવ છે કે પરોપકારનાં કાર્યો કરતાં, મતિ તીક્ષ્ણ ન બને. પણ તેનાં કાર્ય નિષ્ફળ જતાં નથી. એ તાત્પર્ય છે.

આ ગવામયન યાગ સૂર્યની ગતિનું સુંદર નિરૂપણ છે, તે સાથે આત્માના અનુભવ માર્ગનું એક પ્રત્યક્ષ ઉદાહરણ છે. ઋષિએ કરેલા એ દર્શનનું રહસ્ય બ્રહ્મવાદી જનો આ રીતે રજૂ કરે છે.

૧. 'સાચેજ, આ સંવત્સર યાગ છે; તે તો પુરુષની પ્રતિમા છે. શરૂઆતનો પ્રાયણીય અતિરાત્ર છે, તે પુરુષના પગ છે, જેથી પ્રયાણ કરે છે. તેમાંનું જે શુકલ રૂપ છે, તે દિવસ અને કૃષ્ણરૂપ તે રાત્રિનું છે. નખ તો ઓષધિ વનસ્પતિઓનાં રૂપ છે.

બીજો ચતુર્વિંશ અહોરાત્ર છે, તે પુરુષની બે સાથળ છે. અભિપ્લવ તે છાતી અને પૃષ્ઠય તે તો પૃષ્ઠ–પીઠનો ભાગ. અભિજિત્ એ તો જમણો હાથ, ત્રણ સ્વર સામ છે, તે તો જમણી બાજુએ રહેતી ઇંદ્રિયો આંખ, નાક ને કાન તે ત્રણ પ્રાણ રૂપે છે. વિષુવાન્ મસ્તક અને પછીના ત્રણ સ્વરસામ, તે ડાબી બાજુની આંખ, નાક ને કાનની ઇંદ્રિયો છે. વિશ્વજીત તે ડાબો હાથ, પછીના પૃષ્ઠય અને અભિપ્લવ ઉપર પ્રમાણે, ગો અને આયુ તો નીચેના બે પ્રાણ છે. દશરાત્ર તે અંગો છે, મહાવ્રત મુખ છે અને સમાપ્તિના ઉદયનીય અતિરાત્ર બે હાથ છે.

આ રીતે સંવત્સર યાગ પુરુષની પ્રતિમારૂપે પ્રતિષ્ઠિત છે, જે તેનું અધ્યાત્મરૂપ છે. જે બ્રહ્મવાદી યાજ્ઞિક સંવત્સરના આધ્યાત્મિક રૂપને જાણે છે; તે પ્રજાજનો અને પશુઓથી સમૃદ્ધ બનીને આ લોકમાં પ્રતિષ્ઠિત બને છે; તેમજ પરલોકમાં અમરતા મેળવે છે.

સંવત્સર યાગને સમુદ્રની સાથે સરખાવ્યો છે. બીજા યજ્ઞયાગ તરી જવાય; પણ સંવત્સર તો સર્વત્સર–સર્વરીતે તરવો હોય, તો તેને માટે તરવાની કલા સારી રીતે આવડવી જોઈએ. તરતા પહેલાં કુશળ તરવૈયો તેનું માપ કાઢે છે; એ રીતે આ યાગનું માપ બ્રહ્મવાદીએ આપ્યું છે :

૨. 'સાચેજ, જેમણે સંવત્સર યાગનાં પુરશ્ચરણ કરવા માટે, દીક્ષા લીધી હોય, તેમણે તો માનોને સમુદ્રને તરી જવાનું કાર્ય કરવાનું છે. હવે જેમ સમુદ્રના જલમાં ઉતરવા માટે તીર્થ–પગથીયું હોય; એમજ શરૂઆતમાં પ્રાયણીય અતિરાત્ર છે, તે યાગનું તીર્થ છે. એ દ્વારા તે પુરશ્ચરણ કરનારા લોકો જલની જેમ યાગની અંદર પ્રવેશ કરે છે.

---

૧. શ. બ્રા ૧૨, ૧, ૪ ૨. શ. બ્રા. ૧૨, ૨, ૧

બીજા દિવસોનો જે ચતુર્વિંશ અહોરાત્ર છે. તે તો જલની અંદર છીછરી પગથાર–ગાધ પ્રતિષ્ઠા છે. અહીં જલ માણસની કેડ સુધી કે કંઠ સુધી પહોંચતાં હોય છે; જ્યાં તરવૈયા વિશ્રામ લઈને આગળનાં ઊંડાં જલમાં તરવા માટે જાય છે. એ રીતે અભિપ્લવ પડહ તો ઊંડાં જલ છે અને ત્યારબાદ પૃષ્ઠય પડહ પણ ઊંડાં જલ છે, જ્યાં તરવાની કળા જાણતા હોય, તે લોકો પ્રવેશ કરે છે.

ત્યારબાદ અભિજિત્ અહોરાત્ર આવે છે, એ ફરીથી ગાધ પ્રતિષ્ઠા છે, જેનાં જલ માણસની કેડ સુધી કે કંઠ સુધી પહોંચતાં હોય છે, જ્યાં તરવૈયા વિશ્રામ લેવા માટે ઉભા રહે છે. તે પછી ત્રણ સ્વરસામ સીધી ગતિ પ્રમાણે છે. પહેલા સ્વરસામ સાથળ સુધીના જલનાં માપ છે, બીજા સ્વરસામ ઘુંટણ સુધીના જલનાં અને ત્રીજા સ્વરસામ પગની પાની ડૂબે તેટલા જલના માપનાં છે.

આ પછી મધ્યવર્તી વિષુવાન અહોરાત્ર આવે છે. હવે જેમ સમુદ્રની વચોવચ દ્વીપ હોય; ત્યાં પગથાર ભૂમિ પ્રતિષ્ઠા માટે આવે છે; તે રીતનો આ વિષુવાન્ છે. ત્યારબાદ ત્રણ સ્વરસામ ઉલટી ગતિ પ્રમાણે ચાલે છે: અર્થાત પહેલા સ્વરસામ કંઠના માપનાં છે, બીજા સ્વરસામ ઘૂંટણ સુધીના જલનાં અને ત્રીજા સ્વર સામ પગની પાની ડૂબે તેટલા જલના માપનાં હોય, એ રીતે ગણવામાં આવે છે.

ત્યારબાદ આવતા વિશ્વજિત્ અહોરાત્રને છીછરી પગથારની જેમ ગણ્યો છે, જ્યાં કેડ સુધીનાં જલ આવે કે પછી કંઠ સુધીનાં જલ આવે, જ્યાં ઉભા રહીને તરવૈયા વિશ્રામ લેતા હોય છે. એ રીતે ઉલટા ક્રમે આવતા પૃષ્ઠય અને અભિપ્લવ પડહનાં અહોરાત્ર તો જલનાં એવાં ઊંડાં સ્થળો છે, જે તરવા માટે ખૂબ માફક આવે છે. ત્યાર બાદ છેલ્લા માસના ગોષ્ટોમ અને આયુષ્ટોમનાં બે અહોરાત્ર તેમજ દશરાત્રનાં દશ અહોરાત્ર તરવાને માટે માફકસર ઊંડાં હોય છે. છેલ્લે મહાવ્રતનું અતિરાત્ર તો પગથાર ભૂમિની જેમ પગ મુકી શકાય; તેટલું છીછરૂં હોય અને છેવટે સમાપ્તિનું ઉદયનીય અહોરાત્ર તો જલના તીર્થની જેમ પગથીયું છે, જેની પર પગ મુકીને જલમાંથી બહાર નીકળાય છે.

અહીં એક સુંદર ચિત્ર રજૂ કર્યું છે. સમુદ્રથી તો એક અમાપ, અતલ જલાશયનો ખ્યાલ આવે; પરંતુ વર્ણનથી તો એક વિશાળ જળાશય કુંડની જેમ બંધાયું હોય; જેમાં વ્યવસ્થિત ઘાટ, પગથીયાં–પગથાર, જલની વચમાં ચબૂતરો વગેરે હોય. આ પારથી નીકળીને પેલી પારે પહોંચવાનું હોય. આરાવત અને પારાવત, આ પાર ને પેલી પાર; તેની જેમ આ સંવત્સર યાગની વ્યવસ્થા સમજાવવામાં આવી છે.

વિષુવાન્ સૂર્યની ગતિમાં મધ્યદિવસ છે, તેની પૂર્વે અને પશ્ચિમે છ છ માસનાં અયન : ઉત્તરાયણ અને દક્ષિણાયન છે; તે રીતે આ સંવત્સર યાગમાં

મધ્યવર્તી વિષુવાન્ અહોરાત્ર છે, તેની પહેલાં ત્રણ અને પછીના ત્રણ અહોરાત્ર સ્વરસામ સીધા અને ઉલટા ક્રમે ગોઠવાય છે, તે પહેલાં અભિજિત્ અને પછી વિશ્વજિત્ અહોરાત્ર છે. એ ગણના પ્રમાણે નવરાત્ર બને છે; તેનાં રહસ્ય રજૂ કરતાં બ્રહ્મવાદી જણાવે છે :

૧. 'આ નવ અહોરાત્ર ગણાય છે; એ નવ તો સ્વર્ગલોક છે. સત્રમાં બેઠેલા યજમાનો આ નવ અહોરાત્રને પ્રાપ્ત કરે છે; એ તો માનો ને કે નવ સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત બને છે.

વિષુવાન શબ્દની વ્યુત્પત્તિ આ છે: विष्वक् वर्तमानौ उभौ पक्षौ આજુબાજુ સીધા અને ઉલટા ક્રમે બે પક્ષ રહ્યા હોય; તેને વિષુવાન્ કહે છે. સોમયાગમાં સ્તોત્ર, શસ્ત્ર અને ગ્રહનો ક્રમ સાથે રહે છે; એ રીતે આ વિષુવાનની પહેલાં અને પછીના ગ્રહ જુગલ જોડીમાં સંતત ચાલૂ ક્રમમાં રહેલી લાંબી દોરીની જેમ ગ્રહણ કરવામાં આવે છે; તેનું રહસ્ય આ છે :

૧. 'આ વિષુવાન અહોરાત્રની આજુબાજુ परः सामानः રથન્તર, બૃહત્ વગેરે શ્રેષ્ઠ સામની સાથે સ્તોત્રનાં ગાન થાય છે, તેની સાથે ગ્રહો પણ ચાલૂ ક્રમે ગ્રહણ કરવામાં આવે છે; તેનું કારણ આ છે. વિષુવાન અહોરાત્રમાં દિવાકીર્ત્ય નામે સામગાન છે : દિવસે જેનાં કીર્તન થાય; તે દિવાકીર્ત્ય ગણાય છે. અહીં બધીજ પ્રક્રિયા દિવસે કરવાથાં આવે છે, કારણકે વિષુવાન્ એ વર્ષનો વચલો દિવસ છે.

હવે જેમ કોઈ નવી ઘરશાળાની રચના કરવી હોય; તો તેમાં વચોવચ ઊંચા થાંભલા ગોઠવવામાં આવે છે; તેમની ઉપર લાંબો મોભ આડો મુકવામાં આવે છે અને તેને આધારે શાળાની બે બાજુનાં છાપરાં ઢળતાં રાખવામાં આવે છે; એ રીતે સંવત્સર યાગ શાળાની જેમ છે. તેનો વચલો ભાગ વિષુવાન છે; તેની બંને બાજુ સીધા અને ઉલટા ક્રમે અહોરાત્રની રચના કરવામાં આવે છે.

હવે પૂર્વના ત્રણ અને પછીના ત્રણ સ્વરસામ, અભિજિત્ અને વિશ્વજિત્ તેમજ વિષુવાન એ નવ અહોરાત્રના ગ્રહ અતિગ્રાહ્ય નામે છે, તેમને સતત–એક સરખા ક્રમે લેવાના છે. જો એ ક્રમ સાચવવામાં ન આવે, તો બાંધ્યા વિનાના છાપરાના વાંસ વિખેરાઇ જાય; એ રીતે આ સંવત્સર યાગ વિખેરાઈ જાય અને યજમાનો દુઃખી થઈ જાય.

જેમ ઘરશાળાનાં બંને બાજુનાં પડખાં વચલા વાંસને જોડાયાં હોય; તે શાળા માટે વચલો થાંભલો ટેકારૂપ હોય છે, એ રીતે વિષુવાન અહોરાત્રમાં દિવાકીર્ત્ય છે, તે મધ્યવર્તી છે; તેની બંને બાજુએ રહેલાં સામગાન અને ગ્રહો તેને દૃઢ રીતે જોડાએલ છે, તેથી યજમાનો કોઈ જાતની વિપત્તિમાં પડતા નથી.

---

૧. તૈ. બ્રા. ૧, ૨, ૨ ૧. તૈ. બ્રા. ૧, ૨, ૩

બ્રહ્મવાદીઓએ છંદને ગરૂડની ઉપમા આપી છે. ગરૂડનો મધ્ય દેહ અને બંને બાજુની પાંખોમાં અક્ષરોની ગોઠવણી કરીને, તે પ્રમાણેની આકૃતિ દોરવામાં આવે છે; તે રીતે આ સંવત્સર યાગના છત્રીસ અહોરાત્ર ગણીને; છત્રીસ અક્ષરોના બૃહતી છંદની સાથે સરખાવીને; તેની તુલના ગરૂડ પક્ષીની સાથે કરી છે :

૨. 'જે આ પ્રસિદ્ધ સંવત્સર યાગ છે; તેને બૃહતી છંદની સંપત્તિ મળે છે. જેમ બૃહતી છંદમાં છત્રીસ અક્ષરો છે. તેમજ આ યાગમાં છત્રીશ પ્રકારના અહોરાત્ર પ્રયોગમાં આવે છે; વચમાં રહેલ વિષુવાનની આજુબાજુના વિશ્વજિત અને અભિજિત, શરૂઆતનો પ્રાયણીય અને છેલ્લે ઉદયનીય અને ઉપાન્ત્ય ઉદવસાનીય એ ૭ અહોરાત્ર, તેની સાથે આજુબાજુના સ્વરસામના ૭ અહોરાત્ર વચમાં આવતાં, અભિપ્લવ અને પૃષ્ઠય ના ૭ ૭ અહોરાત્ર છેલ્લા માસના દશરાત્રની સાથે ગોષ્ટોમ અને આયુષ્ટોમ મળીને બાર અહોરાત્ર. એ રીતે છત્રીસ અહોરાત્ર થાય છે. છત્રીસ અક્ષરોના બૃહતી છંદનો આધાર લઇ; દેવો સ્વર્ગ લોકમાં પહોંચી ગયા હતા. એ રીતે બૃહતી છંદના આ રહસ્યને જે જાણે છે, તે પણ સ્વર્ગ લોકને મેળવી લે છે.

આ સંવત્સર યાગની રચના આ પ્રમાણે છે. બીજા દિવસે ચોવીસ સ્તોમનાં ગાન કરવામાં આવે છે, માટે તેને ચતુર્વિંશ અહોરાત્ર કહે છે; તે રીતે છેલ્લા માસમાં દશરાત્રના સાતમા દિવસે ચોવીસ સ્તોમનાં ગાન ગાયત્રી છંદને અનુસરી કરવામાં આવે છે.

એ ક્રમ જોવામાં આવે, તો અભિપ્લવથી પૃષ્ઠયની રચના થઈ છે, પૃષ્ઠયથી અભિજિત, તેથી ત્રણ સ્વરસામ અને તેથી વિષુવાન. હવે એના ઉલટા ક્રમે વિષુવાનથી સ્વરસામ, તેથી વિશ્વજિત્, તેથી પૃષ્ઠય, તેથી અભિપ્લવ. તેથી ગો અને આયુ અને તેથી દશરાત્ર રચાયાં છે.

યાજ્ઞિકો વિષુવાનનો પ્રયોગ કરતા પહેલાં અભિપ્લવને આગળ રાખે છે અને તેના પછી પૃષ્ઠયને રાખે છે. લોકવ્યવહારની નજરે જોવામાં આવે તો અભિપ્લવ પુત્રો જેવા છે અને પિતા પૃષ્ઠય જેવા છે. નાની વયમાં પુત્રો પિતાનો આશ્રય લઈ જીવન નિર્વાહ કરે છે.

હવે વિષુવત્‌ના પ્રયોગ પછી પૃષ્ઠય પહેલાં અને અભિપ્લવ પછી આવે છે. એ રીતે જોઈએ તો ઘડપણમાં પિતા પુત્રોનો આશ્રય લઈ જીવન નિર્વાહ કરે છે. આ રહસ્યને જે જાણે છે; તેનો વ્યવહાર સારો ચાલે છે.

સાચેજ, સંવત્સર યાગ છે, તે તો એક મહાન્ સુપર્ણ—ગરૂડ ના રૂપને ધારણ કરે છે. ગરૂડને બે પાંખ હોય; એ રીતે યાગના પહેલા ૭ માસના અહોરાત્ર છે,

૨. શ. બ્રા. ૧૨, ૨, ૩

તે તો જમણી પાંખ અને પછીના ૭ માસ છે, તે તો ડાબી પાંખ. વિષુવાન્ મધ્ય દિવસ તો ગરૂડનો મધ્ય દેહ છે.

ગરૂડનો મધ્ય દેહ હોય, તો બે પાંખ હોય અને બે પાંખ હોય, તોજ મધ્ય દેહ હોય. એ રીતે વિષુવાન્ મધ્ય અહોરાત્ર છે અને તેની આજુબાજુના અહોરાત્ર બંને પાંખ જેવા છે.

ઋષિઓ, યાજ્ઞિકો, કવિઓ, બ્રહ્મવાદીઓ યજ્ઞની પ્રક્રિયાને સ્થૂલ રીતે વળગી રહેતા નથી. યજ્ઞનાં કર્મોને તે વિશ્વકર્મા પ્રજાપતિની રચના સાથે સરખાવે છે. તે વિશ્વકર્માએ જે વિશ્વની રચના કરી; તેમાં પોતે પ્રવેશ કરીને નિવાસ કરે છે. એ પુરીમાં વિશ્રામ લેનાર પુરુષ છે. જેમાં પોતે વસે છે, તે પુરી પણ પુરુષ ગણાય છે, વિશ્વ પુરી છે અને વિષ્ણુ પુરુષ છે. એ વિષ્ણુ યજ્ઞનું સ્વરૂપ છે.

સોમયાગ એક વિશેષ યજ્ઞ છે; જેમાં સોમ અન્ન છે, હવિ છે, અમૃત છે અને તે સોમ દેવ છે. તે સોમ પુરુષના દેહમાં વસે છે અને પુરુષના જીવનને ચેતનવંતુ બનાવે છે.

જે માનવ સોમનું પુરશ્ચરણ કરે છે, તેને પ્રસાદ–શેષના રૂપમાં સોમનાં પાન કરવાનાં ભાગ્ય મળે છે. એ સોમપાન તો જીવનનું અમૃત છે. સોમને પામીને માનવ સૌમ્ય બને છે. સમાજનાં અને રાષ્ટ્રનાં કાર્યો કરવા માટે આવા સૌમ્ય, સદાચારી, સ્વસ્થ, શાંત માનવની જરૂર છે.

આ રહસ્ય ખોલતાં બ્રહ્મવાદી જણાવે છે :

[૧]પુરુષ એ તો સંવત્સર છે. પુરુષ એક છે, સંવત્સર એક છે. એ રીતે બંને સમાન છે. સંવત્સરનાં બે રૂપ છે : અહોરાત્ર–દિવસ અને રાત. પુરુષની અંદર બે પ્રાણ છે. તે રીતે બે સમાન છે. સંવત્સરને ત્રણ ઋતુઓ છે, તો પુરુષમાં ત્રણ પ્રાણ છે. સંવત્સર એ ચાર અક્ષર છે, તો પુરુષ જે યજમાન છે, તેમાં ચાર અક્ષર છે. સંવત્સરની પાંચ ઋતુઓ, ૭ કે સાત ઋતુઓ હોય છે, એ રીતે પુરુષમાં પાંચ, ૭ કે સાત પ્રાણ હોય છે.

સંવત્સરના માસ બાર અને વધારાનો અધિક માસ; એ રીતે પુરુષને બાર પ્રાણ અને નાભિમાં રહેનાર વિશેષ પ્રાણ તે અધિક ગણાય છે. સંવત્સરનાં ચોવીસ પક્ષ, તો પુરુષનાં ચોવીસ અંગ : વીસ આંગળીઓ અને ચાર અંગ. સંવત્સરને અધિકમાં છવીસ પક્ષ હોય, તો પુરુષનાં ચોવીસ અંગોમાં પગની બે પાની ગણાય.

સંવત્સરની રાત્રીઓ ત્રણસોને સાઠ, તો પુરુષના શરીરનાં હાડકાં ત્રણસોને સાઠ હોય છે. દિવસો ત્રણસોને સાઠ, તો મજ્જાઓ ત્રણસોને સાઠ એ રીતે સાતસોવીસ અહોરાત્રની જેમ હાડકાં અને મજ્જાઓ સાતસો વીસ થાય. ० ० ०

---

૧. શ. બ્રા. ૧૩, ૩, ૨

# પરિશિષ્ટ–૧

## કદ્રૂ અને સુપર્ણી

તૈતિરીય સંહિતા (૬,૧,૬)માં આ કથા છે; તે જ રીતે કાઠક સં (૨૩,૧૦, ૨૪,૧) કઠકાપિષ્ઠલ સં (૩૭,૨) અને મૈત્રાયણી સં (૩,૭,૩,૪)માં આ કથા એક સરખી છે. શતપથ બ્રા. (૩,૨,૪,૧; ૩,૬,૨)માં બંને વચ્ચેના વિવાદની વાત પણ છે.

તૈ. સં. માં મૂલ કથા છે; તે અહીં આપી છે. આ ઘણું પ્રાચીન ગદ્ય છે. વાકયરચના સરળ અને સુગમ છે. કેટલાક શબ્દો પુરાણા અને અપરિચિત છે, મંત્રની જેમ તેનું શ્રવણ કર્ણને મધુર લાગે છે:

કદ્રૂશ્ચ વૈ સુપર્ણી ચ આત્મરૂપયોરસ્પર્ધેતામ્। સા કદ્રૂ: સુપર્ણીમ્ અજયત। સા બ્રવીત્ તૃતીયસ્યામ્ ઇતો દિવિ સોમ: તમાહર તેન આત્માનં નિષ્ક્રીણીષ્વ ઇતિ।

કદ્રૂ અને સુપર્ણી એ બંને પોતાનાં રૂપની બાબતમાં હોડમાં ચઢી ગયાં. તેમાં તે કદ્રૂ સુપર્ણીને જીતી ગઈ. તેણે કહ્યું: અહીંથી ત્રીજા દ્યુલોકમાં સોમ છે, તે લાવી આપ અને તેથી જાતને ખરીદી, છૂટી થા.

ઈયં વૈ કદ્રૂ: અસૌ સુપર્ણી છંદાંસિ સૌપર્ણેયાઃ। સાબ્રવીદ્ અસ્મૈ વૈ પિતરૌ પુત્રાન્ બિભૃતઃ। તૃતીયસ્યામ્ ઈતો દિવિ સોમ: તમાહર તેન આત્માનં નિષ્ક્રીણીષ્વ ઈતિ મા કદ્રૂરવોચદિતિ।

આ ધરતી એ તો કદ્રૂ છે અને દ્યૌ–આકાશ તે સુપર્ણી છે. છંદો તે સુપર્ણીના પુત્રો છે. તેણે છંદોને કહ્યું: માતા અને પિતા પુત્રોનાં ભરણ પોષણ કરે છે, તેનું કારણ આ છે કે પુત્રો ઋણથી છોડાવે. અહીંથી ત્રીજા દ્યુલોકમાં સોમ છે, તે લાવી આપ અને તેથી જાતને ખરીદી, છૂટી થા, આમ મને કદ્રૂએ કહ્યું છે.

જગતી ઉદ્પતત્ ચતુર્દશાક્ષરા સતી। સા અપ્રાપ્ય ન્યવર્તત તસ્યૈ દ્વે અક્ષરે અમીયેતામ્। સા પશુભિશ્ચ દીક્ષયા ચાગચ્છત્। તસ્માત્ જગતી પશવ્યતમા। તસ્માત્ પશુમંતં દીક્ષોપનમતિ।

તે પ્રમાણે પોતાના ચૌદ અક્ષરોને સાથે લઈ, જગતી છંદ ત્રીજા લોક તરફ ઉડીને પહોંચી ગયો. સોમ મેળવ્યા વિનાજ તે છંદ પાછો ફર્યો. તેના બે અક્ષર ત્રીજા લોકમાં રહી ગયા; તેના બદલામાં તે છંદ પશુઓ અને દીક્ષાને લેતો આવ્યો.

આને કારણે છંદોમાં જગતી પશુઓની સમૃદ્ધિમાં ઉત્તમ ગણાય છે. આનેજ કારણે; જેની પાસે પશુઓની સમૃદ્ધિ હોય છે, તેને દીક્ષા નમીને પાસે જાય છે.

ત્રિષ્ટુપ્ ઉદપતત્ ત્રયોદશાક્ષરા સતી। સા અપ્રાપ્ય ન્યવર્તત। તસ્યૈ દ્વે અક્ષરે અમીયેતામ્। ક્ષરા સા દક્ષિણાભિશ્ચ તપસા ચાગચ્છતામ્. તસ્માત્ ત્રિષ્ટુભો લોકે માધ્યંદિને સવને દક્ષિણા નીયન્ત। એતત્ ખલુ વાવ તપ ઈત્યાહુ ર્યઃ સ્વં દદાતીતિ।

પોતાના તેર અક્ષરોની સાથે ત્રિષ્ટુપ્ છંદ ઉડીને દ્યુલોકમાં પહોંચી ગયો. સોમને મેળવી લીધા વિના તે પાછો આવ્યો. તેના બે અક્ષરો રહી ગયા. બદલામાં દક્ષિણાઓ અને તપ લઈને તે પાછો આવ્યો. આને કારણે માધ્યંદિન સવન જે ત્રિષ્ટુપ્નો લોક કહેવાય છે, તેમાં ઋત્વિજોને દક્ષિણાઓ આપવામાં આવે છે. જે યજમાન પોતાની માલીકીનું ધન આપે છે, તેને તો બ્રહ્મવાદીઓ સાચે જ તપને નામે જાણે છે.

ગાયત્રી ઉદપતત્ ચતુરાક્ષરા સતી અજયા જ્યોતિષા। તમ્ અસ્યા અજા અભ્યરુંધ તદજાયા અજત્વમ્। સા સોમં ચાહરત્ ચત્વારિ ચ અક્ષરાણિ, સા અષ્ટાક્ષરા સમાપદ્યત।

ત્યારબાદ પોતાના ચાર અક્ષરોની સાથે ગાયત્રી છંદ ત્રીજા દ્યુલોકમાં ઉડીને પહોંચી ગયો, તે સાથે અજાબકરીને અને જ્યોતિ–અગ્નિને લઈ ગયો હતો. તે ગાયત્રીને માટે અજાએ સોમને જીતી લીધો. આમ અજયત્ વ્યુત્પત્તિથી અજાનું નામ સફળ થયું. તે ગાયત્રી સોમને તો લાવ્યો, સાથે બે છંદોના રહી ગએલા ચાર અક્ષરો પણ લેતો આવ્યો. આને કારણે ગાયત્રી છંદ આઠ અક્ષરોની સંપત્તિથી યુક્ત છે.

બ્રહ્મવાદિનો વદન્તિ, કસ્માત્ સત્યાદ્ ગાયત્રી કનિષ્ઠા છંદસાં સતી યજ્ઞમુખં પરીયાય ઈતિ। યદેવ અદઃ સોમમાહરત્ તસ્માદ્ યજ્ઞમુખં પર્યૈત્, તસ્માત્ તેજસ્વિનીતમા।

બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે. આમ શાથી બન્યું? ગાયત્રી બધા છંદોમાં નાનો છંદ છે; તોપણ યજ્ઞને મોખરે તેને રાખવામાં આવે છે, તેનું કારણ આ છેઃ એ ગાયત્રી છંદ સોમને લઈ આવ્યો હતો, માટે તે યજ્ઞના મુખે રહે છે અને તેનેજ કારણે તે સર્વથી વધારે તેજસ્વી છે.

પદ્ભ્યાં દ્વે સવને સમગૃહણાત્ મુખેનૈકમ્। યન્મુખેન સમગૃહણાત્ તદધયત્। તસ્માત્ દ્વે સવને શુક્રવતી; પ્રાતઃ સવનં ચ માધ્યંદિનં ચ। તસ્માત્ તૃતીયસવન ઋજીષમ્ અભિષુણ્વન્તિ; ધીતમિવ હિ મન્યન્તે। આશિરમ્ અવ નવ નયતિ સશુક્રત્વાય, અથો સંભરતિ એવ એનત્।

આ રીતે જોવામાં આવે, તો વાણીના પ્રયોગનું ક્ષેત્ર હજારની ગણનામાં હોય; તો ઈન્દ્રના ભાગમાં બે તૃતીયાંશ અને વિષ્ણુના ભાગમાં એક તૃતીયાંશ વાણીનો પ્રયોગ આવે. એમાં ઋચાઓ અને સામગાન; એ તો ઈન્દ્રરૂપે છે અને યજુઓ વિષ્ણુરૂપે છે. હવે અગ્નિશાળામાં જે સદસ્ બેઠક છે, તે ઈન્દ્રની ગણાય છે; ત્યાં હોતાઓ શસ્ત્રનાં શંસન અને ઉદ્‌ગાતાઓ સ્તોત્રનાં ગાન કરે છે.

અથૈતં વિષ્ણું યજ્ઞમ્। એતૈ: યજુર્ભિ: પુર ઇવૈવ બિભ્રતિ; તસ્માત્ પુરશ્ચરણં નામ ॥૪॥

ત્યારબાદ વિષ્ણુ જે યજ્ઞનું સ્વરૂપ છે, તેને ઉદ્દેશીને અધ્વર્યું ઋત્વિજો યજુઓના પ્રયોગને ધારણ કરે છે. આને કારણે તો યજુઓના પ્રયોગને પુરશ્ચરણ: જે પહેલા કરવામાં આવે, તે કહે છે.

વાગેવ ઋચશ્ચ સામાનિચ, મન એવ યજૂંષિ। સા યત્રેયં વાગ્ આસીત્ સર્વ-મેવ તત્રાક્રિયત સર્વં પ્રાજ્ઞાય; અથ યત્ર મન આસીત્ નૈવ તત્ર કિંચન અક્રિયત ન પ્રાજ્ઞાયત। નોહિ મનસા ધ્યાયત: કશ્ચન આજાનાતિ ॥ ૫ ॥

ઋચાઓ અને સામગાન છે, તે તો વાણીનુંજ રૂપ છે અને જે યજુઓ છે, તે તો મનનુંજ રૂપ છે. હવે જ્યાં જ્યાં વાણી રજૂ થાય છે; ત્યાં બધાં કાર્ય થાય છે અને બધી બાબતો જાણી લેવાય છે. પણ જ્યાં મન હોય; ત્યાં તો કશુંજ કાર્ય થતું નથી અને કોઇ બાબત જણાતી નથી. કોઈએક માણસ મનમાં વિચાર કરતો હોય; તો તેને બીજો કોઇ જાણતો નથી.

...... ...... ......

યજુષા હ વૈ દેવા: અગ્રે યજ્ઞં તેનિરે, અથ ઋચા, અથ, સામ્ના। તદ્દિદમપિ એતર્હિ યજુષા એવ અગ્રે યજ્ઞં તન્વતે; અથ ઋચા, અથ સામ્ના। યજ્જો હ વૈ નામ એતદ્ યદ્ યજુરિતિ ॥ ૧૩ ॥

પહેલાંનાં વખતમાં દેવોએ યજુથી યજ્ઞનો વિસ્તાર કર્યો હતો; ત્યારબાદ તેમણે ઋચાથી અને સામથી. એ રીતને જોઇને આજે પણ ઋત્વિજો યજુથી શરુઆત કરી, યજ્ઞનો વિસ્તાર કરે છે; ત્યારબાદ ઋચાથી અને સામથી. અહીં જે યજુ છે; તે તો ખરેખર યજસ્ છે; અર્થાત્ યજન–પૂજન તે યજ્ઞનો પ્રયોગ છે.

યત્ર વૈ દેવા: ઇમા વિદ્યા: કામાન્ દુદુહે; તત્ હ યજુર્વિદ્યૈવ ભૂયિષ્ઠાન્ કામાન દુદુહે। સા નિર્ધીતતમા ઈવ આસ, સા નેતરે વિદ્યે પ્રત્યાસ। નાન્તરિક્ષ લોક ઈતરૌ લોકૌ પ્રત્યાસ ॥ ૧૪ ॥

પહેલાં જ્યારે દેવોએ આ ત્રણ પ્રકારની વિદ્યાઓથી પોતાની મનગમતી ઈચ્છાઓ દોહી લેવા માંડી; ત્યારે તે યજુર્વિદ્યાજ મોખરે હતી; જેણે ઘણી ખરી કામનાઓ દોહી લીધી. આથી જાણે કે આખા વિદ્યાજ પુરેપુરી દોહી લેવાઈ હોય,

એવું બન્યું. આથી તે વિદ્યા બીજી બે વિદ્યાઓની સરખામણીમાં આવી શકે એમ ન હતું. સાચેજ, યજુર્વેદનો જે અંતરિક્ષ લોક છે, તે બાકીના બે લોકોની તુલનામાં આવી શકે એમ નથી.

તે દેવા અકામયન્ત, કથંનુ ઈયં વિદ્યા ઈતરે વિદ્યે પ્રતિ સ્યાત્ કથમન્તરિક્ષ લોકઃ ઈતરૌ લોકૌ પ્રતિ સ્યાત્ ઈતિ ॥ ૧૫ ॥

તે દેવોએ વિચારણા કરીઃ આ વિદ્યા બીજી બે વિદ્યાઓની સરખામણીમાં રહે; એ માટે શું કરવું જોઇએ? શું કરીએ તો, અંતરિક્ષ લોક બીજા બે લોકોની સરખામણીમાં રહે?

તે હ ઊચુઃ ઉપાંશુ એવ યજુભિશ્ચરામ; તત એષા વિદ્યા ઈતરે વિદ્યે પ્રતિ ભવિષ્યતિ, તતોઽન્તરિક્ષલોક ઈતરૌ લોકૌ પ્રતિભવિષ્યતીતિ ॥ ૧૬ ॥

તે દેવોએ જણાવ્યું: ચાલો આપણે યજુઓથી વાણીનો પ્રયોગ ઉપાંશુ–મંદસ્વરે કરીએ. આમ કરવાથી યજુર્વિદ્યા બીજી બે વિદ્યાઓની સરખામણીમાં રહેશે: અંતરિક્ષ લોક બે લોકની સરખામણીમાં ઉતરશે.

તેઃ ઉપાંશુ અચરન્ । આપ્યાયન્ એવ એનાનિ, તત્ તત એષા વિદ્યા ઈતરે વિદ્યે પ્રત્યાસીત્, તતોઽડન્તરિક્ષલોક ઈતરૌ લોકૌ પ્રત્યાસીત્। તસ્માદ્ યજૂંષિ નિરુકતાનિ સન્તી, અનિરુકતાનિ; તસ્માદ્ અયમ્ અન્તરિક્ષ લોકો નિરુકતઃ સન્ અનિરુક્તઃ ॥ ૧૭ ॥

એ દેવોએ યજુઓથી વાણીનો પ્રયોગ ઉપાંશુ સ્વરે કર્યો; એ રીતે તેમણે વિદ્યાઓમાં પ્રાણ પૂર્યા. તે પછી તે યજુર્વિદ્યા બીજી વિદ્યાઓની સરખામણીમાં રહી. તે રીતે અંતરિક્ષ લોક બીજા બે લોકોની તુલનામાં રહે છે. આથી યજુઓ નિરુકત–સ્પષ્ટ હોવા છતાં, અનિરુકત છે; એ રીતે અંતરિક્ષ લોક નિરુકત હોવા છતાં અનિરુકત છે. ॥ ૧૮ ॥

...... ...... ......

વાગેવ ઋચશ્ચ સામાનિ ચ મન એવ યજૂંષિ । સ ય ઋચા ચ સામ્ના ચ ચરન્તિ, વાક્ તે ભવન્તિ, અથ યે યજુષા ચરન્તિ મનસ્તે ભવન્તિ । તસ્માત્ ન અનભિપ્રેષિતમ્ અધ્વર્યુણા કિંચન ક્રિયતે । યદૈવ અધ્વર્યુ: આહ 'અનુ બ્રૂહિ, યજ' ઇતિ, અથૈવ તે કુર્વન્તિ, યે ઋચા કુર્વન્તિ । યદૈવ અધ્વર્યુ: આહ 'સોમઃ પવતે, ઉપાવર્તધ્વમ્' ઇતિ, અથૈવ તે કુર્વન્તિ, યે સામ્ના કુર્વન્તિ । નોહિ અનભિગતં મનસા વાગ્ વદતિ ॥૧૯॥

જે ઋચાઓ અને સમગાન છે, તે તો વાણીજ છે અને યજુઓ તો મન છે. હવે જે ઋચાથી અને સામગાનથી પ્રયોગ કરે છે; તેમના તે વાણીના પ્રયોગ છે. જે યજુથી પ્રયોગ કરે છે; તે તો તેમનો મનનો પ્રયોગ બને છે. આને કારણે એવો તો વાણીનો

કોઇ પ્રયોગ કરાતો નથી, જેને અધ્વર્યુએ આજ્ઞા આપીને પ્રેરિત કર્યો ન હોય. જ્યારે અધ્વર્યુ જણાવે: 'આ ઋચા બોલો, આ યાજ્યા ભણો;' ત્યારે જે લોકો ઋચાથી વાણીનો પ્રયોગ કરે છે; તે ઋચા અને યાજ્યાનો પ્રયોગ કરે છે. એ રીતે જ્યારે અધ્વર્યુ કહે: 'સોમ પવમાન થાય છે. તેની સાથે તમે પાછા આવો,' ત્યરે સામગાનનો પ્રયોગ કરે છે. મનની અંદર જે સમજાયું ન હોય કે મનમાં જે આવ્યું ન હોય, તે બાબતને વાણી વ્યવહારમાં લાવતી નથી.

તદ્વા એતન્ મનો અધ્વર્યુઃ પુર ઇવૈવ ચરતિ। તસ્માત્ પુરશ્ચરણં નામ। પુર ઇહિ વૈ શ્રિયા યશસા ભવતિ, ય એવમ્ એતદ્ વેદ ॥ ૨૦ ॥

આ રીતે સાચેજ જેમ માનવનું મન વાણીની આગળ આગળ ચાલે છે; એજ રીતે અધ્વર્યુ પણ યજ્ઞના પ્રયોગમાં આગળ આગળ ચાલતો રહે છે; તેથી તો તેને અધ્વર્યુનું પુરશ્ચરણ કહે છે. જે બ્રહ્મવાદી આ રહસ્યને જાણે છે; તે શ્રી અને યશથી સંપન્ન બને છે.

તદ્વા એતદેવ પુરશ્ચરણમ્, ય એષ તપતિ। સ એતસ્ય એવ આવૃતા ચરેદ્ ગ્રહં ગૃહીત્વા એતસ્યૈવ આવૃતમ્ અન્વાવર્તેત પ્રતિગીઃ. યા એતસ્યૈવ આવૃતમ્ અન્વાવર્તેત। ગ્રહં હુત્વા એતસ્યૈવ આવૃતમ્ અન્વાવર્તેત। સ હ એષ ભર્તા, સ યો હ એવં વિદ્વાન્ એતસ્ય આવૃતા શક્નોતિ ચરિતુમ્। શક્નોતિ હૈવ ભાર્યાન્ ભર્તુમ્ ॥ ૨૧ ॥

જે આકાશની અંદર સૂર્ય તપે છે; તે બીજું કાંઇ નથી; પરંતુ તેનું તો આજ પુરશ્ચરણ છે. અધ્વર્યુ એ સૂર્યના પુરશ્ચરણને અનુસરીને પ્રયોગ કરે છે. અને એ રીતે હોતા ઋચા ભણે છે, ત્યારે અધ્વર્યુ ગ્રહને ગ્રહણ કરે છે. જ્યારે ઉદ્ગાતા સામ ગાય છે, ત્યારે તે અધ્વર્યુ ગ્રહને લે છે. એજ રીતે ગ્રહનો હોમ પણ એજ પ્રયોગને અનુસરીને કરે છે. તે અધ્વર્યુ તો ભર્તા છે. હવે જે આ રહસ્યને જાણે છે, તે તો પ્રયોગને અનુસરી ગ્રહને ગ્રહણ કરે છે; તે પોતે ભર્તા બનીને બીજાનાં ભરણ પોષણ કરે છે.

# ● પરિશિષ્ટ-૨

## યજુર્વેદ: વિષય સંકલના

યજુર્વેદ ( શુકલ, માધ્યંદિન વાજસનેય ) સંહિતાના ચાલીશ અધ્યાયો છે અને શતપથ બ્રાહ્મણના ચૌદ કાંડ તેના ભાષ્યરૂપે છે. સંહિતાના પહેલા બે અધ્યાયોમાં દર્શપૂર્ણમાસ ઈષ્ટિની વ્યાખ્યા બ્રાહ્મણના પહેલા કાંડમાં, ત્રીજા અધ્યાયના અગ્નિ-હોત્રની વ્યાખ્યા બીજા કાંડમાં અને ચારથી આઠ અધ્યાય સુધીના પાંચ અધ્યાયોના સોમયાગ–અગ્નિષ્ટોમની વ્યાખ્યા ત્રીજા અને ચોથા કાંડમાં છે.

સોમયાગને 'સૌમ્ય અધ્વર' નામ આપીને, તેની વિશેષતા અને તેના ભાવ-રહસ્યની ગહનતા ઉકેલવાની ચાવી યજુર્વેદની બધીજ સંહિતાઓમાં બતાવી દીધી છે એ રીતે તૈત્તિરીય સંહિતાના પહેલા કાંડના (૨,૩,૪) પ્રપાઠક અને તેની વ્યાખ્યા છઠ્ઠા કાંડના (૧–૬) પ્રપાઠકોમાં સોમયાગની સઘળી બાબતો આવી જાય છે. મૈત્રાયણી સંહિતાના પહેલા કાંડના બીજા અને ત્રીજા તેમજ ચોથા કાંડના (૫–૮) પ્રપાઠકોમાં અધ્વર–સોમયાગનું નિરૂપણ છે. કાઠક સંહિતાના પહેલા ગ્રંથના (૨,૩,૪) સ્થાનકોમાં તેમજ ત્રીજા ગ્રંથના (૩૩,૩૪)સ્થાનકોમાં અધ્વરનું નિરૂપણ છે.

તૈત્તિરીય સંહિતા(સ્વાધ્યાય મંડળ)ની ભૂમિકામાં કાંડાનુક્રમણિકા અને બૌધા-યન, ભારદ્વાજ, આપસ્તંબ વગેરે શ્રૌત–ગૃહ સૂત્રોને અનુસરીને જે વિષય સંકલના કરવામાં આવી છે, તે સંહિતાના પાઠ કરતાં જુદી પડે છે; પરંતુ તે ક્રમ પ્રમાણે સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યકના વિષયોને ગુથવામાં આવે, તે ખૂબજ ઉપયોગી છે.

અંગ્રેજી અનુવાદક એ.બી કીથે તત્તિરીય સંહિતાની ભૂમિકામાં વિષયના સંક-લનનાં કોષ્ઠક આપી( તૈ.સં.કા.સં.મૈ.સં.વા.સં. અને વા. શતપથ બ્રાહ્મણ) આ કાર્ય સરળ બનાવી દીધું છે.

આ બીજી પુસ્તિકા 'સૌમ્ય અધ્વર'માં સોમયાગનું નિરૂપણ કરવામાં ઉપરની માહિતીનો ઉપયોગ કર્યો છે. શરુઆતમાં તે તે સ્થળોના આધાર ટાંકવાનું ઇષ્ટ ગણ્યું છે; પછી બધીજ સંહિતાઓના આધાર નહિ ટાંકતાં, મુખ્યત્વે તૈત્તિરીય સંહિતા, વાજસની સંહિતા અને શતપથ બ્રાહ્મણનાં આધાર સ્થળો બતાવ્યાં છે. કાણ્વસંહિતા અને કાણ્વ શતપથ બ્રાહ્મણનો જુદો ઉલ્લેખ કર્યો નથી; કારણકે

વિષયની નજરે ખાસ ફરક પડતો નથી. તે રીતે કાઠક સંહિતાની સાથે કઠકાપિષ્ઠલ સંહિતા મળતી આવે છે, તેથી તેનો ઉલ્લેખ પણ કર્યો નથી.

મૂલ સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી ઉતારા લીધા છે; તેના ગુજરાતી ભાષાંતરમાં મૂળની ભાષાનો આછો ખ્યાલ આવે; તે પ્રયત્ન કર્યો છે. વિષય સંકલન કરતાં પણ તેનું ધ્યાન રાખ્યું છે; ઉદ્દેશ અભ્યાસી વાચકને વેદની મૂળ શૈલીનો પરિચય કરાવવાનો છે.

યજુર્વેદનું ફલક ઘણું વિસ્તૃત છે; તેને સમગ્ર રીતે આલેખવાનું કામ તો અઘરું છે. અહીં સૂચીકટાહન્યાયે પરિચય થાય; તો પરિચય કેળવી લેવામાં સહાયતા મળી રહે.

## (૧) નવું ઘર પૃ૦ ૭

'आ इदम्–ऐदमगन्म देवयजनम्। વા. સં. ૪,૧

'આ આવી પહોંચ્યા, આ ભૂમિપર... જે દેવયજન ગણાય છે.'

શરુઆતનું એ વાકય 'સૌમ્ય–અધ્વર'ની ભૂમિકા રજૂ કરે છે.

एष वै देवरथो यद् दर्शपूर्णमासौ...इष्ट्वा सोमेन यजते। તૈ. સં. ૨,૫,૬

એ વાકય સોમયાગના અનુસંધાનમાં ઉપયોગી બને છે અને શતપથ બ્રાહ્મણ (૩,૧,૧) તેનો વિસ્તાર કરે છે.

સોમયાગની શરુઆત દેવયજન માટે અગ્નિશાળા રચીને, યજમાને દીક્ષા લેવાની સાથે થાય છે.

## (૨) અતિથિનાં આગમન પૃ૦ ૧૮

રાજા સોમ નવા ઘર–અગ્નિશાળાનો અતિથિ છે. સોમયાગ–અગ્નિષ્ટોમ એકજ દિવસનો વિધિ છે, પરંતુ તેની તૈયારીના ચાર દિવસોમાં બીજે દિવસે પ્રાણયનીય ઇષ્ટિ અને આતિથ્ય ઇષ્ટિ કરવાની છે. તે ઉપરાંત પ્રવર્ગ્ય અને ઉપસદ ત્રણ દિવસ સુધી ચાલૂ રહે છે.

'द्वयं वा इदं न तृतीययमस्ति। सत्यं चैव अनृतं च શ. બ્રા. ૩,૩,૨,૨

આ વાકયે વાસ્તવિક પરિસ્થિતિનું નિરૂપણ કર્યું છે.

'સોમ વનસ્પતિ છે, વૃક્ષવેલીમાં અમૃત સીંચનાર સોમ દેવ છે, પવમાન સોમ દેવોનું અમૃત પાન છે. આકાશના ગ્રહોમાં રવિ પછી સોમ આવે છે.

આમ સોમ વિષે આજસુધી ઘણી વિચારણા થઈ છે અને તે આજે પણ સંશોધનનો વિષય છે. અહીં સૌમ્ય અધ્વરમાં યજ્ઞ પોતે સોમ છે, યજમાન સોમ–સૌમ્ય બને છે અને અતિથિ સોમનાં અર્ચન પૂજન કરી, સૌમ્ય બને છે. સમાજ અને રાષ્ટ્રની સેવામાં સૌમ્ય બનનાર પુરુષ પ્રગતિ સાધે છે; એ રહસ્ય મનોવિજ્ઞાનની

ભૂમિકાને રજૂ કરતાં યજુર્વેદનાં મંત્રો અને બ્રાહ્મણ વાકયોથી ઉકેલવા અહી પ્રયત્ન છે.

### (૩) સહકાર અને સત્કાર પૃ–૨૭

ते चतुर्धा व्यद्रवन् । अन्योन्यस्य श्रिया अतिष्ठमाना । શ. બ્રા, ૩,૪,૨,૧

જે એકમેકની શ્રીને પ્રતિષ્ઠા આપતા નથી. ફકત પોતાનીજ પ્રતિષ્ઠાને આગળ કરતા હોય અને બીજાને વગોવતા હોય; તેમાં ભાગલા પડી જાય છે. આજની રાજ-કારણની દશામાં પણ આ તથ્ય જોવાને મળે છે.

રાષ્ટ્ર રાષ્ટ્રના પ્રતિનિધિઓ સાથે મળે અને સલાહ શાંતિ માટે સંતલસ કરે છે; પરંતુ બંને છૂટા પડે, તેની સાથે સંધિ કરેલા કરાર પણ પળાતા નથી; તેનું કારણ એકજ છે કે: બંનેનાં મન મળતાં નથી. જો મનની ભૂમિકા પર સાથ સહકાર સધાય; તોજ તે કરાર ટકી રહે. આને કારણે શપથવિધિ રાખેલ છે, તેને તાનૂનપાત્ર કહે છે. તેના દેવ વાયુ છે જેનો સુયોગ મનની ભૂમિકા પર સધાય છે:

मनो देवा मनुष्यस्य आजानन्ति इति मनसा संकल्पयति,
तत् प्राणमपि पद्यते, प्राणो वातं वातो देवेम्य आचष्टे यथा
पुरुषस्य मन: । तस्मादेतद् ऋषिणा अभ्यनूक्तम् :
मनसा संकल्पयति तद् वातमपि गच्छति ।
वातो देवेम्य आचष्टे यथा पुरुष ते मन: । શ. બ્રા. ૩,૪,૨,૬

### (૪) મુખ્ય દિવસ પૃ–૩૬

સોમની આહુતિ આપતી વખતે ઉદ્દગાતા સામનાં ગાન–સ્તોત્ર શરુ કરે છે, હોતા ઋચાનાં–સૂકતનાં શંસન કરે છે અને અધ્વર્યુ આહુતિને માટે સોમના ગ્રહ-પાત્રથી અગ્નિમાં આહુતિ આપે છે. આ ત્રણ પ્રક્રિયા સાથે સાથે ચાલે છે:

'ग्रहं वा गृहीत्वा चमसं वा उन्नीय स्तोत्रमुपाकरोति तै. સં ૩,૧,૨ स्तुवते अथ शंसति (શ. બ્રા. ૮,૧,૩,૩) स्तोत्रमग्रे शस्त्रात् आ. श्रौ. ૯,૫૦

સોમયાગનાં ત્રણ સવનની સાથે જીવનની ત્રણ દશાની તુલના છાંદોગ્ય ઉપનિ-ષદમાં કરવામાં આવી છે. તે રીતે શતપથ બ્રાહ્મણમાં પુરુષને જીવનનું પ્રતીક ગણીને તેનું રહસ્ય બતાવવામાં આવે છે. (શ. બ્રા. ૪,૧,૧,)

### (૫) નિત્ય સવન, પૃ–૫૨

उद् वयं तमस: परि स्व: पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥

–ઋગ્વેદ ૧,૫૦,૧૦; અથર્વવેદ ૭,૫૩,૭

–વા.સં. ૨૦,૨૧, તૈ.સં. ૪,૧,૭,૪, તૈ.બ્રા. ૨,૪,૪,૯

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No.
Computer Library Acc No.

## સોમયાગની દેવયજન ભૂમિ

ગામની બહાર વિશાળ જગામાં યજ્ઞશાળાની રચના કરવામાં આવે. તેમાં બે વેદિઓ રચે છે. એક ઇષ્ટિ માટેની વેદિ અને તેની પૂર્વ દિશાએ એક મોટી વેદિ.

આ ઇષ્ટિની વેદિની ઉપર વાંસની શાળા રચાય; તેજ રીતે મહાવેદિની ઉપર પણ કેટલીક શાળાઓ કે મંડપ તૈયાર કરવામાં આવે છે. પશ્ચિમ ભાગના મંડપનું નામ સદસ. મધ્યસ્થાને હવિર્ધાન. મહાવેદિની બંને પડખે બે નાના મંડપ આગ્નીધ્રીય અને માર્જાલીય. અગ્નિઓ માટે

સદસ્ શાળામાં અગ્નિની એક હાર ગોઠવવામાં આવે છે. તેમને ધિષ્ણ્ય અગ્નિઓ કહે છે.

પહેલા ચાર દિવસોમાં પ્રાયણીય, દીક્ષણીય, આતિથ્ય, ઉપસદ્ વગેરે ઇષ્ટિઓ કરવામાં આવે છે, તે માટે ઐષ્ટિક વેદિ પર રહેલા અગ્નિમાં આહુતિઓ અપાય છે. આની આકૃતિ સામે આપી છે.

મહાવેદિના ઉપરના ભાગમાં ઉત્તરવેદિ રચવામાં આવે છે. તેમાં અગ્નિ રાખવામાં આવે છે. ઇષ્ટિના આહવનીય અગ્નિને લાવીને અહીં મૂકવામાં આવે છે.

સોમયાગમાં મુખ્ય આહુતિ સોમરસ છે. તે સોમ હવિ ગણાય છે. એ હવિને જે ગાડીમાં મુકે, તે હવિર્ધાન અને તેને રાખવા માટે હવિર્ધાન મંડપ હોય છે. હવિર્ધાનમાં સોમને મુકી યજમાન, પત્ની, અને ઋત્વિજો મહાવેદિ પાસે જાય છે અને ત્યાં સોમને રાખે છે. પાંચમો દિવસ મુખ્ય સવનનો છે, સવારે સોમલતા વાટી તેનો રસ પાણીમાં મેળવી આહુતિ તૈયાર કરે. તે રસ પવમાન સોમ અને તેની ક્રિયા અભિષવ કે સવન કહે છે. સવારે, બપોરે ને સાંજે આ સવન થાય છે.

ઇષ્ટિમાં ત્રણ અગ્નિઓ. ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણાગ્નિ હોય છે. જ્યારે મહાવેદિ પર આહવનીય અગ્નિ હોય છે.

યજ્ઞની રચના સૃષ્ટિની રચનાને અનુસરે છે. તેની પ્રતિમા માનવનો દેહ છે અને તે માનવ ગૃહસ્થના દેહના માપને અનુસરી યજ્ઞ છે. તે ભાવ મુખ્ય છે.

યજુર્વેદમાં યજ્ઞની મહાવેદિ ગરુડના આકારની બનાવવાનું સૂચન છે. તેનું કારણ આ છે. ગાયત્રી છંદ ગરુડનું રૂપ લઇને સ્વર્ગમાં ગયો હતો અને સોમને પગના નહોરમાં ભરાવી લાવ્યો હતો


હાલ અમેરિકા રાષ્ટ્રના સીલમાં ગરુડપક્ષીની આકૃતિ દોરવામાં આવી છે, જેના જમણા પગના નહોરમાં ઓલિવ વૃક્ષની તેર પાંદડાની ડાળી અને ડાબા પગના નહોરમાં તેર તીર પકડેલાં દેખાય છે. ગરુડની ચાંચમાં એક નાની ધજા છે; જે ઘણા દેશોના લોકોમાંથી રાષ્ટ્ર ઉભું થયું તે દર્શાવે છે. ડાળી શાંતિ અને તીર લઢાઈનું સૂચક છે.

ઓલિવ વૃક્ષની ડાળી, તે સોમવેલની સૂચક છે; જેને ગાયત્રી સ્વર્ગમાંથી લાવી હતી. આમ આખું પ્રતીક ગરુડના આકારની મહાવેદિનું સૂચક છે. જે બતાવનાર મંત્ર આ છે.

सुपर्णोऽसि गरुत्मान्। त्रिवृत् ते शिरो, गायत्रं चक्षुः स्तोम आत्मा साम ते तनू वामदेव्यं, बृहद्रथन्तरौ पक्षौ, यज्ञायज्ञियं पुच्छं छन्दांस्यङ्गानि धिष्णिया : शफा यजूंषि नाम।

—તૈ. સં. ૪, ૧, ૧૦, ૧૪, મૈ. મં ૨, ૭, ૮, ૯૬
કા. સં. ૧૬,૮૫. વા. સં. ૧૨,૪.

# PLAN OF SACRIFICIAL GROUND.




**EXPLANATIONS.**

A = Âhavanîya fire.
C = Gârhapatya fire.
D = Dakshinâgni.
b = Seat of Brahman.
y = Seat of Yajamâna (Sacrificer).

**EXPLANATIONS.**

p = Seat of Patnî (Sacrificer's wife).
h = Seat of Hotri.
a = Seat of Âgnîdhra.
pr = Place for pranîtâh.
u = Utkara (heap of rubbish).

यज्ञं व्याख्यास्यामः । द्रव्यं देवता त्यागः । કાત્યાયન શ્રૌતસૂત્ર ૧,૨,૧–૨

યજ્ઞની વ્યાખ્યા આ છે: તેમાં ત્રણ બાબત આવે છે :

ઘી, જવ, સોમરસ વગેરે હવિ તૈયાર કરવાનાં, તેને યજ્ઞનું દ્રવ્ય કહે છે, અગ્નિ, ઇન્દ્ર, સોમ વગેરે દેવો છે; જેમને હવિર્દ્રવ્ય માટે યજ્ઞમાં બોલાવી આહુતિ આપવામાં આવે છે. યજમાન જે હવિર્દ્રવ્ય વસાવી; તૈયાર કરે, તે ઇન્દ્ર, અગ્નિ વગેરેને સમર્પણ કરે છે; તે દ્રવ્ય ત્યાગ કહેવાય.

આ વ્યાખ્યા પ્રમાણે સોમયાગને અગ્નિષ્ટોમ કહે છે; કારણ કે તે યજ્ઞની સમાપ્તિ વખતે यज्ञा यज्ञा वो अग्नये ઋચા ગવાય છે, તેમાં અગ્નિ છે; તે જ્યોતિ છે, તે ઉપરાંત જ્યોતિ શબ્દથી ત્રિવૃત્, પંચદશ, સપ્તદશ અને એકવિંશ ચાર સ્તોમ ગવાય છે.

હવિની આહુતિ આપતી વખતે વેદના મંત્રોનો પ્રયોગ થાય છે, તે રીતે સોમયાગમાં ઋગ્વેદથી ઋચાઓનાં શંસન, સામવેદથી સામનાં ગાન અને યજુર્વેદથી આહુતિનાં પ્રદાન થાય છે. યજ્ઞમાં કોઈ ઉણપ રહે, તે દૂર કરવા અથર્વવેદના મંત્રોનો પ્રયોગ હોય છે.

યજ્ઞમાં ચાર મુખ્ય ઋત્વિજો અને ત્રણ ત્રણ સહાયકો હોય છેઃ

| | અધ્વર્યુગણ | બ્રહ્મગણ | હોતૃગણ | ઉદ્દગાતૃગણ |
|---|---|---|---|---|
| ૧ | અધ્વર્યુ | બ્રહ્મા | હોતા | ઉદ્દગાતા |
| ૨ | પ્રતિ પ્રસ્થાતા | બ્રાહ્મણાચ્છંસી | મૈત્રાવરુણ(પ્રશાસ્તા) | પ્રસ્તોતા |
| ૩ | નેષ્ટા | આગ્નીધ્ર | અચ્છાવાક | પ્રતિહર્તા |
| ૪ | ઉન્નેતા | પોતા | ગ્રાવસ્તુત્ | સુબ્રહ્મણ્ય |

પહેલાં દેવો યજ્ઞ કરતા હતા; ત્યારે તેમના યજ્ઞમાં અગ્નિ હોતા, આદિત્ય અધ્વર્યુ, ચંદ્રમા બ્રહ્મા, મેઘ–પર્જન્ય ઉદ્દગાતા અને જલનાં અધિષ્ઠાત્રી આપોદેવી બીજા ઋત્વિજો બન્યાં હતાં.

એ રીતે યજમાન સોમયાગમાં દેવોને ઋત્વિજોના રૂપે પસંદ કરે છે અને ત્યારબાદ બ્રહ્મા વગેરે ઋત્વિજોનાં વરણ કરે છે.

## સંકેત

| | | | |
|---|---|---|---|
| ઋ. સં. | ઋગવેદ સંહિતા | તૈ. બ્રા. | તૈત્તિરીય બ્રાહ્મણ |
| અ. સં. | અથર્વવેદ ,, | શ. બ્રા. | શતપથ ,, |
| સા. સં. | સામવેદ ,, | ઐ. આ. | ઐતરેય આરણ્યક |
| તૈ. સં. | તૈત્તિરીય કૃષ્ણ યજુર્વેદ ,, | તૈ. આ. | તૈત્તિરીય આરણ્યક |
| મૈ. સં. | મૈત્રાયણી ,, ,, ,, | | |
| કા. સં. | કાઠક ,, ,, ,, | | |
| વા. સં. | વાજસની શુકલયજુર્વેદ ,, | | |

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No. ____________
____________
Computer Library Acc No.____________
____________
____________

## ઋગ્વેદ પરિચય પુસ્તિકા : ૧ થી ૬ મૂલ્ય રૂા. ૧૨–૫૦

## કેટલાક અભિપ્રાયો

વેદ એ અનુભવનું જ્ઞાન છે. જીવનમાં ઉતારવાનું જ્ઞાન છે. વેદના પાઠ થાય છે. વેદના અર્થો પણ થાય છે. પરંતુ મુદ્દાની વાત આ છે; વેદોનો ભાવ ઉતરવો જોઇએ, વેદ પ્રમાણે જીવન જીવવું જોઇએ; તો જ તે વેદ ઉપયોગી નીવડે. આ શ્રેણી એ ભાવ પેદા કરશે.

— રવિશંકર મહારાજ

શ્વાસ–નિઃશ્વાસની ક્રિયા સહજ સરળ હોય છે; એજ પ્રકારે આ વેદોની બોધવાણી પરમ કૃપાથી પરમેશ્વર પાસેથી સહજ સરળ ભાવે પ્રાચીન ઋષિ મુનિઓને મળેલી છે. આ વેદવાણી જેટલી જૂની છે, એટલીજ નવી છે; જેવી પ્રાચીન છે, એવી જ અર્વાચીન છે.

— स्वामी गङ्गेश्वरानंद उदासीन

વેદોને ભિન્નભિન્ન દૃષ્ટિએ જોવાના પ્રયત્ન થયા છે. એ બધા પ્રયત્ન વિકૃત છે એમ કહેવાનું નથી. પરંતુ જરા વધારે ઊંડા જતાં એમાં એક મહાન દીર્ઘયુગના સમાજનું જીવન ચીતરાયેલું છે તેના તરફ કોઇની દૃષ્ટિ ગઈ નથી. એ દૃષ્ટિએ જો વેદોના અભ્યાસ કરવામાં આવે અને એ સર્વ કોઇને સુલભ કરી દેવામાં આવે તો ભારતના આ અમૂલ્ય સંસ્કારવારસાનો લાભ સૌ કોઇને મળે. આ શ્રેણી એ કાર્ય બજાવે છે.

— કેશવરામ કા. શાસ્ત્રી.

ઋગ્વેદ સંહિતા એક મહાન ગ્રંથ છે. તેમાં વિવિધ ઋષિઓએ વિભિન્ન સમયે અનેક વિષયોને સ્પર્શતી ઋચાઓનું દર્શન કર્યું છે. એ ઋચાઓ સૂક્ત સ્વરૂપમાં આયોજિત કરવામાં આવેલ છે. આ સૂક્તોમાં દૃષ્ટિગોચર થતી ઋચાઓની ભાષા અને વાકય રચના સરળ છે.

શ્રદ્ધેય શ્રી વિષ્ણુદેવ પંડિતે સોમનાં કથાનકોમાં સોમ શું છે. સોમ અને ચંદ્ર તથા સોમ એવં શરીરનો કયો સંબંધ છે; એ બધા પ્રશ્નો વિષે કેટલીક સારભૂત વિગતો આપી છે.

— ભગવતીપ્રસાદ પંડયા.